અમદાવાદ
# એક્સપ્રેસ

127

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

બીજા લગ્ન કરશે એક્ટ્રેસ અદિતિ રાવ... કેવી રીતે સિદ્ધાર્થે કર્યું પ્રપોઝ

પેજ-09

ભારતીય ઑફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનની ઓલટાઇમ IPL-11




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 26.00 |
| વડોદરા | 32.00 | 26.00 |
| સુરત | 30.00 | 27.00 |

પેજ 5



ટાટા હાઉસના તનિષ્કે જ્વેલરી ડેસ્ટિનેશન રિવાહ બાયનું કેમ્પેઇન

**01** SEPTEMBER-2024 SUNDAY

કમલા હેરિસ રાષ્ટ્રપતિ બનશે તો એક વિપક્ષી મંત્રી બનાવશે:તે...



પેજ 10

.....સુવિચાર.....

કિંમત ના હોય ત્યાં વહેંચાવું નહીં, અને કદર ના હોય ત્યાં ઘસાવું નહીં!


વર્ષ-13 । અંક-286 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ન્યાયતંત્રના રક્ષકો સામે મોદીએ વ્યક્ત કરી ચિંતા, ચીફ જસ્ટિસની હાજરીમાં કહ્યું- 'નિર્ણયો ઝડપી આવશે તો વિશ્વાસ વધશે'

# 'મહિલા-બાળકો પર અત્યાચાર ગંભીર વિષય...' PM મોદી

## 'સુપ્રીમ કોર્ટનાં 75 વર્ષ એ માત્ર એક સંસ્થાની યાત્રા નથી, એ ભારતના બંધારણ અને બંધારણીય મૂલ્યોની યાત્રા છે'

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

કોલકાતા રેપ કેસની CBI તપાસ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દેશને તેમની સામેના ગુનાના કેસોમાં ઝડપથી નિર્ણય લેવાની જરૂર છે. આ દરમિયાન દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડ સહિત સુપ્રીમ કોર્ટના ઘણા વરિષ્ઠ ન્યાયાધીશો હાજર રહ્યા હતા. તમને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટે આ મામલાનો સુઓમોટો લીધો હતો અને પશ્ચિમ બંગાળની મમતા સરકાર પર અનેક સવાલો ઉઠાવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે 'આજે મહિલાઓ પર થતા અત્યાચાર, બાળકોની સુરક્ષા, સમાજની ગંભીર ચિંતા છે. દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ આપણે એને વધુ સક્રિય બનાવવાની જરૂર છે એ સંબંધિત છે. મહિલાઓ પરના અત્યાચારના કેસોમાં જેટલી ઝડપથી નિર્ણય લેવામાં આવશે એટલી જ સુરક્ષાની ખાતરી લોકોને મળશે.'

તમને જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાનાં 75 વર્ષની યાદગીરીમાં સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું. તેમણે આ વાત સભાને સંબોધિત કરતાં કહી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ન્યાયમાં વિલંબને દૂર કરવા માટે છેલ્લા દાયકામાં ઘણા સ્તરે કામ કરવામાં આવ્યું છે. છેલ્લાં 10 વર્ષમાં દેશે ન્યાયિક માળખાના વિકાસ માટે લગભગ 8 હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે. છેલ્લાં 25 વર્ષમાં ન્યાયિક માળખા પર વાર્ષિક ખર્ચ કરવામાં આવતી રકમમાંથી 75 ટકા માત્ર છેલ્લાં 10 વર્ષમાં જ ખર્ચવામાં આવી છે.



### મોદીના ભાષણના અન્ય મહત્ત્વના મુદ્દાઓ...

- ભારત ન્યાયમાં વિલંબને દૂર કરવા માટે છેલ્લા એક દાયકામાં ઘણા સ્તરે કામ કરવામાં આવ્યું છે. છેલ્લાં 10 વર્ષમાં દેશે ન્યાયિક માળખાગત સુવિધાઓ પર અંદાજે 8 હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે. છેલ્લાં 25 વર્ષમાં જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચવામાં આવેલી રકમમાંથી 75 ટકા રકમ છેલ્લાં 10 વર્ષમાં જ ખર્ચવામાં આવી છે.અમને ભારતીય ન્યાયિક સંહિતાના સ્વરૂપમાં નવું ભારતીય ન્યાયિક બંધારણ મળ્યું છે. આ કાયદાઓની ભાવના છે- 'સિટિઝન ફર્સ્ટ, ડિગ્નિટી ફર્સ્ટ અને જસ્ટિસ ફર્સ્ટ.' આપણા ફોજદારી કાયદાઓએ આપણને શાસકો અને ગુલામોની સંસ્થાનવાદી માનસિકતામાંથી મુક્ત કર્યા છે.
- છેલ્લાં 10 વર્ષમાં અદાલતોને આધુનિક બનાવવા માટે મિશન સ્તરે કામ કરવામાં આવી રહ્યું છે, જેમાં સુપ્રીમ કોર્ટ અને ન્યાયતંત્રની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આજનો કાર્યક્રમ પણ એનું ઉદાહરણ છે. આગામી બે દિવસમાં પડતર કેસોનું સંચાલન, માનવ સંસાધન અને કાનૂની સમુદાયની સુધારણા સહિતના ઘણા મહત્ત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. એમાં 'ન્યાયિક કલ્યાણ' પરના સત્રનો પણ સમાવેશ થાય છે.
- વાસ્તવમાં કોલકાતા બળાત્કાર-હત્યા કેસ બાદ પશ્ચિમ બંગાળ સરકાર કેન્દ્ર પાસે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સામે કડક કાયદો બનાવવાની માગ કરી રહી છે. આ અંગે સીએમ મમતાએ 22 ઓગસ્ટ અને 30 ઓગસ્ટના રોજ પીએમને બે પત્ર પણ લખ્યા હતા.

મમતાએ 30 ઓગસ્ટના પત્રમાં કહ્યું હતું - મેં 22 ઓગસ્ટે પત્ર લખીને બળાત્કારીને કડક સજા આપવા માટે કાયદો બનાવવાની માગ કરી હતી, પરંતુ આવા સંવેદનશીલ મુદ્દા પર તમારા તરફથી કોઈ જવાબ મળ્યો નથી.

### ભાજપની ઈચ્છા પૂરી થઈ : 5 ઓક્ટોબરે મતદાન

## હરિયાણામાં બદલાઈ ચૂંટણીની તારીખ

## આઠ ઓક્ટોબરે થશે પરિણામ જાહેર!

(એજન્સી) ચંદીગઢ । તા. 31

ચૂંટણી પંચે હરિયાણાની ચૂંટણીની તારીખમાં ફેરફાર કર્યો છે. હવે રાજ્યમાં 1લી ઓક્ટોબરના બદલે 5મી ઓક્ટોબરે મતદાન થશે. તે જ સમયે, હરિયાણા




અને જમ્મુ-કાશ્મીર બંને રાજ્યોમાં મત ગણતરીની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બંને રાજ્યોમાં મતગણતરી હવે 4 ઓક્ટોબરને બદલે 8 ઓક્ટોબરે થશે. ચૂંટણી પંચે હરિયાણામાં મતદાનની તારીખ લંબાવી છે. રાજ્યમાં હવે 5 ઓક્ટોબરે મતદાન થશે જ્યારે 8 ઓક્ટોબરે પરિણામ જાહેર થશે. અગાઉ, રાજ્યમાં 1 ઓક્ટોબરે મતદાન થવાનું હતું, જ્યારે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી સાથે 4 ઓક્ટોબરે પરિણામો જાહેર થવાના હતા. હવે બંને રાજ્યોના ચૂંટણી પરિણામો 8 ઓક્ટોબરે જાહેર થશે. ચૂંટણી પંચ દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે.

**ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક :** ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ગુરુવારે નવી દિલ્હીમાં આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોના નામ પર વિચાર મંથન કર્યું હતું. આ મહત્વપૂર્ણ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય ચૂંટણી સમિતિના અન્ય સભ્યો એટલે કે CEC ઉપસ્થિત રહ્યા હતા.

### કેરળમાં RSSની 3 દિવસીય બેઠક શરૂ

(એજન્સી) પલક્કડ । તા. 31

કેરળના પલક્કડમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની 3 દિવસીય વાર્ષિક સંકલન બેઠક શનિવારે સવારે 9 વાગ્યે શરૂ થઈ હતી. આ બેઠકમાં RSSના સરસંઘચાલક મોહન ભાગવત, સહકાર્યવાહ દત્તાત્રેય હોસબોલે અને તમામ સહકાર્યવાહ હાજર છે. આ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને સંગઠન મહાસચિવ બીએલ સંતોષ પણ બેઠકમાં પહોંચ્યા. બેઠકમાં વાયનાડમાં ભૂસ્ખલનમાં RSS દ્વારા કરવામાં આવેલી મદદ અંગે માહિતી અપાઈ હતી.

### જનતા દરબાર દરમિયાન હુમલો : આરોપીની અટકાયત

## બેગુસરાયમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ પર હુમલો

### પોલીસે આમ આદમી પાર્ટીના નેતા મોહમ્મદ સૈફીની અટકાયત કરી

(એજન્સી) બેગુસરાય । તા. 31

બિહારના બેગુસરાયમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહની જનતા દરબારમાં ભારે હોબાળો થયો હતો. ગિરિરાજ સિંહે આમ આદમી પાર્ટી પર હંગામો મચાવવાનો આરોપ લગાવ્યો છે. પોલીસે આમ આદમી પાર્ટીના નેતા મોહમ્મદ સૈફીની અટકાયત કરી છે. ગિરિરાજ સિંહ લોકોની સમસ્યાઓ સાંભળી રહ્યા હતા, ત્યારે હોબાળો શરૂ થયો હતો. મળતી માહિતી મુજબ, બેગુસરાયના બલિયામાં આયોજિત જનતા દરબાર શનિવારે સમાપ્ત થતાંની સાથે જ મોટો હોબાળો થયો. આ કાર્યક્રમ પૂરો થયા બાદ કેન્દ્રીય કાપડ મંત્રી અને સાંસદ ગિરિરાજ સિંહ પર એક યુવકે હુમલો કર્યો હતો.



**જનતા દરબાર દરમિયાન હુમલો**

હકીકતમાં, જનતા દરબાર પછી, જ્યારે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે શાહજાદુઝમાએ માઈક પકડીને કંઈક બકવાસ કહેવાનું શરૂ કર્યું. જેનો ભાજપના કાર્યકરોએ વિરોધ પણ કર્યો હતો. આ દરમિયાન શાહજાદુઝમાએ અચાનક મુર્દાબાદના નારા લગાવવાનું શરૂ કરી દીધું હતું. તેણે ગિરિરાજ સિંહને મુક્કો મારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સુરક્ષાકર્મીઓએ તેને પકડી લીધો હતો. હુમલો કરનાર યુવકની ઓળખ વોર્ડ કાઉન્સિલર શહઝાદુઝમા ઉર્ફે સૈફી તરીકે થઈ છે, જે લખમીનિયાના રહેવાસી છે. સ્થિતિ બગડતી જોઈને શહઝાદુઝમાને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો પરંતુ તેઓ ગુસ્સે થઈ ગયા અને કેન્દ્રીય મંત્રી પર હાથ ઉપાડવાનો પ્રયાસ કર્યો.

**આરોપીની અટકાયત :** કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ પર થયેલા આ અચાનક હુમલાથી ત્યાં અરાજકતા સર્જાઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને શહઝાદુઝામાને કસ્ટડીમાં લઈ તેની પૂછપરછ કરી રહી છે. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પૂછપરછ બાદ જ ખબર પડશે કે યુવકે આ પગલું કેમ ભર્યું.

### કોલકાતામાં ઉડાન ભર્યાની થોડી જ મીનિટોમાં ઈન્ડિગો ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ



કોલકાતા | કોલકાતાથી બેંગ્લોર જઈ રહેલી ઈન્ડિગો ફ્લાઈટ 6E 0573 શુક્રવારે રાત્રે ઉડાન ભર્યાની થોડી જ મિનિટોમાં એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા ફ્લાઈટને અહીં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. ફ્લાઈટના મિડ એરમાં એન્જિન ફેલ થવાને કારણે તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. હાલમાં, ક્રૂ અને ક્રૂ મેમ્બર સહિત વિમાનમાં સવાર તમામ 173 મુસાફરો સુરક્ષિત છે. એક અહેવાલ મુજબ, શુક્રવારે (30 ઓગસ્ટ) રાત્રે કોલકાતા એરપોર્ટના રનવે પર ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી.

### રામદેવ ફરી ફસાયા... પતંજલિના દંતમંજનમાં નોન-વેજના અંશ દેખાતા દિલ્હીમાં ફરિયાદ

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

બાબા રામદેવ ફરી મુશ્કેલીમાં આવી ગયા છે. તેમની મુસિબતમાં એક પછી એક વધારો થઈ રહ્યો છે. પતંજલિના દંતમંજન વેજીટેરિયન હોવાનો દાવો કરી એને વેંચવામાં આવે છે. જોકે એ નોન-વેજ હોવાનું જાણ થતાં એના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે. દિલ્હી હાઈ કોર્ટ દ્વારા એ ફરિયાદને ધ્યાનમાં રાખીને નોટિસ જાહેર કરવામાં આવી છે.

જસ્ટિસ સંજીવ નરુલાની બેન્ચ દ્વારા પતંજલિ, દિવ્ય ફાર્મસી, બાબા રામદેવ, કેન્દ્ર સરકાર અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને નોટિસ મોકલવામાં આવી છે. આ સુનાવણી હવે નવેમ્બરમાં કરવામાં આવશે.

આ ફરિયાદ વકીલ યતિન શર્માએ દાખલ કરી છે. યતિન શર્માનાની ફરિયાદ બાદ તેનો કેસ વકીલ સ્વપ્નિલ ચૌધરી અને પ્રશાંત ગુપ્તા



લડી રહ્યાં છે. તેમણે કહ્યું કે દિવ્ય દંતમંજનના પેકેટ પર ગ્રીન ડોટ દેખાડવામાં આવી રહ્યું છે. ગ્રીન ડોટનો મતલબ વેજીટેરિયન છે, પરંતુ આ દંતમંજનમાં માછલીના અંશો મળી આવ્યા છે. આ અવશેષ નોન-વેજની કેટેગરીમાં આવે છે. આ ફરિયાદમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કાયદા મુજબ દવાને વેજ અથવા તો નોન-વેજની કેટેગરીમાં રાખવાની જરૂર નથી. જોકે આ દંતમંજન પર ગ્રીન ડોટ છે જે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ મુજબ ખોટી રીતે બ્રાન્ડિંગ કરવામાં આવી રહ્યું છે.

### રાત્રે ડ્યુટી કરનારા 35 ટકા ડોક્ટર અસુરક્ષિતઃ IMAના સર્વેમાં ખુલાસો

નવી દિલ્હી । આઈએમએ દ્વારા ડોક્ટરોની સુરક્ષા અંગે કરવામાં આવેલા નવા સર્વેમાં ચિંતાજનક માહિતી સામે આવી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અભ્યાસમાં રાત્રે ડ્યુટી કરનારા 35.5 ટકા ડોક્ટર 'અસુરક્ષિત' અથવા 'અતિ અસુરક્ષિત' અનુભવે છે. જેમાં મહિલા ડોક્ટરોની સંખ્યા વધુ છે. આઈએમએના આ ઓનલાઈન સર્વેમાં 22 રાજ્યોના 3885 ડોક્ટર જોડાયા હતા, જેમાં 63 ટકા મહિલા ડોક્ટર હતી. સર્વેમાં કેટલાક ડોક્ટરોએ જણાવ્યું કે તેઓ સુરક્ષા માટે તેમની પાસે ચપ્પુ કે પેપર સ્પ્રે રાખતા હોય છે. સર્વેમાં જોડાયેલા 85 ટકા યુવાન ડોક્ટરોમાં વધુ ભય જોવા મળ્યો હતો. 20થી 30 વર્ષના ડોક્ટરોમાં અસુરક્ષાની ભાવના વધુ જોવા મળી હતી. સર્વેક્ષણમાં આ વાત સામે આવી કે ડ્યુટી રૂમની પણ અછત છે અને જેમને ડ્યુટી રૂમની સુવિધા ઉપલબ્ધ છે ત્યાં પ્રાઈવેસીની અછત હતી અને ઘણાં રૂમમાં તાળા પણ નહોતા.

### મેઘરાજાએ મચાવ્યો હાહાકાર..!

## હિમાચલ પ્રદેશમાં 72 રસ્તા બંધ, અનેકના મોત, જનજીવન પ્રભાવિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

હિમાચલ પ્રદેશમાં વરસાદને પગલે 72 રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, બંધ કરાયેલા 72 રસ્તાઓમાંથી 35 શિમલામાં, 15 મંડીમાં, 9 કુલ્લુમાં અને ઉના, સિરમૌર અને લાહૌલ અને સ્પિતિ જિલ્લામાં એક-એક રસ્તા છે.

તેમના જણાવ્યા અનુસાર રાજ્યમાં વરસાદને કારણે 10 વીજળી અને 32 પાણી પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે. કેન્દ્રના જણાવ્યા અનુસાર, 27 જૂને ચોમાસાના આગમનથી, રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં 150 લોકોના મોત થયા છે.



**વરસાદને કારણે ભારે નુકસાન**

વરસાદના કારણે રાજ્યને 1265 કરોડનું નુકસાન થયું છે. શુક્રવાર સાંજથી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. સ્થાનિક હવામાન કચેરીએ 2 સપ્ટેમ્બરે રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની 'યલો' ચેતવણી જારી કરી છે.

### મમતા બેનર્જી વિધાનસભામાં રજૂ કરશે બિલ

## પશ્ચિમ બંગાળમાં રેપના દોષિતને 10-દિવસમાં મોતની સજા

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

મમતા બેનર્જીની સરકાર પશ્ચિમ બંગાળમાં રેપ કરનારને અલગથી મોતની સજા આપવા માટે વિધાનસભામાં બિલ રજૂ કરશે.

મમતા બેનર્જીની સરકારે આ બિલને કેબિનેટની મંજૂરી આપી દીધી છે. આ બિલ પશ્ચિમ બંગાળ વિધાનસભાના બે દિવસીય વિશેષ સત્રમાં પસાર કરવામાં આવશે અને બાદમાં રાજ્યપાલને મંજૂરી માટે મોકલવામાં આવશે. આ મુદ્દે જોરદાર વિવાદ સામે આવ્યો છે અને રાજકારણ પણ શરૂ થઈ ગયું છે.



**એન્ટી રેપ બિલ કેમ રજૂ કરશે મમતા?**

- આ કાયદો પસાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય કાર્યવાહી અને નિર્ણયની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે.
- મમતા બેનર્જી અને તેમની સરકાર 10 દિવસમાં આરોપી રેપિસ્ટને ફાંસીની સજા આપવા માંગે છે.
- મમતા ઈચ્છે છે કે ગુનો થયાના 10 દિવસની અંદર કેસ ચલાવવામાં આવે અથવા વ્યક્તિ દોષિત સાબિત થાય.
- પશ્ચિમ બંગાળ સરકારની કેબિનેટ બેઠકમાં બિલના ડ્રાફ્ટને મંજૂરી આપવામાં આવી છે.
- 2 અને 3 સપ્ટેમ્બરે વિધાનસભાના વિશેષ સત્રમાં બિલ પસાર કરવામાં આવશે.

**એન્ટી રેપ બિલ પર હંગામો :** કોલકત્તા હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ અરુણાભ ઘોષના કહેવા મુજબ રાજ્ય સરકાર માટે રાજ્યમાં મૃત્યુદંડ પર કાયદો લાવવાની કોઈ જોગવાઈ નથી. આ માત્ર લોકસભા અને રાજ્યસભા દ્વારા જ થઈ શકે છે, જેને ફરીથી સુપ્રીમ કોર્ટ રદ્દ કરી શકે છે, મમતા બેનર્જી જે કંઈ કરી રહી છે તે માત્ર રાજકારણ માટે છે. આ બિલને કોઈ માન્યતા અને નિર્ણય લેવાની સત્તા નથી. આ બિલનું રાજકીય લાભ સિવાય કોઈ ભવિષ્ય નથી.

**રેપ વિરોધી બિલના ડ્રાફ્ટમાં શું છે?**

રેપ અને હત્યાના કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં થવી જોઈએ. ઝડપી તાત્કાલિક તબીબી તપાસ. દોષિત ઠેરવવા પર તાત્કાલિક મૃત્યુદંડ. રાજ્યને મૃત્યુદંડ લાદવાનો અલગ અધિકાર છે. કેન્દ્રએ પણ રેપ અને હત્યાના કેસોની સુનાવણીને ફાસ્ટ ટ્રેક પ્રક્રિયામાં ફેરવવી જોઈએ.

### શું રદ થશે વક્ફ બિલ 2024? JPCમાં ઘમસાણ

નવી દિલ્હી | કેન્દ્રની મોદી સરકારે ગત સંસદ સત્ર દરમિયાન લોકસભામાં વક્ફ સંશોધન બિલ 2024 રજૂ કર્યો હતો. જો કે, વિપક્ષના ભારે વિરોધ બાદ આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) માં મોકલવામાં આવ્યું હતું. હવે જેપીસીની બેઠકમાં પણ આ બિલ પર ઘમસાણ થયાના સમાચારો સામે આવ્યા છે. બેઠકમાં ભાજપ અને વિપક્ષના સાંસદો વચ્ચે બિલ પર ઉગ્ર બોલાચાલી થઈ હતી, ત્યાર બાદ સમિતિએ હવે બિલમાં પ્રસ્તાવિત ફેરફારો કરવા 15 દિવસની અંદર લોકો, નિષ્ણાતો અને વિવિધ સંસ્થાનો પાસેથી અભિપ્રાય માંગ્યા છે. ભાજપ સાંસદ જગદંબિકા પાલની અધ્યક્ષતા વાળી 31 સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિની બે બેઠકો થઈ છે.

### બાંદીપોરામાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ

## એલઓસી પર જવાનોએ આતંકવાદીઓને ઠાર કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

ભારતીય સુરક્ષા દળોએ ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના ગુરેઝ સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) પર ઘૂસણખોરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. LoCની વાડ પાસે આતંકવાદીઓની ગતિવિધિ જોવા મળ્યા બાદ એલર્ટ જવાનોએ ચેલેન્જ જારી કરી હતી. ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓ દ્વારા ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું, જેના જવાબમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર કર્યો હતો. આ પછી એન્કાઉન્ટર શરૂ થયું.

30 ઓગસ્ટે સેનાએ ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા પર બે અલગ-અલગ ઓપરેશનમાં ત્રણ ઘૂસણખોરોને ઠાર કર્યા હતા.સૈન્ય અધિકારીઓએ



જણાવ્યું હતું કે કુપવાડા જિલ્લાના તંગધારમાં 28-29 ઓગસ્ટની મધ્યવર્તી રાત્રે સંભવિત ઘૂસણખોરીના પ્રયાસો વિશે ગુપ્ત માહિતી મળ્યા બાદ ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન શરૂ કરાયું હતું. કુપવાડા જિલ્લાના માછિલમાં એલઓસી પર શંકાસ્પદ ગતિવિધિઓની માહિતી મળ્યા બાદ તે જ સમયે અન્ય સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

# દ્વારકામાં વરસાદ બાદ સાફ સફાઈ તેમજ દવા છંટકાવની કામગીરી શરૂ કરાઈ





દ્વારકા ખંભાળિયા | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ બાદ વિસ્તારોમાં ભરાયેલા પાણીનો નિકાલ, સફાઈ કામગીરી તેમજ રોગચાળો ના ફેલાય તે માટે દવા છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ખંભાળિયા શહેરના વિવિધ વિસ્તારોમાં રોગચાળો ફાટી ન નીકળે તે માટે નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરી દવા છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાની સૂચના અન્વયે જિલ્લાની નગરપાલિકાઓમાં વરસાદ બાદ તાત્કાલિક ધોરણે ભરાયેલા પાણીનો નિકાલ થાય, એ વિસ્તારોમાં રોડ રસ્તાની યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવે, લોકોની અવરજવર માટે રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તથા લોકોના આરોગ્ય માટે દવા છંટકાવ સહિતની કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદે વિરામ લેતાં નગરપાલિકા તંત્ર દ્વારા સાફ સફાઈ અને લોકોના આરોગ્યને પ્રાથમિકતા આપવામાં આવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના તમામ વોર્ડમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને પગલે ઘણાખરા સ્થળોએ વીજ પુરવઠો ક્ષતિગ્રસ્ત થયો હતો. જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યા માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનજીવન પૂર્વવત કરવા પૂરજોશમાં કામગીરી કરવામાં આવી રહી છે.

પ્રભારી સચિવ એમ. એ.પંડ્યા તથા જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યા માર્ગદર્શનમાં પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો પૂર્વવત કરવા વિકટ પરિસ્થિતિમાં પણ યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો પૂર્વવત કરી ઉજાસ ફેલાવવા માટે ચીફ એન્જિનિયર રાજકોટ આર.જે.વાળાના નેતૃત્વમાં રાજકોટની 10 ટીમો તથા ખંભાળિયા ડિવિઝનમાં 30 તથા દ્વારકા ડિવિઝનમાં 45 ડિવિઝનમાં વિભાગીય તથા કોન્ટ્રાકટરના સહિયારા પ્રયાસોથી ક્ષતિગ્રસ્ત વીજપોલને રીસ્ટોર કરવામાં આવી રહ્યા છે.

### ન્યૂઝ કોર્નર

## પાલનપુર પોલીસે બે લાખ રૂપિયાના દારૂનો નાશ કર્યો

બનાસકાંઠા | પાલનપુર તાલુકા પોલીસે છેલ્લા બે વર્ષ દરમિયાન પકડાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો છે જેમાં કુલ 61,572 જેટલી બોટલો પર રોલર ફેરવી દેવાયું હતું. જેમાં તાલુકા પીઆઇ, ડીવાયએસપી, પ્રાંત અધિકારી સહિત અધિકારી હાજર રહી ચિત્રાસણી ખાતે રોલર ફેરવી દેવાયું હતું. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે છેલ્લા બે વર્ષ દરમિયાન પકડાયેલા 61576 વિદેશી દારૂની બોટલો અને બિયર મળી કુલ 1 કરોડ 13 લાખથી વધુના વિદેશી દારૂ પર રોલર ફેરવી દેવામાં આવ્યું હતું. પાલનપુર તાલુકાના ચિત્રાસણી જગ્યામાં ડમ્પર દ્વારા વિદેશી દારૂ પહોંચાડી બોટલો ખુલ્લી કરી ગોઠવવામાં આવી હતી. જ્યાં હાજર અધિકારીઓની હાજરીમાં GCB અને બુલડોઝર ફેરવી વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

## સુરતમાં એક વર્ષમાં 22 બાંગ્લાદેશીની ઘૂસણખોરી...

સુરત | ઔદ્યોગિક શહેર સુરતમાં છેલ્લા એક વર્ષમાં (2023-24) ગેરકાયદેસર રીતે આવેલા 22 જેટલા બાંગ્લાદેશીની ધરપકડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. ઘૂસણખોરી કરી લેતા હોય છે, પરંતુ જ્યારે એમને પરત મોકલવાની વાત આવે ત્યારે આ જટિલ પ્રક્રિયામાં વર્ષો લાગી જાય છે. 10થી 15 હજાર રૂપિયા આપીને ગેરકાયદેસર રીતે ભારત આવેલા બાંગ્લાદેશીઓની ધરપકડથી લઈ પરત બાંગ્લાદેશ સુધી મોકલવાની સમય મર્યાદામાં સરકારને તેમની ઉપર લાખો રૂપિયા ખર્ચ કરવા પડે છે. તેમને નજર કેદ રાખવામાં આવે છે અને પોલીસ દ્વારા વારંવાર તેમની તપાસ કરવામાં આવે છે. આ લોકો પાસેથી પોલીસને ભારતના બોગસ ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા હતા. આ મામલે સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે વર્ષ 2023-24માં 15 કેસ કરી 22 બાંગ્લાદેશીની ધરપકડ કરી છે.

### બહારની પ્લેટમાં ખાતાં પહેલાં સાચવજો, કોલેરાગ્રસ્ત વિસ્તારોમાં શું પ્રતિબંધ? બચવા માટેના ઉપાયો...

# રાજ્યમાં વરસાદ માહોલ વચ્ચે કોલેરાનો ખતરો...!

**રાજકોટ | આજથી ગુજરાત પરથી અતિભારે વરસાદની ઘાત ટળી રહી હોય તેવું લાગી રહ્યું છે. એક અઠવાડિયા સુધી મેઘરાજાએ ગુજરાતને બાનમાં લીધું હતું અને ધોઈ નાંખ્યું હતું. હવે વરસાદ બાદ રાજ્યમાં કોલેરાનો ખતરો મંડરાઈ રહ્યો છે. રાજકોટમાં અત્યારસુધીમાં 19 કોલેરાના કેસ નોંધાતા 4 વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં પણ અવાનવાર રેસ્ટોરન્ટ, હોટલ, ફૂડ કોર્ટમાંથી જીવજંતુઓ નીકળે છે. ત્યારે લોકોએ હાલ બહારનું ખાતા પહેલા ચેતવું જરૂરી છે. કોલેરાગ્રસ્ત વિસ્તારોમાં કઈ વસ્તુઓ પર વેચાણ કરવા પર પ્રતિબંધ હોય છે તે આરોગ્ય વિભાગે વિગતે માહિતી આપી છે. તેમજ કોલેરાથી બચવા માટેના ઉપાયો પણ સૂચવ્યા છે. ગુજરાતમાં ચાર મહાનગરોમાં જાન્યુઆરીથી અત્યારસુધીમાં 253 કેસ નોંધાયા છે. અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગ સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં વધતા હોય છે તેવામાં આ વર્ષે એટલે કે વર્ષ 2024માં જાન્યુઆરી મહિનાથી અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાં કુલ 193 કોલેરાના કેસ નોંધાયા છે અને ઓગસ્ટ મહિનામાં 22 કેસ સામે આવ્યા છે**



## રાજકોટમાં કોલેરાએ માથું ઊંચક્યું

રાજકોટ શહેર અને જિલ્લામાં કોલેરાએ ભરડો લીધો હોય તેમ જિલ્લામાં 19મો તો શહેરમા છઠ્ઠો કેસ સામે આવ્યો છે. ઉપલેટામાં 2 બાળકોના મોત થયા હતા. પરંતુ રાજકોટ શહેરમાં કોલેરાથી અત્યારસુધીમાં એકપણ મોત થયું નથી. ત્યારે શહેરના સાંગણવા ચોક પાસે આવેલી કોટક શેરીમાં 43 વર્ષીય મહિલાને કોલેરા હોવાનું સામે આવ્યા બાદ આસપાસનો 2 કિમીનો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આસપાસના 250 ઘરોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. બોરવેલનુ પાણી પીવાથી મહિલા કોલેરાગ્રસ્ત થઈ હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જોવા મળ્યું છે. જો કે, કોલેરાથી બચવા માટે વરસાદી સિઝનમાં બહારનું પાણી કે ખાદ્યચીજોનું સેવન ન કરવું જોઈએ તેવું સૂચન તબીબો દ્વારા કરાયું છે.

## સુરતમાં અત્યારસુધીમાં 13 કેસ નોંધાયા

સુરત સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી પ્રમાણે સુરત શહેરમાં જૂન મહિનામાં એક પણ કોલેરાનો કેસ નોંધાયો ન હતો. જ્યારે જુલાઈ મહિનામાં ચોમાસા દરમિયાન કોલેરાના 12 જેટલા કેસ નોંધાયા હતા. ઓગસ્ટ મહિનામાં એક જ કેસ સામે આવ્યો છે. જેથી અત્યાર સુધીમાં આ સિઝનમાં 13 જેટલા કોલેરાના કેસ સુરતમાં નોંધાયા છે.

## કોલેરાગ્રસ્તવિસ્તારમાંશુંધ્યાનરાખવું?

આ સાથે જ જ્યાં કોલેરાનો કેસ સામે આવે તેની આસપાસના બે કિલોમીટરના વિસ્તારમાં ચોક્કસ ગાઈડલાઈન લાગુ પડે છે. આરોગ્ય અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનના અમલ સ્વરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ ગણાતા કલેક્ટર દ્વારા આસપાસના બે કિલોમીટરના વિસ્તારમાં પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવે છે. જેમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા વેપારીઓએ ચીજવસ્તુઓ ઢાંકીને તથા કાચની પેનલમાં રાખવી, પીવાના પાણીથી જ બરફ બનાવવો, બરફ, ગોલા કે ગુલ્ફીના માવાનું વેચાણ ન કરવું. તેમજ શેરડીનો રસ કે ગોલા ડિસ્પોઝેબલ ગ્લાસ કે બાઉલમાં જ આપવાના રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના રામનાથપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. તોરલ શાહે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વોર્ડ નંબર 7ની હેઠળ આવતા રામનાથપરા આરોગ્ય કેન્દ્રનો આ વિસ્તાર છે. જ્યાં કોટક શેરી નંબર 1માં મારૂતિ એપાર્ટમેન્ટમાં 43 વર્ષે મહિલા કોલેરાગ્રસ્ત થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં મંગળવારે સવારે ડાયરિયા થઈ જતા ત્રણ કલાકમાં જ 40 વખત ટોઈલેટ જવું પડ્યું હતું. જે બાદ આ મહિલાની તબિયત ગંભીર થતાં તેને 108 મારફત સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જે મહિલા હાલ હોસ્પિટલમાં સ્ટેબલ છે.

## શુંનખાવુંઅનેશુંપીવું?

વિસ્તારમાં કોલેરાનો કેસ સામે આવ્યો હોવાની માહિતી મળતા જ અમે અહીં ટીમ સાથે પહોંચી ગયા હતા અને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આસપાસના 250 જેટલા ઘરોમાં 8 ટીમ બનાવી તપાસ કરી રહ્યા છીએ. આ એપાર્ટમેન્ટમાં પાણીના બે સ્ત્રોત છે. કોર્પોરેશન અને બોરવેલ બંનેનું પાણી અહીં આવે છે. જેથી બંને પાણીના સેમ્પલ તપાસ માટે લેવામાં આવેલા છે. આ એપાર્ટમેન્ટમાં 4 માળમાં 12 બ્લોક છે અને તેમાં 45 લોકો વસવાટ કરે છે. અહીં મોટાભાગે લોકો બોરવેલનું પાણી પીવે છે. અહીં આસપાસ રહેતા લોકોનું ચેકિંગ કરવામાં આવતા હાલ કોઈને ડાયરિયા, ઉલટી કે તાવના કેસ નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વરસાદની આ સિઝનમાં બહારનું પાણી અને બહારના ખાદ્ય પદાર્થનું સેવન કરવાનું ટાળવું જોઈએ.

## પીવાનું પાણી ક્લોરિનેશન કર્યા બાદ જ ઉપયોગમાં લેવું

રાજકોટ શહેરમાં કોલેરાના સંભવિત રોગચાળાને ફેલાતો અટકાવવા રાજકોટ જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રભવ જોષીએ 30 સપ્ટેમ્બર સુધી રાજકોટ શહેરના કોલેરાગ્રસ્ત/કોલેરા ભયગ્રસ્ત ખોડિયારનગર, પુનીતનગર પાસે, વાવડી પાસેના વિસ્તાર તથા આજુબાજુના 2 કિલોમીટરના વિસ્તારમાં કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીની નિમણુક કરવામાં આવી છે. ઉપરાંત પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે. વધુમાં જણાવ્યા મુજબ, બરફના કારખાનેદારોએ બરફ બનાવવા માટે પીવાલાયક પાણી જ વાપરવાનું રહેશે. ખાદ્ય પદાર્થ બનાવવા કે ઠંડા પીણા માટે બરફનો સીધો ઉપયોગ કરી શકાશે નહીં. પાણી મેળવવા માટે નળ કનેક્શનના સ્થળે ખાડા ખોદીને પાણી મેળવવામાં, પાણી દૂષિત થવાની શક્યતા રહેલી હોવાથી ખાડા ખોદી પાણી ન મેળવવું. શહેરના તમામ મકાનોમાં આવેલા ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી સાફ કરાવી લેવી અને પીવાનું પાણી ક્લોરિનેશન કર્યા બાદ જ ઉપયોગમાં લેવું.

## અમદાવાદ હાઈવે પરથી 6 અને 3 ફૂટના મહાકાય મગરનું રેસ્ક્યૂ કરાયું

(એજન્સી) પંચમહાલ | તા. 31

ગોધરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમિયાન જળચર પ્રાણીઓ આવી જવાની ઘટનાઓ દિન પ્રતિદિન બનતી રહે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે ગોધરા શહેરના અમદાવાદ હાઈવે માર્ગ ઉપર આવેલ સીમલા કબાડી માર્કેટ ખાતે એક મહાકાય મગર અને તેનું બચ્ચા ઘૂસી જતા અફરાતફરી મચી જવા પામી હતી. જ્યારે મહાકાય મગર અને તેના બચ્ચાને દેખતા મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડ્યા હતા અને સ્થાનિક લોકોએ તાત્કાલિક નેચર હેલ્પ ફાઉન્ડેશનની ટીમને કોલ કરીને જાણ કરી હતી. આથી નેચર હેલ્પ ફાઉન્ડેશનની ટીમે ગોધરા ફાયર બ્રિગેડ વિભાગ અને ફોરેસ્ટ વિભાગ તથા જય માતાજી ફાઉન્ડેશનની ટીમને સાથે રાખી એક મહાકાય મગર અને તેના બચ્ચાનું રેસ્ક્યૂ કરીને અને સલામત સ્થળે છોડી મુક્યો હતો.

ઋતુ દરમિયાન પંચમહાલ જિલ્લા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા જળસ્થાનો પર મગરો આવી જવાની ઘટના બને છે. ત્યારે નેચર હેલ્પ ફાઉન્ડેશન દ્વારા વિવિધ જગ્યાઓ સરીસૃપ સહિત જનાવરોનું રેસ્ક્યૂ કરી સલામત જગ્યાએ છોડી મૂકવાની ઉમદા કામગીરી કરી રહ્યા છે.

## વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલ રણજીતપર-બાલંભા રોડ માર્ગ-મકાન વિભાગે 12 કલાકમાં જ પુનઃકાર્યાન્વિત કર્યો

(એજન્સી) જામનગર | તા. 31

જામનગર જિલ્લામાં થયેલ ભારે વરસાદના કારણે સમગ્ર જિલ્લાના સ્ટેટ તથા પંચાયત હસ્તકના 54 જેટલા માર્ગો અસરગ્રસ્ત બન્યા હતા. જેમાંના મોટાભાગના માર્ગો માર્ગ અને મકાન વિભાગે રાત દિવસ કામગીરી કરી પુનઃકાર્યરત કર્યા છે. ત્યારે જામનગર જિલ્લાનો આવો જ એક માર્ગ રણજીતપર-બાલંભા કે જે ભારે વરસાદી પ્રવાહમાં મહત્તમ ધોવાઈ ગયેલ હતો અને વાહનોની અવર જવર માટે બંદ થયો હતો. તે માત્ર 12 કલાકના ટૂંકાગળામાં જ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી લોકોની અવરજવર માટે કાર્યરત કરાયો છે.

જામનગર માર્ગ અને મકાન વિભાગ વિભાગના કાર્યપાલક ઈજનેર વિજય ગોસ્વામીએ આ અંગે જણાવ્યું છે કે, રણજીતપર-બાલંભા એકમાત્ર માર્ગ છે કે જે રણજીતપર ગામને જોડે છે. વરસાદનું પાણી ઓવરટોપ થવાથી આ માર્ગ મહતમ સ્થળે ધોવાઈ ગયો હતો અને લોકોની અવરજવર માટે બંધ થયો હતો. અને માર્ગ બંધ થતા રણજીતપર ગામ સંપર્ક વિહોણુ બન્યું હતું. વરસાદ રોકાતા માર્ગ મકાન વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી રાત દિવસ એક કર્યા અને માત્ર 12 કલાકમાં જ ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા કાર્યપાલક ઈજનેરની ઉપસ્થિતિમાં આ રોડ અવરજવર માટે ફરી કાર્યરત કરાયો છે. વધુમાં આ માર્ગ માટે સરકાર દ્વારા 12 કરોડથી વધુનો ખર્ચ મંજુર થયેલ છે.ચોમાસુ પૂર્ણ થઈ આ રોડના નવીનીકરણનું કામ હાથ ધરાશે.



**બ્રેકિંગ ન્યૂઝ**

## ભરૂચના દાંડીયા બજારથી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

ભરૂચ | ભરૂચના દાંડીયા બજાર લોઢવાડના ટેકરા પર રહેતા બુટલેગરના મકાન અને તેની ત્રણ મોપેડમાંથી એ ડીવીઝન પોલીસે દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ.1.94 લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ જિલ્લા એસપી મયુર ચાવડાએ જિલ્લામાં અસામાજીક પ્રવૃતિઓ સદંતર બંધ રહે તે હેતુથી કાર્યવાહી કરવી તેમજ ભુતકાળમાં સંડોવાયેલા બુટલેગરો ઉપર સતત વોચ રાખી, તેઓના વાહનો ચેક કરવા વિગેરે બાબતની પરિણામલક્ષી કામગીરી કરવા આદેશ આપ્યા હતાં.

## ઠગાઈ: બોગસ સહીથી પુત્રએ NRI દંપતીના 1.30 કરોડ પચાવી પડાવ્યા

સુરત | અલથાણમાં અર્થમ વાટીકા રો-હાઉસમાં રહેતા NRI દંપતીના બેંક ખાતાની ચેકોમાં પુત્ર-વહુએ બોગસ સહી કરી 1.30 કરોડ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી માતા-પિતા સાથે ઠગાઈ કરતા પોલીસે ગુનો નોંધ્યો છે.માતા-પિતાને ઘરેથી કાઢી મુકતા પોલીસે એફએસએલના રિપોર્ટ આધારે 68 વર્ષીય NRI અશોક જેકીશનદાસ તમાકુવાલાની ફરિયાદ લઈ પોલીસે મોટા પુત્ર ધવલ અશોક તમાકુવાલા અને પુત્રવધુ હેત્વી ધવલ તમાકુવાલા (બન્ને રહે,વેસ્ટર્ન પાર્ક સોસા,અડાજણ)ની સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે.

## સુરતમાં તાવ, ઝાડા અને ઊલટીથી 5 વર્ષીય બાળક સહિત બેનાં મોત...

(એજન્સી) સુરત | તા. 30

સુરત શહેરમાં તાવ, ઝાડા અને ઊલટીમાં બાળક સહિત બેનાં મોત થયાં હતાં. જેમાં ચોકબજારમાં 5 વર્ષ અને પાંડેસરામાં 30 વર્ષના યુવકનું મોત નિપજ્યું હતું. જેથી બંનેના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, ચોમાસામાં પાણી રોગચાળાને લઈને મોતના કિસ્સાઓમાં વધારો થયો છે. મળતી માહિતી પ્રમાણે, મૂળ નેપાળના વતની પ્રેમસિંગ બહાદુર હાલ ચોક બજાર વિસ્તારમાં આવેલી કમલગલી સાલાપાર્કમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તે વોચમેન તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી ગોલુ (5 વર્ષ)ને બે દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી ઘર પાસે આવેલા સરકારી દવાખાનામાં તેની સારવાર પણ ચાલી રહી હતી. રિક્ષામાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા

5 વર્ષીય દીકરાની સવારે વધુ તબિયત લથડતા પરિવારજનો દોડતા થઈ ગયા હતા. ત્યારબાદ તાત્કાલિક તેને રિક્ષામાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પાંચ વર્ષના દીકરાને મૃત જાહેર કર્યા હતા. પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

બીજા બનાવમાં, પાંડેસરા વિસ્તારમાં આવેલ રાધેક્રિષ્ના નગરમાં 30 વર્ષીય બંગાલી સુનિલ રાઈ રહેતો હતો. તે મજૂરી કામ કરતો હતો. તેને 25મી ઓગસ્ટના રોજ તાવ આવવાની સાથે ઝાડા-ઉલટી થતાં હતા. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મધરાત્રે તેનું મોત નિપજ્યું હતું.

## વડોદરામાં ઘર્ષણ: પૂરને લઈ કલેક્ટર કચેરીએ કોંગ્રેસના 'HM અને CM શરમ કરો... શરમ કરો'ના નારા લાગ્યાં...

(એજન્સી) વડોદરા | તા. 31

વડોદરા શહેરમાં પૂરની પરિસ્થિતિ બાદ હવે શહેર કોંગ્રેસ સમિતિ આકરા પાણીએ છે. વડોદરા શહેરની કલેક્ટર કચેરી આગળ હાર રે... ભાજપ હાય... હાય...ના નારા લગાવ્યા હતા. જેમાં વડોદરા શહેરના ધારાસભ્યો, સાંસદ, ગૃહમંત્રી અને મુખ્યમંત્રી શરમ કરો... શરમ કરોના... નારા લગાવ્યા હતા. આ દરમયાન આવેદન પત્ર આપવા આવેલા કોંગ્રેસ કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પાંચ જણાને આવેદન આપવાનું કહેતા કોંગ્રેસના તમામ કાર્યકર્તાઓ કલેક્ટરની ઓફિસમાં ઘૂસી ગયા હતા. પોલીસ સાથે કોંગ્રેસ પ્રમુખ અને કાર્યક્રતાનું ઘર્ષણ થયું.

વડોદરા શહેર હવે પૂરની પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યું છે. ભાજપના ધારાસભ્યો અને કોર્પોરેટરો વિવિધ વિસ્તારોમાં જઈ રહ્યા છે ત્યારે ક્યાંકને ક્યાંક વિરોધ જોવા મળી રહ્યો છે. ત્યારે હવે આ વિરોધ વચ્ચે કોંગ્રેસ પણ મેદાને આવ્યું છે અને આજે 31 ઓગસ્ટના કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપી પૂર પીડિતોને વળતર આપવા અંગેની માગ કરી હતી. ભાજપ વિરોધ સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.



## જોઇન્ટ પોલીસ કમિશનર કલેક્ટર ઓફિસ દોડી આવ્યા

વડોદરા કલેક્ટર કચેરી ખાતે એક તરફ ભીખુસિંહ પરમારની બેઠક ચાલી રહી છે તો બીજી તરફ કોંગ્રેસ આવેદન પત્રને લઈ ઘર્ષણના દૃશ્યો જોવા મળ્યા હતા. પોલીસને ધક્કો મારી કોંગ્રેસના આગેવાનો કલેક્ટર ઓફિસર આગળ બેસી ગયા હતા. વિરોધના પગલે જોઈન્ટ પોલીસ કમિશનર મનોજ નિનામા કલેક્ટર ઓફિસ દોડી આવ્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી, ગૃહમંત્રી આવે તો અમને પોલીસ પકડી જાય છે. અમારો અવાજ દબાવવાનો પ્રયાસ થાય છે. 2500 રૂપિયા આપી વડોદરાની પ્રજાને ભીખ આપો છો. તમામ થયેલા નુકસાનનું યોગ્ય વળતર આપો. લાઈટ બિલ અને 1 વર્ષનો વેરો પ્રજાનો માફ કરો.

# ભાવનગર ખાતે સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા પર્વાધિરાજ પર્યુષણપર્વ ઉજવાશે

(એજન્સી) ભાવનગર | તા.31

દર વર્ષની જેમ આ વર્ષે પણ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ભાવનગર ખાતે આગામી તા.૧ સપ્ટેમ્બરથી પર્વાધિરાજ પર્યુષણના મહાપર્વની પરંપરાગત રીતે હર્ષોલ્લાસપુર્ણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પર્યુષણના મહાપર્વ દરમિયાન અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું જૈનાચાર્યોની પાવનકારી નિશ્રામાં ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા શહેરના કાળુભા રોડ પર આવેલા ભકિતબાગ ઉપાશ્રયમાં બરવાળા સંપ્રદાયના પ.પૂ. ગૌરવમુનિજી મ.સા.ની નિશ્રામાં આગામી તા.૧ સપ્ટેમ્બરને રવિવારથી પર્વાધિરાજ પર્યુષણના મહાપર્વની આરાધના થશે. આ મહાપર્વ દરમિયાન દૈનિક આરાધના અંતર્ગત દરરોજ સવારે ૭-૩૦ થી ૮ ભકતામર પ્રાર્થના, સવારે ૮ થી ૮-૩૦ અંતગડ દશાંગ સૂત્રના મૂળપાઠની વાંચણી તથા અર્થ કરાવવામાં આવશે.દરરોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ વ્યાખ્યાન રહેશે. બપોરે ૩ થી ૪ સૂત્રવાંચણી રાખેલ છે. સાંજે ૭ કલાકે દેવસ્ય પ્રતિક્રમણ ભાઈઓ તથા બહેનો માટે ભકિતબાગ ઉપાશ્રયે રાખેલ છે. આ ઉપરાંત રાત્રી સંવર તથા રાત્રી પૌષધની આરાધના થશે. દરરોજ સવારે ૫-૧૫ કલાકે ભાઈઓના રાઈપ પ્રતિક્રમણ થશે. આ સાથે આજથી દરરોજ સવારે ૭ થી સાંજે ૭ દરમીયાન બહેનો તથા સાંજે ૭ થી સવારે ૭ સુધી ભાઈઓના નવકાર મંત્રના જાપની આરાધના શરૂ થશે. પર્વાધિરાજ પર્યુષણને લઈને જૈન સંઘમાં ભારે હર્ષોલ્લાસ પ્રવર્તિ રહ્યો છે.

## ન્યુઝ ફ્લેશ

### નાની વાવડી ગામે બે ભાઈની ધમકીથી યુવકે ગળાફાંસો ખાધો

ભાવનગર | રાણપુરના નાની વાવડી ગામે રહેતા અરવિંદભાઈ બચુભાઈ વાળોદરાની પાડોશી મિત્ર વિનુ માલાભાઈ ચાવડા નામનો ખશ્સ ગત તા.૨૩-૮ના રોજ મધરાત્રિના સમયે અરવિંદભાઈના ઘરમાં ઘૂસી રૂમનો દરવાજો બંધ કરી દેતા તેમના પત્નીએ દેકારો કર્યો હતો. જેથી મહિલાનો કુટુંબી ભાઈ રવિભાઈ ભીખાભાઈ ગોહિલ આવી જતાં શખ્સ દરવાજો ખોલી તેમને ધક્કો મારી નાસી ગયો હતો. જે બનાવ અંગે બીજા દિવસે સવારે બન્ને ભાઈ-બહેન શખ્સ સામે રાણપુર પોલીસમાં અરજી આપવા ગયા હતા. તે બાબતને લઈ વિનુ ચાવડા અને તેનો ભાઈ મુન્ના માલભાઈ ચાવડા નામના શખ્સોએ ઘરે આવી બોલાચાલી કરી અમારા વિરૂધ્ધમાં આપેલી અરજી પાછી ખેંચી લેજે નહીંતર તમને ગામમાં રહેવા દેવાના નથી તેવી ધમકી આપી હતી.

### નાની માંડવાળી ગામે પત્નીની હત્યા કરનારા પતિની ધરપકડ

તળાજા : તળાજા તાલુકાના નાની માંડવાળી ગામે દંપતી વચ્ચે થયેલા ઝઘડામાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીને માથાના ભાગે પથ્થરનો ઘા ઝીંકી હત્યા કરી નાંખ્યાની ચકચારી ઘટનામાં પોલીસે હત્યારા શખ્સની પાલિતાણા પંથકમાં દબોચી લીધો હતો. આ બનાવ અંગે વાડીના માલિક મનુભાઈ રાઠોડ સહિતનાઓએ દોડી જઈ પોલીસને જાણ કરતા તળાજા પોલીસનો કાફલો પણ સ્થળ ઉપર પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી અસ્મિતાબેનના મૃતદેહને તળાજા હોસ્પિટલ ખસેડયો હતો. હત્યાની ઘટના અંગે મૃતક અસ્મિતાબેનના પિતા મગનભાઈ બેચરભાઈ ભાલિયાએ તેના જમાઈ શિવા છનાભાઈ વાસિયા સામે ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે બીએનએસની કલમ ૧૦૩ (૧) મુજબ ગુનો દાખલ કરી હત્યારાની શોધખોળ હાથ ધરી હતી.

### ભાવનગર-બોટાદમાં 10 જુગારી ઝડપાયા

ભાવનગર | ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તાર અને બોટાદના તુલસીનગરમાં પોલીસે દરોડો પાડી ૧૦ જુગારીને ઝડપી લીધા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના કુંભારવાડા, ગઢેચી રોડ પર આવેલ રામાપીરના મંદિર સામે ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટલાઈટના અજવાળે હાથકાપનો જુગાર રમતા પોપટ મેઘાભાઈ ગલાણી, નરેન્દ્ર છગનભાઈ મકવાણા અને વિશાલ અરવિંદભાઈ સોલંકી નામના ત્રણ શખ્સને બોરતળાવ પોલીસે રોકડ, ગંજીપાના સાથે ઝડપી લીધા હતા.જ્યારે બોટાદ શહેરના ઢાંકણીયા રોડ, તુલસીનગર-૨ સોસાયટીમાં તીનપત્તીનો જુગાર રમતા વિશાલ ભુપતભાઈ સાદરિયા, ભુપત કરમશીભાઈ સાદરિયા, રસિક ગોરધનભાઈ શિહોરા, જયસુખ ખોડાભાઈ ગોહિલ, બુધા ગટુરભાઈ ખોડદા, હરેશ ભનુભાઈ ખોડદા અને જયદિપ ઉર્ફે જલુ ટપુભાઈ કાળિયા નામના સાત જુગારીને બોટાદ પોલીસે રોકડ, ગંજીપાના સાથે ઝડપી લીધા હતા.

### પોલીસકર્મીઓ અને કર્મયોગીઓ રાઉન્ડ ધ કલોક તૈનાત

# બોટાદનો સુખભાદર ડેમના 4 દરવાજા ખોલવામાં આવ્યા : 20 ગામોને એલર્ટ

(એજન્સી) બોટાદ | તા.31



સુખભાદર ડેમ 2019 માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો બાદ 2024 માં પુનરાવર્તન થતા નયનરમ્ય નઝારો જોવા મળ્યો

બોટાદ જિલ્લાના રાણપુર અને અમદાવાદના ધંધુકા પંથક વચ્ચે જીવાદોરી સમાન સુખભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા ડેમના ૪ દરવાજા એક-એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમ સંપૂર્ણ ભરાતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો.સાવચેતીના ભાગરૂપે વહિવટી તંત્ર દ્વારા ૨૦ ગામોને સચેત કર્યા છે.

વર્ષ ૧૯૮૮માં સુખભાદર ડેમનું બાંધકામ પૂર્ણ કરાયું હતું. આ ડેમની ક્ષમતા ૧૪૫૮ એમ.સી.એફ.ટી. છે. આ ડેમ બોટાદ, અમદાવાદ અને સુરેન્દ્રનગરના ગામોને સિંચાઈ પૂરી પાડી રહ્યો છે તેમજ ૭૦ કિલોમીટરનો વિસ્તાર આવરે છે. ડેમ ૨૦ દરવાજાથી ઓપરેટ કરવામાં આવે છે, જે પૈકી હાલ ૪ દરવાજા ખોલાયા છે.

૨૫૮૯ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પોલીસ જવાનો તેમજ કાર્યપાલક ઈજનેરની કચેરીના કર્મયોગીઓ રાઉન્ડ ધ ક્લોક અહીં તૈનાત કરવામાં આવ્યા છે. આ ડેમ વર્ષ ૨૦૧૯માં પૂર્ણ સપાટીએ ભરાયો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૨૪માં આ ઘટનાનું પુનરાવર્તન થયું છે. તેમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. સુખભાદર ડેમ ઓવરફ્લો થવાના પગલે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ત્રણ જિલ્લાના નીચાણવાળા ૨૦ ગામોને સચેત કરાયા હતા.

જે પૈકી બોટાદ જિલ્લાના નાના ભડલા, લિંબોડા, દેરડી, દેવળીયા, સાંગણપુર, ગધાળીયા, હાંસલપુર, કિનારા,પાટણા, રાણપુર સહિતના ગામોને, અમદાવાદના અડવાળ, ધંધુકા, ગલસાણા, ગુંજાર, જાળીયા, મોરશીયા, વાગડ,વાસણા વગેરે ગામોને તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના મોટા ભડલા, ચોરવીરા સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે તેમ બોટાદ જિલ્લાના કાર્યપાલક ઈજનેર જેશીંગભાઈ સુવરે અંતમાં જણાવ્યું હતુ.

### બોરસદની ફાઈનાન્સ કંપનીના ફિલ્ડ ઓફિસરની 1.41 લાખની ઉચાપત

આણંદ | બોરસદની ખાનગી ફાઈનાન્સ કંપનીના ફિલ્ડ ઓફિસરે ૪૮ મહિલા લોન ધારકો પાસેથી કુલ રૂ.૧.૪૧ લાખ રિકવર કરી કંપનીમાં નાણાં જમા ન કરાવી ઉચાપત કરી હતી. આ અંગે બોરસદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગોધરામાં રહેતા અને મુથુટ માઈક્રોફીન લિમીટેડ નામની ફાઈનાન્સ કંપનીના રીજનલ મેનેજર તૈયબખાન તુરાફખાન રમજાનખાન શેખ ગત તા.૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ગોધરાની ઓફિસે હતા. ત્યારે સીસ્ટમમાં ચેક કરતી વખતે બોરસદમાં આવેલી કંપનીની શાખામાંથી ૩૯ મહિલાઓને તા.૧ જાન્યુઆરી ૨૦૨૩થી તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ દરમિયાન રૂા.૧૬,૨૬,૦૦૦ની લોન આપવામાં આવી હતી અને તે પૈકી રૂા.૯૦,૧૯૩ રીકવર કરી બ્રાન્ચમાં જમા નહી કરાવેલા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી તેમણે બોરસદ બ્રાન્ચમાં ઈ-મેલ કરી મેનેજર અશ્વિનભાઈ સાથે વાત કરતા તેમણે તપાસ કરી હતી.

### નિંભર તંત્ર સામે વિરોધપક્ષનો આક્રોષ

# ગઢડા શહેરના આંતરીક રસ્તાઓની બદતર હાલતથી લોકો ત્રાહીમામ



(એજન્સી) ગઢડા | તા.31

ગઢડા(સ્વામીના) તિર્થ સ્થાન હોવાના કારણે વર્ષે દહાડે હજારો યાત્રાળુઓ અવર જવર કરતા હોય છે. પરંતુ શહેરના રસ્તાઓ સહિતની બદતર હાલતથી લોકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. આ મુદ્દે જવાબદાર તંત્રની નિંભરતા સામે અનેક સવાલો ઉઠાવી વિરોધપક્ષના નેતા દ્વારા તંત્ર સામે આક્રોશ ઠાલવી લોકોની પરેશાની દૂર કરવા માંગણી કરવામાં આવી છે. ગઢડા શહેરમાં મુખ્ય બજારો અને શેરી ગલીઓમાં આવેલા રસ્તાઓ ઉપર મસ મોટા ખાડાઓ જોવા મળી રહ્યા છે. ત્યારે વરસાદી પાણી ભરાતા લોકોને પાણી ઉડવા સહિત બાબતે રાહદારીઓ અને વાહન ચાલકો વચ્ચે તકરાર થવાના બનાવો પણ બની રહ્યા છે. તેમજ પાણી ભરાવાને લઈ જાહેરમાં ગંદકી ના કારણે માખી મચ્છરોના ઉપદ્રવથી સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહ્યા હોય તેવુ લોકો અનુભવી રહ્યા છે. ભૂતકાળમાં આઝાદી પહેલા બનેલા નકકર રસ્તાઓ ઉપરના સાંધા ઓ પણ સરખી રીતે તંત્ર પૂરી નહી શકતા ટુ વ્હીલર ચાલકોના અકસ્માત થઈ રહયા હોવાના કિસ્સાઓ પણ ભયંકર પરિસ્થિતિ નો ચિતાર પૂરો પાડી રહ્યા છે. ત્યારે જાહેર રસ્તાઓની પરિસ્થિતિ સુધારવા અને છાશવારે તૂટી જતા રસ્તાઓ યોગ્ય ગુણવત્તા વાળા બનાવવામાં આવે તે જરૂરી છે. ગઢડા શહેરનો યાત્રાધામ તરીકે શોભે તેવો વિકાસ કરવા માટે જીલ્લા કલેકટર દ્વારા જવાબદાર સ્થાનિક તંત્રને સાથે રાખીને રૂબરૂ નિરિક્ષણ કરવામાં આવે તેમજ જાહેર રસ્તાઓની સુધારણા અને મજબૂત કામગીરી તેમજ જાહેર ગંદકી ના નિકાલ સહિતની બાબતે તાકીદે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ વિરોધ પક્ષના નેતા કનુભાઈ જેબલીયા દ્વારા કરવામાં આવી છે.



## આણંદ જિલ્લામાં સર્વે દરમિયાન 2,208 પાત્રોમાં પોરા મળ્યાં

(એજન્સી) આણંદ | તા.31

આણંદ જિલ્લામાં થયેલા ભારે વરસાદને કારણે રોગચાળો ના ફેલાય માટે સર્વે હાથ ધરાયો હતો. જેમાં ૨,૦૨૯ ઘરોમાં ૨,૨૦૮ પાત્રોમાંથી પોરા મળ્યા હતા. જેમાંથી ૧,૭૩૭ પાત્રોનો નાશ પણ કરાયો હતો. જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા જિલ્લામાં તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં મચ્છર જન્ય રોગ અટકાયતી કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં કુલ ૧,૭૯,૪૮૮ ઘરોમાં સર્વે હાથ ધરી ૪,૭૫,૧૩૩ પાત્રો તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૨૦૨૯ ઘરોમાંથી ૨૨૦૮ પાત્રોની અંદર પોરા મળી આવ્યા હતા. ત્યારે ૨૩,૧૫૭ જેટલાં પાત્રોમાં દવા નાખવામાં આવી છે. જ્યારે કુલ ૧૭૩૭ જેટલાં પાત્રોનો નાશ કરવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા કુલ ૫૬૫ જેટલાં ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું છે અને ૩૬૮ જેટલાં સ્થળોએ દવાનો છંટકાવ પણ કરાયો છે. તેમજ ૫૦ જેટલાં બારમાસી તળાવોમાં ગપ્પી ફીશ નાખવાની કામગીરી કરી મચ્છર જન્ય રોગ અટકાયતી કામગીરી હાથ ધરાઈ છે.



## આણંદ જિલ્લામાં પાણીના 2,637 ટેસ્ટ પૈકી 2,074 પોઝિટિવ આવ્યા

(એજન્સી) આણંદ | તા.31

આણંદ જિલ્લામાં બે દિવસ સુધી થયેલા ભારે વરસાદ બાદ પુરના પાણી ઓસરતા અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળો ન ફેલાય માટે આરોગ્ય વિભાગની ૮૫૩ ટીમો દોડતી થઈ હતી. ત્યારે કુલ ૨,૬૩૭ પાણીના ટેસ્ટ પૈકી ૨,૦૭૪ ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા. જેથી જિલ્લામાં દવાનો છંટકાવ સહિતની કામગીરી આરંભાઈ હતી.આરોગ્ય વિભાગે ૧૨૧ મેડિકલ કેમ્પો થકી ૩,૪૮૧ વ્યક્તિઓને સ્થળ પર જ સારવાર આપી હતી. જ્યારે કુલ ૧,૮૬,૬૩૨ વસ્તીમાં સર્વે કરી ૧૫૨૮ જેટલાં દર્દીઓને તેમના ઘરે જઈને સારવાર અપાઈ હતી. જિલ્લામાં ૬ શેલ્ટર હોમમાં ૨૭૨ લોકોને આશ્રય આપીને તમામ લોકોનું મેડિકલ ચેકઅપ કરી જરૂરી સારવાર પણ કરાઈ હતી. જ્યારે બે સગર્ભાઓને શેલ્ટરહોમમાં અને એક સગર્ભાને હોસ્પિટલ ખાતે સ્થળાંતરિત કરાઈ હતી. જેમાંથી ૧ સગર્ભાની સફળ પ્રસૂતિ થઈ છે. જ્યારે અસરગ્રસ્ત વિસ્તારમાં કુલ ૨૬૩૭ જેટલાં પીવાના પાણીના આરસી ટેસ્ટ કરવામાં આવતાં ૨,૦૭૪ ટેસ્ટ પોઝીટીવ જોવા મળ્યાં છે.



## આદિપુરમાં યુવાનો વચ્ચે ધિંગાણું, વાહનમાં આગ ચાંપી દેવાઈ

(એજન્સી) ગાંધીધામ | તા.31

આદિપુરના જુમાપીર ફાટક પાસે યુવાનોના બે જૂથ વચ્ચે સરાજાહેર મારમારીનો બનાવ બન્યો હતો. જેમાં એક પક્ષે બોલેરોમા નુકસાન પહોચાડયા બાદ સામા પક્ષે થાર ગાડીમાં આગ ચાંપી દીધી હતી. આ મારમારીના બનાવમા ૨ યુવાનોને ઈજાઓ પણ પહોચી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે આદિપુર પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આદિપુર જુમાપીર ફાટક પાસે આવેલી એક સોસાયટી પાસે આ બનાવ બપોરના અરસામાં બન્યો હતો. જેમાં જૂની અદાવતે એક જ જ્ઞાતિના બે યુવાનોના જૂથે એક બીજા પર હુમલો કરી મૂક્યો હતો. જે બનાવમાં ૨ યુવાનોને ઈજા પહોચી હતી. તો એક પક્ષે બોલેરોમાં તોડફોડ કર્યા બાદ સામેના પક્ષે થાર કારમાં આગ ચાંપી દીધી હોવાનો બનાવ બન્યો હતો. જોકે આ બનાવ અંગે આદિપુર પોલીસ પાસે કોઈ સત્તાવાર વિગતો ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ બનાવ બસ સોશ્યલ મીડિયામાં આગ લાગેલી કાર અને નુકસાન પામેલી બોલેરોના વિડિયો ફરતા થયા હતા.



## ગાંધીધામમાં લટકતા જોખમી હોર્ડિંગથી લોકોના જીવને જોખમ

(એજન્સી) ગાંધીધામ | તા.31

ગાંધીધામને ધંધાદારીનો હબ બનાવવા માટે ખોટી રીતે અને આડેધડ બેનરો અને હોર્ડીંગ લગાવી મૂકવામાં આવ્યા છે. પાલિકા કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ હોર્ડીંગ નિયમ વિરુદ્ધ હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતી હોવાથી હવે સમગ્ર ગાંધીધામ હોર્ડીંગની જાળમાં ફસાઈ ગયો હોય તેવું દેખાઈ રહ્યું છે. ત્યારે ભારે પવન ફૂંકાતા ગાંધીધામમાં લટકતા મહાકાય હોર્ડીંગ દેખાઈ રહ્યા છે. જેના કારણે લોકોને જીવનો જોખમ હોય તેવી સ્થિતિ હોવા છતાં પણ તેને હજુ સુધી હટાવવામાં આવ્યા નથી. કોઈપણ જગ્યાએ હોર્ડીંગ લગાવવાના હોય ત્યાં જો શહેરી વિસ્તારમાં હોય તો પાલિકા અને માર્ગ પર હોય તો માર્ગ અને મકાન વિભાગની મંજૂરી મેળવવાની થતી હોય છે. પરંતુ ગાંધીધામમાં ખાસ કરીને ટાગોર રોડ અને રોટરી સર્કલથી એરપોર્ટ જતાં માર્ગ પર આડેધડ જ્યાં મજા આવે ત્યાં મોટા હોર્ડીંગ ઠોકી બેસાડવામાં આવ્યા છે.

### કચરાની ગાડી આવતી ન હોવાથી ચોમેર ગંદકીના ગંજ

## રાજુલામાં ગંદકી, રોડ અને વિજળી સહિતની સમસ્યાનો ઉકેલ ક્યારે આવશે?

રાજુલા | રાજુલા શહેરના મુખ્ય માર્ગો લાંબા સમયથી અતિ બિસ્માર બનેલ છે. રસ્તાઓ ઉપર મસમોટા ખાડાઓ પડી ગયેલ છે હાલ ચોમાસાની સિઝનમાં ખાડાઓમાં વરસાદના પાણી સતત ભરાયેલા રહેતા હોવાથી છાસવારે નાના મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. આ ઉપરાંત રાજુલા શહેરના અનેક અણઉકેલ પ્રશ્નો હવે કાયમી ઉકેલ ઝંખે છે. રાજુલા શહેરના વાહનચાલકોની અવરજવરથી સતત ધમધમતા મુખ્ય માર્ગો ખખડધજ બની ગયા હોય વહિવટીતંત્ર દ્વારા હાલ પૂરતા આ રસ્તાઓમાં પેચવર્ક રીપેરીંગ કરાવવાની તાતી જરૂરીયાત છે. ત્યારબાદ નવા રોડની દરખાસ્ત કરવી જરૂરી છે. આ ઉપરાંત રાજુલા શહેરના ઘણા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે તેના કારણે ખુબ જ ગંદકી ફેલાઈ રહેલ છે. ગંદકીના કારણે રોગચાળો ફાટી નિકળવાની ભીતિ સેવાઈ રહેલ છે. રાજુલામાં નીયમીતપણે સાફસફાઈ થતી નથી. શહેરી વિસ્તારોમાં કચરાની ગાડી પણ નીયમીત આવતી નથી. સફાઈકામદારો પણ આવતા નથી તેમ છતાં રાજુલા નગરપાલિકા દ્વારા તમામ પ્રકારના વેરા વસુલ કરેલ છે. વેરો ભરેલ ન હોય તો લોકોને કોઈપણ પ્રકારના દાખલા, બાંધકામ, મંજુરી વગેરે કામગીરી થતી નથી. જો પાલિકા વેરો ઉઘરાવતી હોય તો લોકોને પ્રાથમિક સુવિધા મળવી જોઈએ તેમ છતાં લોકો હેરાન થાય છે.રખડતા ઢોર દરેક રસ્તાઓ ઉપર ટોળેટોળા પડયા પાથર્યા રહેતા હોય વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

### ક્લોરીન ટેબ્લેટના વિતરણ ઉપરાંત ઘર બેઠા સારવાર અને દવા મળે તેવું આયોજન હાલ ચોપડા પર કરાયું

# ભાવનગરમાં પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે પાણીનું સુપરક્લોરીનેશનનું વિતરણ કરાયું

(એજન્સી) ભાવનગર | તા.31



હાલ ચોમાસાની ઋતુ દરમિયાન નવા વરસાદી પાણીની આવક થઈ છે તો સાથો સાથ વરસાદ બાદ ફેલાતા રોગચાળાને અટકાવવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરી હાથ ધરાય છે જેમાં જિલ્લાના ૧૩૧૧ જેટલી ટીમો કામે લાગી છે. આ સાથે પાણીનું સુપર ક્લોરીનેશન તથા ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરાઈ રહ્યું છે.

હાલ ચોમાસાની તુમાં વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે ભાવનગર જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં પાણીજન્ય રોગચાળા સહિત કોઈપણ પ્રકારનો રોગચાળો ફેલાય નહી તેની ખાસ તકેદારી રાખીને અગમચેતીના ભાગરૂપે જિલ્લામાં ૧૩૧૧ જેટલી આરોગ્ય વિભાગની મેડીકલ અને પેરા મેડીકલની ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત હાલમાં ચોમાસાની તુમાં ઝાડા-ઉલ્ટી, શરદી, સામાન્ય તાવ જેવા લક્ષણો દેખાતા હોય તેમને સ્થળ પર જ પ્રાથમિક સારવાર અને જરૂરી દવા આપવામાં આવે છે. તેની સાથે સાથે ઝાડા- ઉલ્ટી, શરદી અને તાવને લગતા કેસોની અલગ નોંધણી કરીને તેમને ઘેર બેઠા પ્રાથમિક સારવાર અને દવાઓ મળી રહે તે માટેનું આયોજન જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા કરવામાં આવ્યું છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે પાણીનું સુપરક્લોરીનેશન તથા ટેબ્લેટ ક્લોરીનનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

### ગાંધીધામમાં બંધ મકાનનું તાળુ તોડી 1.94 લાખની રોકડ અને દાગીનાની ચોરી

(એજન્સી) ગાંધીધામ | તા.31

ગાંધીધામનાં નવી સુંદરમાં બંધ મકાનનું તાળું તોડી અજાણ્યા ઈસમો તિજોરીમાં પડેલા રોડકા રૂપિયા અને સોના - ચાંદીનાં દાગીના સહીત કુલ ૧.૯૪ લાખનાં માલમત્તાની ચોરી કરી લઈ જતા પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ હતી. ગાંધીધામનાં નવી સુંદરપુરી વિસ્તારમાં ભરવાડ વાસમાં રહેતા મજૂરી કામ કરતા અનિલભાઈ પરબતભાઈ સથવારાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતું કે, ફરિયાદી પોતાના પરિવાર સાથે મકાનને તાળું મારી પોતાના ફઈનાં ઘરે ગયા હતા. દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો ફરિયાદીનાં મકાનમાં મેઈન દરવાજાનું તાળું તોડી ઘરમાં અપપ્રવેશ કરી કબાટની તિજોરીમાં રાખેલા રોકડા રૂ. ૧૫,૦૦૦ સાથે સોના - ચાંદીનાં અલગ અલગ દાગીના સહીત કુલ રૂ. ૧,૯૪,૫૦૦ નાં મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. જેથી ફરિયાદીએ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# GIFT સિટીમાં સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ સરળ બનાવાયા

(એજન્સી) મુંબઇ | તા 31

નાણા મંત્રાલયે આજે ગિફ્ટ સિટીમાં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ થવા માટે કંપનીઓના લઘુત્તમ જરૂરી જાહેર શેરહોલ્ડિંગને હાલના ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવા માટેનું નોટિફિકેશન બહાર પાડયું છે. નિષ્ણાતો કહે છે કે લઘુત્તમ મર્યાદા ઘટાડવાથી ભારતીય કંપનીઓ માટે વૈશ્વિક મૂડી સુધી પહોંચવામાં સરળતા રહેશે. તેમણે કહ્યું કે વૈશ્વિક નાણાકીય બજારમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવાની દિશામાં આ એક પગલું છે.

સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન રૂલ્સ, ૧૯૫૬માં આર્થિક બાબતોના વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના દ્વારા સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારો ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સવસિસ સેન્ટર્સ હેઠળ વૈશ્વિક ધોરણોને અનુરૂપ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જમાં સૂચિબદ્ધ કરવા ઈચ્છતી ભારતીય કંપનીઓ માટે લિસ્ટિંગની જરૂરિયાતોને સરળ બનાવે છે. આર્થિક બાબતોના વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મર્યાદા ઘટાડીને સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન રૂલ્સમાં કરાયેલો સુધારો ઝડપથી વિકસતી ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે વૈશ્વિક મૂડીની સરળ પહોંચ સુનિશ્ચિત કરશે. આનાથી ખાસ કરીને તે ભારતીય કંપનીઓને ફાયદો થશે જેઓ વૈશ્વિક ઉડાન ભરવા માંગે છે અને અન્ય બજારોમાં તેમની હાજરી વિસ્તારવા માંગે છે. સરકારે જાન્યુઆરીમાં જ કંપનીઓને ગિફ્ટ-આઈએફએસસી પર સૂચિબદ્ધ કરવા સક્ષમ બનાવવા નિયમોની સૂચના આપી હતી. ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટીએ વધારાની નિયમનકારી જરૂરિયાતો પર મે મહિનામાં જારી કરાયેલ કન્સલ્ટેશન પેપર પર મંતવ્યો માંગ્યા હતા.આ એક આવકારદાયક પગલું છે. તેનો હેતુ ગિફ્ટ-આઈએફએસસી અંતર્ગત આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર ભારતીય કંપનીઓની લિસ્ટિંગ જરૂરિયાતોને સરળ બનાવવાનો છે.

'આ એક મહત્વપૂર્ણ સુધારો છે જે લિસ્ટિંગ માટે ફરજિયાત લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ જરૂરિયાતને ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરે છે તેમ જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું. આ સિવાય વિદેશી રોકાણકારોને ભારતમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે જેથી તેઓ તેમની સ્થિતિ મજબૂત કરી શકે. તેનાથી દેશમાં વિદેશી ચલણનો પ્રવાહ વધશે. પબ્લિક શેર ઘટાડવાથી સામાન્ય લોકો માટે ઉપલબ્ધ શેરની સંખ્યામાં ઘટાડો થશે. શેર પર અનેક પ્રકારની અસર જોવા મળી શકે છે. લિસ્ટિંગની સુવિધા માટે, આઈએફએસસી ટૂંક સમયમાં પાત્રતાની શરતો, જાહેરાતના ધોરણો, નેટવર્થની જરૂરિયાતો, એકાઉન્ટિંગ ધોરણો વગેરે માટે અંતિમ ધોરણો જારી કરશે. અંતિમ ધોરણો વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત હશે. જેમાં તેઓ માર્કેટ રેગ્યુલેટર સેબીના ડિસ્ક્લોઝર અને લિસ્ટિંગના ધોરણો અને ઈશ્યુઅર્સની જરૂરિયાતોનું પણ પાલન કરશે.



# ઈથેનોલના ઉત્પાદન માટે ચોખાના વેચાણ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો

(એજન્સી) મુંબઇ | તા 31

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના સ્ટોકસમાંથી ૨૩ લાખ ટન્સ ચોખા અનાજમાંથી ઈથેનોલ ઉત્પાદન કરતી ડિસ્ટિલરીસને પૂરા પાડવા સરકારે મંજુરી આપી છે. ડિસ્ટિલરીસને ચોખાના વેચાણ પર ગયા વર્ષે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ યોજાનારા ઈ-ઓકશન્સમાં ભાગ લેવા સરકારે ઈથેનોલ ઉત્પાદકોને મંજુરી આપી હોવાનું એક યાદીમાં જણાવાયું હતું. સરકાર પાસે હાલમાં ૫૪૦ લાખ ટન્સથી વધુ ચોખાનો સ્ટોકસ પડયો છે અને વર્તમાન ખરીફ મોસમમાં ચોખાનું ઉત્પાદન ઊંચુ રહેવાની અપેક્ષા છે. ઈથેનોલ ડિસ્ટિલરીસને વધુમાં વધુ ૨૩ લાખ ટન્સ ચોખા ઉપાડવા દેવાશે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.



ઈથેનોલ ઉત્પાદકો સાપ્તાહિક ઈ-ઓકશન્સ મારફત આ ખરીદી કરી શકશે.

ગયા વર્ષના જુલાઈમાં સરકારે ઈથેનોલના ઉત્પાદન માટે ચોખાના વેચાણ પર પ્રતિબંધ મૂકયો હતો. વધારાના સ્ટોકસનું સંચાલન કરવા એફસીઆઈ ખાનગી ટ્રેડરોને ચોખાના વેચાણ માટે ઈ-ઓકશન્સ હાથ ધરે છે. અન્ય એક નિર્ણયમાં સરકારે ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડના પૂરવઠા પરની મર્યાદા નાબુદ કરી હતી. ઈથેનોલ સપ્લાય યર (ડીસેમ્બરથી નવેમ્બર) ૨૦૨૪-૨૫ માટે આ પ્રતિબંધ ઉઠાવી લેવાયો છે. સરકારના નોટિફિકેશન પ્રમાણે, ખાંડ મિલો તથા ડિસ્ટિલરીસ શેરડીના રસ/ખાંડ સિરપ, બી-હેવી મોલાસિસ તથા સી-હેવી મોલાસિસમાંથી ઈથેનોલ સપ્લાય યર (ડીસેમ્બરથી નવેમ્બર) ૨૦૨૪-૨૫ દરમિયાન ઈથેનોલનું ઉત્પાદન કરી શકશે.

## NEWS BRIEF

### રિલાયન્સ અને ડિઝનીના મર્જરને CCIની મંજૂરી, રૂ. 70350 કરોડમાં ડીલ થશે

મુંબઈ। કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ રિલાયન્સ અને ડિઝનીના મર્જરને મંજૂરી આપી દીધી છે. આ એન્ટરટેનમેન્ટ બિઝનેસને રૂ. 70350 કરોડમાં મર્જ કરવામાં આવશે. સીસીઆઈએ જણાવ્યું હતું કે, "કમિશને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વાયકોમ 18 મીડિયા પ્રાઈવેટ લિમિટેડ, ડિજિટલ 18 મીડિયા લિમિટેડ, સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને સ્ટાર ટેલિવિઝન પ્રોડક્શન લિમિટેડના પ્રસ્તાવિત મર્જરને 28 ઓગસ્ટ, 2024ના રોજ મંજૂરી આપી છે.' આ મંજુરી કેટલાક સ્વૈચ્છિક સુધારાના પાલનમાં આપવામાં આવી છે. અગાઉ સીસીઆઈએ આ મર્જર અંગે ચિંતા વ્યક્ત કરી હતી કે, નવુ મર્જ થયેલુ યુનિટ ભારતમાં ક્રિકેટ અને ટીવી પ્રસારણના મોટાભાગના હકોને નિયંત્રિત કરશે, જેનાથી એડવર્ટાઈઝ આપતી કંપનીઓને નુકસાન થશે. તેમજ અન્ય હરીફો વચ્ચે સ્પર્ધા વધશે. આ મર્જર સાથે, તે 120 ટીવી ચેનલો અને બે સ્ટ્રીમિંગ સેવાઓ સાથે ભારતની સૌથી મોટી એન્ટરટેનમેન્ટ કંપની બનશે. આ ડીલમાં રિલાયન્સ 63.16% હિસ્સો ધરાવશે અને વોલ્ટ ડિઝની પાસે બાકીનો 36.84% હિસ્સો રહેશે. નવી કંપનીના બોર્ડમાં 10 લોકો હશે. જેમાં રિલાયન્સ પાસે 5, ડિઝની પાસે 3 અને 2 સ્વતંત્ર ડિરેક્ટર્સ હશે. આ મર્જર આવતા વર્ષના પ્રથમ 6 મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે. નીતા અંબાણી મર્જર બાદ બનેલી કંપનીના ચેરપર્સન હશે.

### વિદેશમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે વીમા કંપનીઓએ રિસ્ક કવરેજનો દાયરો વધાર્યો

મુંબઈ । જેમ જેમ વર્ષ વિતતા જાય છે તેમ તેમ વિદેશમાં અભ્યાસ કરનારા ભારતીય વિદ્યાર્થીઓના પ્રમાણમાં તીવ્ર વધારો થતો જઈ રહ્યો છે. આ વધારો થવાના કારણે વિદેશમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓ માટે ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે જોખમો પણ વધ્યા છે. જેથી વિદેશમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓની જરૂરિયાતને અનુરૂપ થવા વીમા કંપનીઓ પોતાની સ્કીમમાં સુધારા કરવા સાથે તેને વધુ વૈવિધ્યસભર પણ બનાવી રહી છે. વિદેશ મંત્રાલયના ડેટા મુજબ, ચાલુ વર્ષે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા 13.3 લાખ છે. યુક્રેન-રશિયા યુદ્ધને કારણે યુક્રેનમાં અભ્યાસ કરતાં ઘણાં ભારતીય વિદ્યાર્થીઓને યુક્રેન છોડવાની ફરજ પડી હતી. આ સાથે ઘણાં દેશોમાં ઊંચા હેલ્થકેર ખર્ચને કારણે પણ ભારતીય વિદ્યાર્થીઓ પરત સ્વદેશ આવવા મજબૂર થાય છે. જેથી એવી ઘણી વીમા સ્કીમ્સ હતી જે વિદ્યાર્થીઓની આવી ચોક્કસ જરૂરિયાતોને પૂરી કરતી હતી. આ પ્રતિકૂળ સ્થિતિને હવે ભારતીય વીમા કંપનીઓ તક તરીકે જોઈ રહી છે. એચડીએફસી ઈર્ગો વિચારી રહી છે કે, વિદ્યાર્થીઓને પોતાના વીમા પેકેજને અનુકૂળ બનાવવાની મંજૂરી આપવામાં આવે.

### NTPC ને રૂ 12,000 કરોડ એકત્ર કરવા શેરધારકોની મંજૂરી મળી

મુંબઈ | જાહેર ક્ષેત્રની પાવર કંપની NTPCએ શુક્રવારે જણાવ્યું હતું કે તેને ખાનગી પ્લેસમેન્ટના ધોરણે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCDs) જાહેર કરીને રૂ. 12,000 કરોડ સુધી એકત્ર કરવા માટે શેરધારકોની મંજૂરી મળી છે. 48મી વાર્ષિક સામાન્ય સભામાં પ્રસ્તાવિત તમામ ઠરાવો જરૂરી બહુમતી સાથે પસાર કરવામાં આવ્યા હતા, કંપનીએ BSEને ફાઈલિંગમાં જણાવ્યું હતું. NTPCની AGM નોટિસમાં કહેવામાં આવ્યું છે કે 29 જૂન, 2024ના રોજ યોજાયેલી તેની મીટિંગમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પ્રસ્તાવને મંજૂરી આપી છે અને પ્રસ્તાવિત સ્પેશિયલ ઑફર (આગામી 12 મહિનામાં રૂ. 12,000 કરોડ એકત્ર કરવા) પાસ કરવાનો નિર્ણય લીધો છે. નોટિસમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે કંપની ક્ષમતા વિસ્તરણ પર કામ કરી રહી છે અને તેની મૂડી ખર્ચની જરૂરિયાતનો મોટો હિસ્સો લોનમાંથી પૂરો કરવાનો છે. 12,000 કરોડ રૂપિયા સુધીના સુરક્ષિત/અસુરક્ષિત, રિડીમેબલ, કરપાત્ર/કર-મુક્તિ, સંચિત/બિન-સંચિત, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCDs/બોન્ડ્સ) ખરીદવા માટે ઑફર અથવા આમંત્રણ આપવા માટે બોર્ડ ઑફ ડિરેક્ટર્સને અધિકૃત કરવા. શેરધારકોની મંજૂરી માંગવામાં આવી રહી છે.

# ટુંક સમયમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો સેટલમેન્ટના દિવસે જ ફંડ મેળવી શકશે

(એજન્સી) મુંબઇ | તા 31

માર્કેટ રેગ્યુલેટર સેબી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) માટે એક મિકેનિઝમ બનાવવા પર કામ કરી રહી છે જેથી તેઓને સેટલમેન્ટના દિવસે તેમના નાણાં મળી રહે જેનાથી વિદેશી રોકાણકારો બજારમાં અન્ય રોકાણકારોની સમકક્ષ આવશે.

ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં બોલતા, સેબીના હોલ-ટાઈમ મેમ્બર અનંત નારાયણે જણાવ્યું હતું કે માર્કેટ રેગ્યુલેટર કસ્ટોડિયનને એ સુનિશ્ચિત કરવા કહી રહ્યું છે કે એફપીઆઈને વેપારના બીજા દિવસે (T+1) તેમના નાણાં મળે, જે અગાઉ T+2 હતા. સૂચિત પગલું કસ્ટોડિયનો પાસે પડેલા લગભગ ૧ લાખ કરોડ રૂપિયાના ઝડપી રેમિટન્સમાં મદદ કરશે. આ નાણા ગ્રાહકોના છે, જે મધ્યસ્થીઓ પાસે પડેલા છે, જેના પર કેટલીકવાર સંસ્થાઓ વ્યાજ પણ કમાય છે. એવી આશા છે કે ઓક્ટોબર ૨૦૨૪થી, કસ્ટોડિયન્સ સેટલમેન્ટના દિવસે જ એફપીઆઈને ભંડોળ પૂરું પાડી શકશે. આ વર્ષે જાન્યુઆરીથી ભારતીય બજાર સંપૂર્ણપણે T+1 સેટલમેન્ટ સાઈકલ તરફ આગળ વધી ગયું છે, પરંતુ મોટા ભાગના એફપીઆઈ હજુ પણ T+2 કે પછીના દરે સિક્યોરિટીઝ વેચ્યા પછી તેમના નાણાં મેળવે છે. વધુમાં, ભારત માર્ચમાં વીટા વર્ઝન લોન્ચ થયા પછી તે જ દિવસના સમાધાનનું પરીક્ષણ કરી રહ્યું છે. જો કે, આ કેસમાં પ્રતિસાદ સુસ્ત રહ્યો છે. હાલમાં, કસ્ટોડિયન પતાવટ પછી જ ટેક્સ કન્સલ્ટન્ટને વિગતવાર વ્યવહારની વિગતો પ્રદાન કરે છે, જે T+1 છે.

જે પછી કન્સલ્ટન્ટ્સ ચા વત્તા એક સાંજે ટેક્સની ગણતરી કરે છે. આવી સ્થિતિમાં, આ રકમ એફપીઆઈને માત્ર T+2 અથવા તેના પછીના સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.કસ્ટોડિયન્સ T+0 પર ક્લિયરિંગ કોર્પોરેશન પાસેથી મળેલા ઈનપુટ્સના આધારે એફપીઆઈ ટ્રાન્ઝેક્શનની વિગતો આપશે. જેથી ટેક્સની ઔપચારિકતા T+1 પર જ પૂર્ણ કરી શકાય. આ સાથે, રકમ તે જ દિવસે મોકલી શકાય છે. સૂત્રોએ જણાવ્યું કે રેગ્યુલેટર આ અંગે ચાર મોટી કન્સલ્ટન્ટ કંપનીઓ સાથે વાતચીત કરી રહ્યું છે અને કસ્ટોડિયન સાથે પણ સંપર્કમાં છે. જો કે, આ ફેરફાર પ્રક્રિયાની કિંમતમાં વધારો કરી શકે છે.

# અમેરિકામાં ફુગાવો અપેક્ષાથી ઉંચો આવતા વિશ્વ બજારમાં સોનું ઉંચકાયું

(એજન્સી) મુંબઇ | તા 31

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ધીમો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે સોનાના ભાવ આજે સવારે નીચા ખુલ્યા પછી બપોર પછી ફરી વધ્યા હતા છતાં પાછલા દિવસના બંધ ભાવની સરખામણીએ આજે બજાર ભાવ નીચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારના સમાચાર પ્રોત્સાહક હતા. સોનાના વૈશ્વિક ભાવ ઔંશદીઠ ૨૫૦૯થી ૨૫૧૦ વાળા ઉંચામાં ૨૫૨૬થી ૨૫૨૭ થઈ ૨૫૨૧થી ૨૫૨૨ ડોલર રહ્યા હતા. અમેરિકામાં આજે બહાર પડેલા ફુગાવાના ડેટા બજારની અપેક્ષાતી વધુ આવ્યા હતા. ઘરઆંગણે નવી માગ ધીમી હતી. અમદાવાદ બજારમાં સોનાના ભાવ ૧૦ગ્રામના રૂ.૧૦૦ઘટી ૯૯.૫૦ના રૂ.૭૪૦૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૨૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૮૬૦૦૦ના મથાળે જળવાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં જો કે સોના પાછળ ચાંદીના ભાવ પણ વધ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૨૯.૪૨થી ૨૯.૪૩ વાળા આજે ઉંચામાં ૨૯.૫૯ થઈ ૨૯.૫૨થી ૨૯.૫૩ ડોલર રહ્યા હતા. મુબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૧૭૧૩ વાળા રૂ.૭૧૫૮૧ થઈ રૂ.૭૧૬૭૦ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૨૦૦૧ વાળા રૂ.૭૧૮૬૯ થઈ રૂ.૭૧૯૫૮ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૫૦૭૨ વાળા રૂ.૮૫૦૧૯ બોલાઈ રહ્યા હતા.

## ખેડૂતો માટે ચિંતાજનક સમાચાર
# દેશમાં સૌથી વધુ વપરાતા ખાતરમાં ખામી હોવાનો સંશોધકોનો દાવો

(એજન્સી) મુંબઇ । તા. 31

નૈનો યુરિયા પછી હવે નૈનો ડાયમોનિયમ ફોસ્ફેટ (ડીએપી) પણ ઓછું અસરકારક હોવાનું ધ્યાનમાં આવ્યું છે. યુરિયા પછી ડીએપી દેશમાં સૌથી વધુ ખપત ધરાવતું ખાતર છે. પંજાબ કૃષિ યુનિવર્સિટીનાના વૈજ્ઞાનિકોને બે વર્ષના ક્ષેત્રીય પ્રયોગ દ્વારા જાણવા મળ્યું હતું કે પરંપરાગત નાઈટ્રોજન ખાતરોની સરખામણીમાં નૈનો ડીએપી જે ઘઉંના ખેતરોમાં ઉપયોગમાં લેવાયું તેમાં ઉત્પાદન પર વિપરિત અસર પડી હતી. આ સાથે છોડની ઉંચાઈ, ઘઉંના દાણા અને ભુસામાં રહેલા પોષકતત્ત્વોની માત્રામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જે પ્રોટીન ઉત્પાદન માટે ખૂબજ આવશ્યક માનવામાં આવે છે. પીએયુના સંશોધનમાં નૈનો યુરિયાથી થતા ફાયદા જેવી જ ચિંતા ડીએપી માટે પણ દર્શાવવામાં આવી છે. નૈનો ડીએપીના બે છંટકાવ અને ફોસ્ફરસ એઠલે પરંપરાગત ડીએપીનો ઉપયોગ નહીં કરવાથી ઘઉંની ઉપજમાં 16.1 ટકાનો ઘટાડો થયો હતો. પ્રથમ ઉપચારમાં એવું જણાયું હતું કે ઘઉંની હેકટર દીઠ પેદાશ 56.75 ક્વિન્ટલ હતી જે ઘટીને 47.61 ક્વિન્ટલ થઈ હતી. છોડના વિકાસની વાત કરીએ તો પરિપકવતાના સમયે છોડની ઉંચાઈ 78.63 સેમી હતી જે બીજામાં 79.53 સેમી જોવા મળી હતી. અત્યાર સુધી સરકાર દ્વારા દાવો કરવામાં આવતો હતો કે નૈનો ડીએપીમાં 8 ટકા નાઈટ્રોજન અને 16 ટકા ફોસ્ફરસ હોય છે જે પરંપરાગત ડીએપીની 50 કિલોગ્રામનું સ્થાન લઈ શકે છે. આ પરિદ્રષ્યમાં ઉપજ સમાન હતી જેમાં 100 ટકા આરડીપીને નૈનો ડીએપીના બે સ્પ્રે સાથે જોડવામાં આવ્યા હતા. આ સંશોધન સાથે સંશોધકો ઉપરાંત જેને નૈનો ડીએપી તૈયાર કરવાની મંજૂરી આપવામાં આવી છે તે કંપનીને પણ સામેલ કરવામાં આવી હતી.

# ધિરાણ તથા ઈન્વેસ્ટમેન્ટસ સરળ બનાવાતા નાણાંકીય સેવા ક્ષેત્રે ફીનટેકમાં ઝડપી ક્રાંતિ

(એજન્સી) અમદાવાદ । તા. 31

દેશમાં લોન્સ, ક્રેડિટ કાર્ડ્સ, ઈન્વેસ્ટમેન્ટસ અને વીમા સાથેના જોડાણને આસાન બનાવી નાણાંકીય સેવામાં ફીનટેકે ક્રાંતિ કરી છે એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. ફીનટેકની ક્રાંતિએ ભારતના લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો કર્યો છે અને તેમની પ્રતિષ્ઠા પણ વધારી છે, એમ તેમણે અહીં ગ્લોબલ ફીનટેક ફેસ્ટિવલ ખાતે બોલતા જણાવ્યું હતું. ફીનટેક કંપનીઓએ ધિરાણ મેળવવાનું સરળ અને સર્વસમાવિષ્ઠ બનાવ્યું છે. ઈક્વિટી બજારો તથા મ્યુચ્યુઅલ ફન્ડોમાં રોકાણ અત્યારસુધી મોટા શહેરો સુધી મર્યાદિત રહેતું હતું પરંતુ નવા યુગની કંપનીઓના આગમનથી ગ્રામ્ય વિસ્તારોમાંથી ઈક્વિટી બજારો તથા મ્યુચ્યુઅલ ફન્ડોમાં રોકાણ કરવાનું સરળ બન્યું છે.ડીમેટ ખાતા ખોલાવવા પાછળના સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ફીનટેકની સિદ્ધિ માત્ર નવીનતા પૂરતી જ મર્યાદિત નથી રહી પરંતુ તેની સ્વિકૃતિમાં પણ તે જોવા




મળી રહી છે. ફીનટેકને ભારતના લોકો જે ઝડપી ગતિએ સ્વીકાર કરી રહ્યા છે તે બીજે કયાંય જોવા મળતું નથી, આ માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રકચર અને ફીનટેક કંપનીઓને શ્રેય આપવો રહ્યો. દસ વર્ષમાં દેશમાં ફીનટેક ક્ષેત્રમાં ૩૧ અબજ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટસ જોવા મળ્યું છે અને ૫૦૦ ટકા વિકાસ થયો છે. સસ્તા મોબાઈલ ફોન્સ અને શૂન્ય બેલેન્સ જન ધન ખાતાને કારણે નાણાંકીય સર્વસમાવિષ્ઠમાં મદદ મળી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. બ્રોડબેન્ડના વપરાશકારો ૬ કરોડથી વધી ૯૪ કરોડ પર પહોંચી ગયા છે.

# દેશનો આર્થિક વિકાસ રૂંધાયો છેલ્લા પાંચ ક્વાર્ટરમાં સૌથી ઓછો GDP ગ્રોથ રેટ જાહેર

(એજન્સી) મુંબઇ । તા. 31

ભારતનો આર્થિક વિકાસ રૂંધાયો છે. ચાલુ નાણાકીય વર્ષ 2023-24ના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ છેલ્લા પાંચ ત્રિમાસિકના તળિયે નોંધાયો છે. તેમજ વાર્ષિક ધોરણે પણ 1.5 ટકા ઘટ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ 6.7 ટકા નોંધાયો છે. જે માર્ચ ત્રિમાસિકમાં 7.8 ટકા અને ગત નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં 8.2 ટકા હતો. આરબીઆઈના પ્રથમ ત્રિમાસિક માટેના 7.2 ટકાના અંદાજ સામે પણ જીડીપી ઘટ્યો છે.



અર્થશાસ્ત્રીઓએ અંદાજ આપ્યો હતો કે, પ્રથમ ત્રિમાસિકમાં ચૂંટણી અને રાજકીય ફેરફારોના કારણે અર્થતંત્ર મંદ રહેશે. તેમજ હીટવેવની અસર પણ જોવા મળી છે. મોંઘવારીમાં ઘટાડો થયો હોવા છતાં સ્થાનીય સ્તરે રિટેલ ભાવોમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. જીડીપી ગ્રોથમાં ઘટાડો નોંધાયો હોવા છતાં ઔદ્યોગિક ઉત્પાદનો વધ્યા છે. કોર સેક્ટરનો ગ્રોથ માસિક ધોરણે જુલાઈમાં 6.1 ટકા વધ્યા છે. જે ગતમહિને જૂનમાં 5.1 ટકા હતા. આઠ કોર સેક્ટરમાંથી ચાર સેક્ટરમાં ગ્રોથ નોંધાયો છે. જો કે, વાર્ષિક ધોરણે કોર સેક્ટરનો ગ્રોથ 6.6 ટકા સામે ઘટ્યો છે. આઠ કોર સેક્ટરમાં સિમેન્ટ, કોલસો, ક્રૂડ ઓઈલ, વીજ, ખાતર, નેચરલ ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ્સ અને સ્ટીલ સમાવિષ્ટ છે. જે આઈઆઈપીમાં 40 ટકા વેઈટેજ ધરાવે છે.

# ટાટા હાઉસના તનિષ્કે જ્વેલરી ડેસ્ટિનેશન રિવાહ બાયનું કેમ્પેઇન લોન્ચ કર્યું

મુંબઇ । તા. 31

ટાટા હાઉસ તરફથી ભારતની અગ્રણી વેડિંગ જ્વેલરી ડેસ્ટિનેશન રિવાહ બાય તનિષ્કે એક હૃદયસ્પર્શી કેમ્પેઈન લોન્ચ કર્યું છે જે આધુનિક નવવધૂની ઊજવણી કરે છે જે તેની પોતાની વાત રજૂ કરે છે. લોવ લિન્ટાસ દ્વારા કલ્પિત આ કેમ્પેઈન તેની પ્રગતિશીલ માનસિકતા, માન્યતા તથા આ તેના લગ્ન માટે પણ કેટલું સાચું છે તેના પર પ્રકાશ પાડે છે. તનિષ્ક ટીવી પર તેની સૌપ્રથમ 3 મિનિટ લાંબી બહુભાષીય ફિલ્મ લોન્ચ કરે છે જે ભારતની વિવિધતા રજૂ કરે છે તથા સંમોહક અને વ્યાપકપણે વાર્તા રજૂ કરવાના બ્રાન્ડના વારસાને જોડે છે. આ મલ્ટી-સ્ટારર ફિલ્મ વિવિધ પ્રદેશોના કલાકારો સમાવિષ્ટ છે જે ભારતમાં વિવિધ રાજ્યોમાં વૈવિધ્યસભર પ્રેક્ષકો સાથે તનિષ્કના ગહન જોડાણ અને સંબંધ પર ભાર મૂકે છે.

'ફોર મેરેજીસ ક્રાફ્ટેડ ફોર યુ' એ આ કેમ્પેઈનનો સાર છે જે એ વિચારને રજૂ કરે છે કે આધુનિક નવવધૂ તેના લગ્નની સફરને ઓપ આપવામાં સક્રિય ભૂમિકા ભજવે છે. આજની નવવધૂ ટ્રેઈલબ્લેઝર છે, નવા સાથે જૂનાને ભેળવે છે, પોતાને તેની વાર્તાના કેન્દ્રસ્થાને રાખે છે. પરંપરાગત મૂલ્યો અને આધુનિક ઉછેરને સરખું મહત્વ આપવા સાથે તે એક સમાન જીવનસાથી તરીકે તેના વર સાથે આ નવા અધ્યાયનો પ્રારંભ કરે છે. સાથે મળીને તેઓ સ્વીકૃતિ અને પરિવર્તનની સફર શરૂ કરે છે અને આ રીતે આધુનિક



સંબંધો તથા લગ્નોના બદલાતા સંબંધોને દર્શાવે છે. આ ફિલ્મ ન કેવળ નવવધૂ અને તેના પરિવાર દ્વારા વહેંચાતી હૂંફ અને સંબંધોની ઊજવણી કરે છે પરંતુ તેની લગ્નની સફરમાં આગળ વધતા નવવધૂની એજન્સી પર પણ પ્રકાશ પાડે છે. તનિષ્કની સાચી શૈલીમાં વાર્તા કહેવાની આ રીત આકર્ષક, મનમોહક અને લાગણીસભર બની રહે છે જે પરંપરાગત મૂલ્યો અને લગ્નના પરિપ્રેક્ષ્યમાં આ સમય પર આધુનિક અને પ્રગતિશીલ દ્રષ્ટિકોણ સાથે હૃદયસ્પર્શી અભિગમ બનાવવાના બ્રાન્ડના વારસાને આગળ ધપાવે છે. આ ફિલ્મ એક માર્મિક છતાં એક સૂક્ષ્મ કથાના માધ્યમથી એક બોલ્ડ અને શક્તિશાળી સ્ટેટમેન્ટ રજૂ કરે છે અને અપેક્ષિત સામાજિક માપદંડોને પડકારે છે. નવવધૂ લગ્નો જે પરિવર્તનો લાવે છે તેના પર વિચાર કરે છે ત્યારે એક સવાલ કરે છેઃ શા માટે અપનાવવાની અને સમાધાન કરવાની જવાબદારી માત્ર તેના પર જ આવે છે? ફિલ્મ ત્યારબાદ તેના વરને સમાન જીવનસાથી તરીકે રજૂ કરે છે જે જવાબદારી વહેંચવા અને લગ્ન પછીની તેમની નવી જિંદગીમાં સાથે મળીને આગળ વધવા તૈયાર છે.

# યશ બેન્કના શેર એક વર્ષના ઉચ્ચ સ્તરેથી 28% ઘટ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

ખાનગી ક્ષેત્રની યસ બેન્કનો શેર 30 ઓગસ્ટે 0.51 ટકાના ઘટાડા સાથે રૂ. 23.62 પર બંધ થયો હતો. જો આ બંધ ભાવના આધારે જોવામાં આવે તો, છેલ્લા એક મહિનામાં બેંકનો શેર 8.06 ટકા ઘટ્યો છે, જ્યારે તે તેની 52 સપ્તાહની ઊંચી સપાટીથી 28.01 ટકા નીચે છે. આ વર્ષે 9 ફેબ્રુઆરીના રોજ યસ બેન્કના શેર 52 સપ્તાહની ઊંચી એટલે કે રૂ. 32.81 પર પહોંચી ગયા હતા. નિષ્ણાતોના મતે બેન્કના શેર વધુ ઘટીને રૂ.19-20ના સ્તરે પહોંચી શકે છે. કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝના વિશ્લેષકોએ યસ બેન્કના શેરને 'સેલ' રેટિંગ આપ્યું છે, જ્યારે તેનું વાજબી મૂલ્ય રૂ. 19 છે. માર્કેટ રિસર્ચ ફર્મ ઈક્વિનોમિક્સ રિસર્ચના સ્થાપક અને એમ.ડી. ચોકલિંગમે કહ્યું, 'અમે સ્ટોકને 'સેલ' રેટિંગ આપ્યું છે. બેંકિંગ ઉદ્યોગ ઘણા પડકારોનો સામનો કરે છે જેમ કે ધીમી ધિરાણ વૃદ્ધિ, અપેક્ષિત ધિરાણ નુકસાન માટે જોગવાઈની જરૂરિયાત, ક્રેડિટ ડિપોઝિટ રેશિયો ઘટાડવાની જરૂર વગેરે.' તેમણે કહ્યું, 'આ પડકારો સિવાય, યસ બેંકે નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) ઘટાડ્યું છે, જે કંપની માટે પ્રતિકૂળ છે.

# આદિત્ય બિરલા ગ્રૂપ ઈન્દ્રિયા બ્રાન્ડ સાથે અમદાવાદમાં એક નવો સ્ટોર ખોલીને તેની ફૂટપ્રિન્ટ વધારી રહ્યું છે

(એજન્સી) અમદાવાદ । તા. 31

અમદાવાદ આદિત્ય બિરલા ગ્રૂપના ચેરમેન શ્રી કુમાર મંગલમ બિરલાએ ગયા મહિને 'ઈન્દ્રિયા' બ્રાન્ડ સાથે તેમના ગ્રૂપ દ્વારા જ્વેલરીની રિટેલ માર્કેટમાં તેમની શરૂઆતની જાહેરાત કરી હતી. આ ગ્રૂપ ઝડપથી વિસ્તરી રહેલ રૂ.6.7 લાખ કરોડની ભારતીય જ્વેલરી માર્કેટમાં પ્રવેશ કરીને વેપાર કરવા ઈચ્છે છે.

આ લોન્ચ સાથે આ ગ્રુપે એક સાથે દેશભરમાં ચાર સ્ટોર્સ ખોલવાની જાહેરાત કરી હતી. - બે સ્ટોર દિલ્હીમાં, એક ઈન્દોરમાં અને એક જયપુરમાં અને આજે, તેઓએ અમદાવાદના શિવરંજનીમાં એક નવા અને ભવ્ય સ્ટોરના લોન્ચની જાહેરાત કરીને તેમના આ નવીનતમ વિસ્તરણની જાહેરાત કરી હતી. ભારતમાં એક મુખ્ય આર્થિક હબ તરીકે અમદાવાદ, તેના ગતિશીલ ગોલ્ડ ઉદ્યોગ અને જ્વેલરી અને ડાયમંડની નિકાસ માટે પ્રખ્યાત છે. ઈન્દ્રિયા બ્રાન્ડ માટે, આ શહેર ભારતના સૌથી આશાસ્પદ બજારો પૈકી એક છે અને આ સ્ટોર સાથે આ ગ્રૂપ તેના સમૃદ્ધ અને વૈવિધ્યસભર ગ્રાહકો સાથે તેના સંબંધો વિકસાવવા માટે આકર્ષક તક છે. પરંપરાગત




કારીગરી સાથે આધુનિક વાણિજ્ય વ્યવસ્થા દ્વારા અમદાવાદ જ્વેલરી રિટેલ માટે આ સ્ટોર એક અનન્ય વાતાવરણ ઊભું કરે છે. જ્વેલરી માર્કેટમાં પ્રવેશવા માટેનું ગ્રૂપનું આ વ્યૂહાત્મક પગલું તેના માટે વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે આ તેમના ગ્રાહક પોર્ટફોલિયોને વધુ મજબૂત કરે છે, અને તેની ભવ્ય બ્રાન્ડ ઈક્વિટી અને બજારની આંતરદૃષ્ટિનો લાભ સૌને આપે છે. ઈન્દ્રિયા બ્રાન્ડનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં ભારતના ટોચના ત્રણ જ્વેલરી રિટેલર્સમાં સ્થાન મેળવવાનું છે. આ પગલું ભારતમાં જ્વેલરી રિટેલ બજારમાં ક્રાંતિ લાવવા સાથે આદિત્ય બિરલા ગ્રૂપની પ્રતિબદ્ધતા દર્શાવે છે એને આ મહત્વાકાંક્ષી સાહસ માટે આ ગ્રૂપને રૂ. 5,000 કરોડનું અભૂતપૂર્વ રોકાણ મળ્યું છે. ઈન્દ્રિયા એ સંસ્કૃતમાંથી આવેલ નામ છે, જે સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનો પર્યાય છે. તેનું સરળ શબ્દોમાં ભાષાંતર કરીએ તો, ઈન્દ્રિય એ 'ઇન્દ્રથી સંબંધિત' છે, જેનો અર્થ શક્તિ થાય છે, અને તે મનુષ્યની પાંચ ઈન્દ્રિયોની શક્તિને દર્શાવે છે, આ ઈન્દ્રિયો જે આપણી ચેતના છે, જે આપણને દરેક વસ્તુનો અનુભવ કરાવે છે અને આપણી આસપાસની દુનિયાનું અન્વેષણ કરે છે અને આપણા અસ્તિત્વને વ્યાખ્યાયિત કરે છે!

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, શ્રાવણ વદ-13

# 'રેવડી'નું પરિણામ

જાતજાતના લલચામણા વાયદા અને રેવડીઓના સહારે હિમાચલ પ્રદેશની સત્તા હાથમાં લેવામાં સફળ રહેલી કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખ્ખુએ બે મહિના સુધી પગાર નહિ લેવાની જે જાહેરાત કરવી પડી, તેનાથી એ તો ખબર પડે જ છે કે રાજ્યની આર્થિક સ્થિતિ ઠીક નથી, પરંતુ એ સમજવું કઠિન છે કે આખરે તેઓ અને તેમના મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે તો આર્થિક હાલત કેવી રીતે સુધરી જશે? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે તેમણે એ ન કહ્યું કે તેઓ અને તેમના સહયોગીઓ બે મહિનાનો પોતાનો પગાર હંમેશ માટે છોડી રહ્યા છે. જોકે જો એવું કરતા તો પણ તે ઊંટના મોંમાં જીરા સમાન હોત. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને પણ આગ્રહ કર્યો છે કે તેઓ પણ તેમનું અનુસરણ કરે. શું તેના પછી તેઓ સરકારી કર્મચારીઓને પણ આવી કોઈ અપીલ કરવાના છે? સારું એ રહેશે કે તેઓ ત્યાગ કરવાના સંદેશ આપતા ફરવાને બદલે રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા માટે કોઈ ઠોસ પગલાં ભરે. એવું કરતાં તેમણે આત્મમંથન પણ કરવું જોઈએ કે રાજકીય લાભ માટે રેવડીઓ વહેંચવાના ચૂંટણી વાયદા કરવા કેટલું યોગ્ય હતું? કોંગ્રેસે કમ સે કમ હવે તો એ સમજી જ જવું જોઈએ કે આર્થિક નિયમો અને નાણાંકીય સ્થિતિની અવગણના કરીને લોભામણા વાયદા કરવા તો આસાન છે, પરંતુ તેને પૂરા કરવા કઠિન. બધા જાણે છે કે હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકાર પોતાના કેટલાય ચૂંટણી વાયદાને હજુ સુધી પૂરા કરી શકી નથી. તેના કેટલાક વાયદા એવા પણ હતા, જે અધકચરા જ પૂરા કરી શકાય છે. ચૂંટણી વાયદાને 'ખટાખટ' પૂરા કરવાની રેવડી આપનારા કોંગ્રેસના નીતિ-નિયંતાઓની સાથે આમ જનતાએ પણ આત્મમંથન કરવાની જરૂર છે. તેને એ આભાસ હોવો જોઈએ કે લોભામણા વાયદા કરનારાઓ તેમને છેતરે તો છે જ, સાથે જ તેમના ભવિષ્ય સાથે પણ રમત કરે છે. આ આભાસ માત્ર હિમાચલ પ્રદેશ જ નહીં, અન્ય રાજ્યોની જનતાને પણ થવો જોઈએ, કારણ કે રેવડી સંસ્કૃતિ અપનાવનારા રાજકીય પક્ષો વધતા જાય છે. એ કોઈથી છૂપું નથી કે જેમ હિમાચલ પ્રદેશ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યું છે, એવી જ રીતે કર્ણાટક અને કેટલાંક અન્ય રાજ્યો પણ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યા છે. કેટલાક રાજકીય પક્ષો તો એવા છે, જે મફતખોરીની યોજનાઓનો વાયદો કરીને સત્તામાં તો આવી ગયા પછી તેને લાગુ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે વધારાના નાણાંની ભીખ માગતા રહે છે. જ્યારે કેન્દ્ર સરકાર તેમની માંગ પૂરી કરવા તૈયાર નથી થતી તો તેઓ જે-તે રાજ્યની જનતાની અવગણના કરવાના આરોપ કરવા લાગે છે. શું એ કોઈથી છૂપું છે કે કેટલાંક રાજ્યોએ કોઈક રીતે એવો માહોલ બનાવ્યો હતો કે સામાન્ય બજેટમાં બિનભાજપ શાસિત રાજ્યોની ઉપેક્ષા કરવામાં આવી છે? એ જ રીતે દિક્ષણના રાજ્યો પણ એવો આરોપ લગાવી ચૂક્યા છે કે કેન્દ્ર સરકાર તેમની સાથે ઓરમાયો વ્યવહાર કરી રહી છે.

# ગરીબ કલ્યાણ મેળા - 2024 અંતર્ગત જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને ગરીબ કલ્યાણ મેળાના પૂર્વ આયોજન અંતર્ગત જિલ્લાના સંબંધિત તમામ અધિકારીશ્રીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી બેઠક યોજવામાં આવી હતી.

કોઈપણ લાભાર્થી લાભથી વંચિત રહી ન જાય તેની તકેદારી રાખવા સૂચના આપતાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ કહ્યું હતું કે, તમામ વિભાગોએ પોતાના તરફથી કરવામાં આવતી કામગીરીને વહેલી તકે પૂર્ણ કરી પાત્રતા ધરાવતા લોકોનો સર્વે કરી આવનાર ગરીબ કલ્યાણ મેળામાં પાત્રતા ધરાવતા તમામ લોકોને લાભ મળી રહે તેની ઝડપથી જોગવાઈ કરવી.




સરકારશ્રી દ્વારા આપવામાં આવતી દિવ્યાંગ સહાય યોજના, બસ પાસ યોજના, વિધવા સહાય, વાજપાઇ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, સ્માર્ટ ફોન યોજના, પી. એમ. સ્વનિધિ યોજના, આવાસ યોજના, ગ્રુપ નર્સરી, આયુષ્યમાન કાર્ડ, મહિલા ઉત્કર્ષ યોજના જેવી તમામ યોજનાઓ લોકોને મળી રહે તે માટે લાભાર્થીઓની યાદી તૈયાર કરવા સૂચના આપવામાં આવી હતી.

આ સાથે કલેક્ટરશ્રીએ વરસાદના કારણે લોકોને થયેલા નુકસાન અંગે પણ તમામ અધિકારીશ્રીઓને નુકસાનીને ધ્યાને લઈને જે કઈ ચુકવણું કરવાનું થતું હોય તે વહેલામાં વહેલી તકે થઈ જાય અને તાત્કાલિક અને યુદ્ધના ધોરણે કામગીરી કરવા ઉપરાંત રોડ - રસ્તા પેચવર્કની પણ કામગીરી ઝડપથી થાય એ માટે તકેદારી રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી બી. એમ. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી મીતેશ વસાવા,નાયબ કલેકટર શ્રી ગૌતમ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલીંદ દવે, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાઠવા, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફઓફિસર શ્રીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી પ્રથિક દવે,નાયબ પશુપાલન નિયામક શ્રી કમલેશ ગોસાઇ,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ઉદય ટીલાવત,જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એસ.એલ.દામા,જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી આરત બારિયા,સહિત મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ઉપરાંત તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત" ડાંગ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા 3.83 લાખની કિંમતનો મુદામાલ મૂળ માલિકોને પરત કર્યો

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલનાં માર્ગદર્શન હેઠળ સાઈબર ક્રાઈમ વિભાગનાં પી. આઈ. વી.કે.ગઢવી તથા લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ. આઈ. કે.જે.નિરંજનની ટીમ દ્વારા 'તેરા તુજકો અર્પણ 'કાર્યક્રમ અંતર્ગત 2 લાખ રૂપિયાની કિંમતના મોબાઈલ તથા ફ્રોડમાં ફ્રીજ થયેલ 1.82 લાખ રૂપિયા અરજદારોને પરત આપવામાં આવ્યા ત્યારે ડાંગ જિલ્લાની એલસીબી અને સાયબર



પોલીસની ટિમો દ્વારા કામગીરીની સરાહના કરવામાં આવી હતી.'તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં' ચાલુ માસ દરમ્યાન ડાંગ જિલ્લાનાં અરજદારોએ ડાંગ જિલ્લાના અલગ- અલગ પોલીસ સ્ટેશન ખાતે મોબાઈલ ખોવાઈ જવા બાબતે કે ફ્રોડ થયેલ નાણા અંગે અરજીઓ આપેલ હતી.જે અરજીઓ એલ.સી.બી.શાખા ડાંગ-આહવા ખાતે મંગાવી લઈ C.E.I.R પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હતી.જે અરજીઓ પોલીસ સ્ટેશનના બીટ ઈન્ચાર્જ તથા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ. કે.જે.નિરંજન તથા સાયબર ક્રાઈમ વિભાગનાં પી.આઈ.વી.કે ગઢવી એ ટેકનીકલ સ્ટાફ સાથે સંકલનમાં રહી હ્યુમન અને ટેકનીકલ શોર્સથી તપાસ કરી કરાવડાવી લઈ અરજદારોના કુલ નંગ-12,કિંમત રૂા.2,00980/- નાં મોબાઈલ ફોન પરત આપવામાં આવેલ છે. તેમજ સાયબર ક્રાઈમમાં ભોગ બનેલ વ્યકિતઓ કે જેઓ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન આહવા ખાતે આવી પોતાની સાથે થયેલ સાયબર ફ્રોડ બનાવ અંગે હકિકતલક્ષી રજુઆત અરજીઓ કરેલ હતી અને તે અરજીઓની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન આહવા દ્વારા કરી કરાવડાવી ફ્રોડમાં ગયેલ રકમ કુલ. રૂ.1,82,057/- અરજદારોને પરત આપવામાં આવેલ છે.

## NEWS TRACK

### વરસાદે વિરામ લેતાં : નર્મદા જિલ્લામાં આરોગ્ય ટીમ દ્વારા થઇ રહેલી દવા છંટકાવની કામગીરી



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા ભારે વરસાદના વિરામ બાદ જિલ્લામા જરૂરી જગ્યાએ સાફ-સફાઈ, રોડ-રસ્તા રિપેર સહિત આરોગ્ય વિભાગ દ્વારા દવા છંટકાવની કામગીરી હાથ ધરાઈ રહી છે. ત્યારે નર્મદા જિલ્લાના વિવિધ ગામોમાં જઈને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા દવા છંટકાવની સઘન કામગીરી કરવામા આવી રહી છે. સાથો- સાથ નાગરિકોની આરોગ્યની તપાસ પણ કરવામાં આવી છે. લોકોને કોઈ પણ જાતની બીમારી કે ગામોમાં મચ્છરના ઉપદ્રવ્યો ન ફેલાય એના માટે આરોગ્ય વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવી છે. જેમાં ખાસ કરી એન્ટિલાર્વા,દવા છંટકાવ કામગીરી, બીપી ડાયાબિટીશ તપાસ, ક્લોરિન ગોળી વિતરણ અને પીવાના પાણીનું કલોરીનેશન અને ફોગિંગ કામગીરી હાથ ધરાઈ છે.

### ચાણસ્મા પાલિકા દ્વારા વરસાદ બાદ વેપારીઓને સ્વચ્છતા જાળવવા જાહેર નોટીશ અપાઈ

નિતીન ઠાકર | ચાણસ્મા

એક અઠવાડીયા સુધી સતત વરસેલા વરસાદના કારણે મચ્છર જન્ય રોગચાળો ફેલાવવાની દહેશત ના કારણે ચાણસ્મા નગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગ નિયંત્રણ સદર્ભે અગમચેતી ના પૂર્વાયોજન ના ભાગ રૂપે ચાણસ્મા નગરપાલિકા દ્વારા ચાણસ્મા ના વિવિધ વિસ્તારો માં દવા મચ્છર ના નાશ માટે દવા છંટકાવ કરાયો હતો જ્યારે દુકાનદારો શાકભાજી ની લારી ધારકો નાસ્તા ની લારી ધારકો ચા ની લારી કિટલી ધારકો ગંદકી ન કરે અને કસ્ટબીન નો ઉપીયોગ કરવા નગરપાલિકા દ્વારા કડક સૂચના ઓ ડોર ટુ ડોર ફરી ને આપવામાં આવી છે કોઈ દુકાન આગળ ચા નાસ્તા ની દુકાન આગળ ગંદકી જોવા મળશે સ્થળ પર દંડ વસુલ કરવામાં આવશે તેમ જાહેર નોટીશ આપી કડક સુચના આપવા માં આવી હોવાનું પાલિકા ચીફ ઓફિસરે જણાવ્યું હતું.

### ઈન્દ્રવર્ણા ગામમાં પરિવાર વચ્ચે જમીન અને ઘર બાબતે મારામારી, ચાર વિરૂદ્ધ ફરિયાદ

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં આવેલા ઈન્દ્રવર્ણા ગામમાં એકજ પરિવારના સભ્યો વચ્ચે જમીન અને મકાન બાબતે મારામારી થયા પોલીસ ફરિયાદ થઈ છે મળતી માહિતી ઈન્દ્રવર્ણા ગામમાં થયેલી મારમારી બાબતે ભાવેશભાઈ કંચનભાઈ જાતે તડવી, રહે- ઈંદ્રવર્ણા ટેકરા ફળીયુ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ (૧) વિનોદ ભાઇ કંચનભાઇ તડવી (૨) રમીલાબેન કંચનભાઇ તડવી (૩) રમણભાઇ મોહનભાઇ તડવી (૪) ધીરજભાઇ રમણભાઇ તડવી તમામ રહે. ઈંદ્રવર્ણા ટેકરા ફળીયુ નાઓએ તેમને જમીન તથા ઘરમાં ભાગ બાબતે વાત કરતા તેમના મોટભાઈ વિનોદભાઇ તથા કાકા લાકડી વડે મારા માથાના ભાગે તથા બરડાના ભાગે તથા ડાબા હાથના બાવડાના ભાગે સપાટા મારી ઈજા પહોચાડી તથા માતા રમીલાબેન કંચનભાઇ તડવી એ તથા મારા કાકાનો છોકરો ધીરજભાઇ રમણભાઇ તડવી નાઓએ મને પકડી રાખી ઢીકા પાટુનો માર મારી ગમેતેમ ગાળો બોલી જાનથી મારી નાખવની ધમકી આપી એક બીજાની મદદગારી કરી ગુનો કરતા ગરુડેશ્વર પોલીસે ચાર વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ દ્વારા કલેક્ટર અને શિક્ષણાધિકારીને રજૂઆત કરાઇ

ભરત શાહ | રાજપીપળા



'શિક્ષક કભી સાધારણ નહિ હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમે ખેલતે હૈ !' આ ઉક્તિ ચાણક્ય દ્વારા જેમના માટે કહેવામાં આવી છે એવા શિક્ષક મિત્રોની હાલત ખૂબ દયનીય છે. એક તરફ શિક્ષણ વિભાગ દ્વારા અનેક કામગીરી સોંપવામાં આવે છે બીજી બાજુ ચુંટણી પંચ દ્વારા પણ શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાં ફરજિયાત મૂકવામાં આવે છે. શિક્ષક મિત્રો બી એલ ઓ અને અન્ય બિન શૈક્ષણિક કામગીરી કરવામાં સમય આપે તો અભ્યાસક્રમ ચલાવવાનો બાકી રહી જાય છે. આવા અનેક પ્રશ્નોના નિરાકરણ માટે નર્મદા જિલ્લાના શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ દેવેન્દ્રભાઈ જાદવ દ્વારા જિલ્લા સમાહર્ત એસ.કે. મોદીની રૂબરૂ મુલાકાત કરી શિક્ષક મિત્રોને બિન શૈક્ષણિક કામગીરી માંથી મુક્તિ આપવામાં આવે તથા ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કામ કરી રહ્યા અન્ય કર્મચારીઓને આ કામગીરી સોંપવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે. સાથે સાથે જિલ્લાના તમામ શિક્ષકોના મૂળભૂત અને પડતર રહેલા પ્રશ્નો અંગે જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીને પણ આવેદનપત્ર પાઠવીને રજુઆત કરવામાં આવી છે એમ જિલ્લાના પ્રચારમંત્રી અમિત ગીરી ગોસ્વામીની એક યાદીમાં જણાવાયું છે.

# ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા જિલ્લાના માર્ગોની તાત્કાલિક મરામતની કામગીરી શરૂ કરાઇ

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લામાં ભારે વરસાદ પછી ઉદભવેલી પરિસ્થિતિનું આકલન કરીને કલેક્ટર એસ. કે. મોદીના નેતૃત્વમાં વહીવટી તંત્રના તમામ વિભાગના અધિકારીઓ-કર્મીઓએ જિલ્લામાં જ રહીને પ્રજાજનો પ્રત્યેની પોતાની કર્તવ્યનિષ્ઠા દાખવી રહ્યાં છે. જો કે નર્મદા જિલ્લામાં ભારે વરસાદના કારણે કોઈ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ નથી. હવે પાણી ઓસરી ગયા છે. ઉઘાડ કાઢતા હવે વરસાદે વિરામ બાદ માર્ગમકાન વિભાગના કાર્યપાલક ઈજનેર ટીમ નર્મદા પ્રજાજનોને વાહન ચલાવવામાં કોઈ પણ તકલીફ ન પડે તે માટે શ્રમિકો ખડેપગે પેચવર્ક કરી ફરજ નિભાવી રહ્યા છે.

નર્મદા માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા પણ વાહનચાલકોને અવરજવર માટે કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે તેવા આશય સાથે નાંદોદ તાલુકામાં રાજપીપલા-અંકલેશ્વરને જોડાતો માર્ગ, આમલેથા, મોટા રાયપુરા, ખામર-વિરપુર અને રસેલા-પોઈચા રોડ, દેડિયાપાડા તાલુકામાં ખુપર-બરસાન રોડ, સાગબારા તાલુકાના બોરદા-સેરુલા રોડ પર મેટલ પેચવર્ક કરીને ક્ષતિગ્રસ્ત માર્ગોને રિપેર કરવાની કામગીરી પુરજોશમાં કરવામાં આવી છે, ઉલ્લેખનીય છે કે, આ સિવાય પણ ક્ષતિગ્રસ્ત રસ્તાઓના મરામતનું કામ પ્રગતિ હેઠળ છે.

# વરસાદે વિરામ લેતા સુબિર તાલુકાનો ગીરમાળનો ગીરાધોધનો અધભુત નજારો



સુશીલ પવાર | ડાંગ

છેલ્લા બે ત્રણ દિવસથી રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં વરસાદી માહોલે વિરામ લીધો છે.ડાંગ જિલ્લામાં વરસાદી માહોલે વિરામ લેતા પ્રકૃતિ સહીત નાના મોટા જળધોધ સોળે કળાએ ખીલી ઉઠ્યા છે.ડાંગ જિલ્લામાં વરસાદી માહોલે વિરામ લેતા સુબિર તાલુકાનો ગીરમાળનો ગીરાધોધ રમણીય દ્રશ્યો રેલાવી રહ્યો છે.સુબિર તાલુકામાં આવેલો આ ગિરમાળનો ગીરાધોધ પોતાની અદભુત સુંદરતાથી પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે.ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનાં ગીરા નદી પર આવેલો ગીરાધોધ ડાંગ જિલ્લાનો સૌથી ઊંચો ધોધ છે.હાલમાં આ ધોધ પાણીનાં ખળખળાટ પ્રવાહથી ખીલી ઉઠતા પ્રવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુબિરથી સિંગાણા થઈને આ ધોધ સરળતાથી પહોંચી શકાય છે.આ ધોધની મુલાકાત લેવા માટે દૂર-દૂરથી પ્રવાસીઓ આવી રહ્યા છે.ડાંગ જિલ્લાનાં ગીરમાળનાં ગીરાધોધની નજીક પહોંચીને પ્રવાસીઓ પ્રકૃતિની અદભુત રચનાનો આનંદ માણી રહ્યા છે.

# પ્રતાપપરાના પર્યાવણ પ્રેમીની ગણેશજીની પ્રતિમા POPને બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ સ્થાપિત કરવા અપીલ



ભરત શાહ | રાજપીપળા

નાંદોદ તાલુકાના પ્રતાપપરા ગામના પર્યાવણ પ્રેમી રાજેશ વસાવા પ્રતાપપરા ગામમાં હરિ અનમોલ ગૌશાળામાં દેશી ગાયના છાણમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવે છે. મહિલાઓ દ્વારા બનાવેલી ઈકો ફ્રેન્ડલી ગણેશજીની 7000થી વધુ મૂર્તિ બનાવી પર્યાવરણની જાગૃતિ માટેનો સંદેશ પણ આપે છે, અને મહિલાઓને આ થકી તાલીમ અને રોજગારી પુરી પાડે છે. આટલી જાગૃતિ હોવા છતાં આજે પણ બજારમાં પીઓપીની મૂર્તિઓનું ચલણ જોવા મળે છે. જે પાણીમાં ઓગળતી ન હોવા ઉપરાંત તેના રંગો કેમિકલ વાળા હોવાથી નદીમાં વિસર્જન વખતે પીઓપી અને કેમિકલથી નદી પ્રદૂષિત થતી હોવા ઉપરાંત જળચર સજીવો માટે પ્રાણ ઘાતક હોય છે. સરકારને તંત્ર દ્વારા ગણેશ મૂર્તિ પીઓપીને બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ સ્થાપિત કરવા અપીલ કરી છે. જોકે ભક્તો અને આયોજકો આ પર્યાવરણ બચવાની અપીલને ધ્યાનમાં રાખી માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિની સ્થાપના કરે તો પર્યાવરણ બચી શકે. કારણકે માટીની મૂર્તિ પાણીમાં ઓગળી જાય છે અને પાણી પ્રદુષિત થતું નથી. રાજેશભાઇ વસાવાનું જણાવ્યું કે, આ મૂર્તિનું ઘરમાં જ ડોલના પાણીમાં વિસર્જન કરી શકાય છે અને ઓગળી ગયેલા પાણી છાણીયું ખાતર બની જાય છે. આ ખાતર વાળું પાણી ખેતરમાં કે કુંડાના છોડમાં રેડી દેવાથી ઓર્ગેનિક ખાતર મળી જાય છે. આમ નદીને પ્રદૂષિત થતી અટકાવી શકાય છે.

### રાજપીપળાની જેટકો કંપની હસ્તકની એજન્સીના 66 કર્મચારીઓને 4 માસથી પગાર મળ્યો નથી



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળામાં આવેલી જેટકો કંપની માં આઉટસોર્સીસ થી કામ કરતા 66 જેટલા કર્મચારીઓ ને છેલ્લા ચાર મહીના થી પગાર નહિ મળતા આર્થિક મુશ્કેલી સહન કરતા કર્મચારીઓ એ આખરે કામનો બહિષ્કાર કર્યો હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી મુજબ સરકાર ના ઉર્જા વિભાગ ની જેટકો કંપની જે વિવિધ સબસ્ટેશનો ની જાળવણી નું કામ કરે છે તેની હસ્તક ની JBS ઓઉટસોર્સીસ કંપની ના 66 જેટલા હેલ્પર , સુપરવાઈઝર સહિતની ફરજ બજાવતા કર્મચારીઓ ને છેલ્લા ચાર મહિના થી પગાર નથી મળ્યો જેથી કર્મચારીઓ આર્થિક મુશ્કેલી માં મુકાયા છે અને તેમની તહેવારો ની ઉજવણી બગાડી છે ત્યારે જાણવા મળ્યા મુજબ કર્મચારીઓ એ હાલ રોજબરોજ ની કામગીરીનો બહિષ્કાર કર્યો છે ત્યારે આ પરિસ્થિતિ ને પહોંચી વળવા જેટકો ના અધિક્ષક ઈજનેરે તેમના તાબા હેઠળ ના અછાલીયા વગેરે કચેરી ના કાર્યપાલક ઈજનેરો ને સૂચના આપી છે ત્યારે કર્મચારીઓ નો પગાર નહિ થવા પાછળ જવાબદાર કોણ ? સરકારી ગ્રાન્ટ નો પ્રશ્ન છે ? કે જેબીએસ કંપની ની લાપરવાહી ? લોકલાગણી છે કે સરકાર સત્વરે કર્મચારીઓ ને પગાર મળે તેવી વ્યસ્વ્સ્થા કરે.

# પાંથાવાડામાં નવીન શોપિંગ સેન્ટરનું બાંધકામ અટકાવતાં દાંતીવાડા TDO

મહેશ સોલંકી | દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામનાં બસ સ્ટેન્ડ પાસે નવીન શોપિંગ સેન્ટર નું બાંધકામો ઓવર લેપીગ હોવાનું જાણવા મળતાં દાંતીવાડા ટી ડી ઓ દ્વારા શોપીંગ સેન્ટર બાંધકામ વાળી જગ્યા ઓવર લેપીગ થતું હોવાનું પ્રસ્થાપિત થયું છે ત્યારે દાંતીવાડા તાલુકા પંચાયત ટી ડી ઓએ બાંધકામ નાં સ્થળે જાહેર નોટીસ બોર્ડ લગાવવામાં આવે અને જ્યાં સુધી જગ્યાની માપણી ના થાય ત્યાં સુધી બાંધકામ અટકાવી દેવા તલાટી કમ મંત્રી આદેશ કર્યો છે ગામ પંચાયત ના ડેપ્યુટી સરપંચ અને સામાજિક ન્યાય સમિતિના સભ્ય શાંતિભાઈ પરમાર તંત્ર ને લેખીત રજુઆત કરી હતી અને ગામ પંચાયત દ્વારા બાંધકામ ની મંજુરી આપવામાં આવી હતી તેનો વિરોધ કર્યો હતો.

## અહો આશ્ચર્યમ | ભેંસે સફેદ પાડીને જન્મ આપ્યો

નિતીન ઠાકર | ચાણસ્મા



કુદરતની કળા અપરંપાર છે ચાણસ્મા તાલુકા ના વડાવલી ગામે રબારી સમાજ ના અગ્રણી મોતિભાઈ દેસાઇ ની ભેંસ નો વિયાર થતાં સફેદ રંગ ની પાડી જન્મી આમ તો ભેંસ કાળી હોય છે અને ભેંસ નું વિયાણ થતાં સફેદ પાડી જન્મતાં ગામ લોકો માં કુતુહલ સર્જતાં ભેંસના કુખે જન્મેલી સફેદ પાડી ને જોવા માટે ગામ લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતાં.

## દાહોદમાં નુકશાનગ્રસ્ત રસ્તા અને કોઝવેની મરંમત માટે ખડેપગે કામગીરી કરતું માર્ગ-મકાન વિભાગ

દિપક રાવલ | દાહોદ



રાજ્ય સહિત દાહોદ જિલ્લામાં ભારે વરસાદના પગલે જનજીવન અસરગ્રસ્ત બન્યું છે. દાહોદ જિલ્લામાં ભારે વરસાદ પડવાના કારણે માર્ગ અને મકાન વિભાગ હસ્તક સ્ટેટ અને પંચાયતના કેટલાક રસ્તાઓને નુકશાન થયેલ હતું.વાહનવ્યવહાર પૂર્વવત કરવા દાહોદ માર્ગ-મકાન વિભાગ પંચાયત દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં હાઈવે તથા ગ્રામ્ય રસ્તાઓને નુકશાન પહોંચ્યુ છે ત્યારે વરસાદી આફતથી થેરકા માછણ નદી આવેલ કોઝવે, સહિત દાહોદ જિલ્લામાં અન્ય નાના મોટા રોડ રસ્તાઓને નુકશાન પહોંચતા માર્ગ-મકાન વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી સમારકામ હાથ ધરીને વાહન વ્યવહાર પુન: શરૂ કરવામાં આવી રહ્યો છે. જેના માટે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ, ૨૪ કલાક કાર્યરત જિલ્લા ડિઝાસ્ટર ટીમ અને દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

# મહીસાગર પોલીસ દ્વારા મેઘા ડ્રાઈવનું આયોજન કરાયું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ગેરકાયદેસર દબાણો દૂર કરીને બિનઅધિકૃત રીતે પાર્ક કરેલા વાહનોને ડીટેલ કરવાની કામગીરી પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા નગર ખાતે ઘણા વર્ષોથી પાર્કિંગની સમસ્યા નો સળગતો પ્રશ્ન જોવા મળી રહ્યો છે જિલ્લામાંથી વિવિધ વિસ્તારોમાંથી પોતાના નાના-મોટા કામો અર્થે આવતી જનતાને પોતાના વાહનો પાર્ક કરવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહેલો જણાઈ રહ્યો છે જેના કારણે પાર્કિંગના આવા સળગતા પ્રશ્નના લઈને જનતા પોતાના વાહનો આડેધડ નગરના જે તે વિસ્તારોમાં કે જાહેર માર્ગ ઉપર પાર્ક કરી દેતા હોવાથી ઘણી વખત જનતાને પણ અવરજવરમાં ભારે હાલાકી પડતી જણાઈ રહી છે. ત્યારે મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફિક અંગે મેગા ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લુણાવાડા નગરના મુખ્ય હાઈવે પર આવેલ દુકાનોની આગળ પાર્કિંગની જગ્યાએ આડેદર ગેરકાયદેસર રીતે દબાણો ખડકી દેવામાં આવ્યા હતા. જ્યારે બીજી બાજુ આ હાઈવે માર્ગ ઉપર ગેરકાયદે તરીકે જનતાને પણ અવરજવરમાં અવરોધ ઊભો થાય એ રીતે વાહનો પાર્કિંગ કરી દેવામાં આવ્યા હોઈ તેમની સામે પણ મહીસાગર પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને લુણાવાડા નગરમાં મેઘા ડ્રાઈવનું આયોજન કરીને નગરના વિવિધ માર્ગો ઉપર આવેલી દુકાનો આગળ બિનઅધિકૃત રીતે દબાણોનું અડિંગો જમાવી દેવામાં આવ્યો હતો તેને પોલીસ તંત્ર દ્વારા દૂર કરીને જગ્યાને ખુલ્લી કરાવવામાં આવી હતી દુકાનોની આગળ મૂકવામાં આવેલા તોતિંગ બોર્ડ, હોડિંગ્સ બેસવા માટેના બોકડાઓ તેમજ બીજો અન્ય માલ સામાન મૂકવામાં આવ્યો હતો તેવા દુકાનદાર માલિકો સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



### રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય તંત્ર કરી રહ્યું છે સજજતા સાથે આરોગ્ય વિષયક કામગીરી



દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં વરસાદ બાદ રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય તંત્ર દ્વારા સજજતા સાથે આરોગ્ય વિષયક કામગીરી કરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં સેનેટાઈઝેશન અને ક્લોરીનેશનની કામગીરી શરૂ કરી છે દાહોદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના ગામોમાં આરોગ્ય સ્ટાફ દ્વારા પીવાના પાણી માટે ઉપયોગમાં લેવામાં આવતા ગામના કૂવાને ટાંકામાં ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી આ ઉપરાંત મેલેરીયા ડેન્ગ્યુ ટાઈફોડ થી બચવા માટે ડાય ફ્લૂ બેન્ઝયુરેન ૨૫% થી સ્પ્રેયિંગ ની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ગામમાં ભરાયેલા ખાબોચિયામાં ઓઈલ ના દડા નાખવાની કામગીરી કરવામાં આવી છે.

# વજન ઓછો કરવા માટે ભૂખ્યા રહેવાની જરૂર નથી



## ડાયેટિંગ વગર વજન ઘટાડવાની ઘણી રીતો જણાવીશું

## હેલ્થીફૂડ તમને તંદુરસ્ત વજન જાળવવામાં મદદ કરી શકે છે

## સારું ખાવાનું ચાલુ રાખવા માંગતા હો, તો નિયમિત કસરત કરો

જેમનું વજન ખુબ જ વધી ગયું છે, તેઓ પોતાનું વજન ઘટાડવા માટે ઘણી વસ્તુઓ કરતા રહે છે. આજે અમે તમને અહીં ડાયેટિંગ વગર વજન ઘટાડવાની ઘણી રીતો જણાવવા જઈ રહ્યા છીએ. ચાલો જાણીએ. જ્યારે તમે થોડા કિલો વજન ઉતારવાનું વિચારો છો, ત્યારે તમે ચોક્કસપણે તમારા મનપસંદ ખોરાકને છોડી દેવાનું નક્કી કરો છો. પરંતુ આહાર તમને તંદુરસ્ત વજન જાળવવામાં મદદ કરી શકે છે. અન્ય ઘણી રીત છે જે તમારા વજન ઘટાડવાની પ્રક્રિયામાં મદદ કરી શકે છે. વજન ઘટાડવું એટલું જ સરળ છે જો તમે યોગ્ય સમર્પણ આપો અને ધ્યાન રાખો. તમે તમારી જાતને સ્વાદિષ્ટ ખોરાકથી વંચિત રાખ્યા વિના પણ આ કરી શકો છો. કોઈપણ પ્રકારના ડાઈટ વગર વજન ઘટાડવાના તમારા લક્ષને પ્રાપ્ત કરવાની રીતો જાણો.

### વ્યાયામનું છે મહત્વ

જો તમે થોડા કિલો વજન ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હોવ તો શારીરિક કસરત ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારા શરીરમાંથી તમે જે વધારાની કેલરી લો છો તેને બાળી નાખવાની જરૂર છે. વજન ઉતારવા માટે નિયમિત કસરત અથવા કોઈપણ પ્રકારની શારીરિક પ્રવૃત્તિ કરતાં વધુ સારી રીત નથી. ઓછું ખાવું અને સક્રિય રહેવું એ વજન ઘટાડવા માટે શ્રેષ્ઠ સંયોજન નથી. તેથી, જો તમે સારું ખાવાનું ચાલુ રાખવા માંગતા હો, તો નિયમિત કસરતે વળગી રહો.

### ધ્યાનપૂર્વક ખાવાની પ્રેક્ટિસ કરો

જ્યારે તમે તમારો મનપસંદ ખોરાક છોડી ન શકો, તો તમારે ચોક્કસપણે તમારી ખાવાની ટેવો પર ધ્યાન આપવું જોઈએ. ખાતરી કરો કે તમે તમારા પેટ એટલે કે જરૂરીયાત કરતાં વધુ ખાતા નથી. જો તમે વજન ઓછું કરવા માંગતા હો, તો ઈચ્છા પ્રમાણે નહીં પરંતુ ક્ષમતા પ્રમાણે ખાવાનું રાખો.

### ખોરાકને યોગ્ય ચાવો



તે મહત્વનું છે કે તમે તમારા ખોરાકમાં નાના ટુકડા લો અને તેને યોગ્ય રીતે ચાવો. આનાથી તમારા પાચનમાં ફાયદો થશે. એટલું જ નહીં, તે તમને અતિશય આહાર ટાળવામાં પણ મદદ કરશે. ખોરાકને ધીરે ધીરે ચાવવાથી તમારા શરીરને ખોરાકની

### તણાવનું સ્તર ઘટાડો

તણાવ અને અસ્વસ્થતા અતિશય આહાર અને અવ્યવસ્થિત આહાર માટે એક્ટીવ ટ્રિગર્સ હોઈ શકે છે, જે બિનઆરોગ્યપ્રદ વજનમાં પરિણમી શકે છે. તે કોર્ટીસોલ નામનું હોર્મોન ઉત્પન્ન કરે છે જે તમારી ભૂખ વધારવાની વૃત્તિ ધરાવે છે . આ તમને અતિશય આહાર તરફ દોરી શકે છે. તેથી, જો તમને લાગે કે તમે તાજેતરમાં ઘણું વજન વધારી લીધું છે, તો તમારા તણાવ સ્તર પર નજર રાખવી જોઈએ અને તમારા મૂડને ફ્રી કરવા હકારાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવું જોઈએ.

### પુષ્કળ પાણી પીવું



વધારે ખાવું તમારા વજન માટે હાનિકારક નીવળી શકે છે. તેને અવગણવા માટે, તમારે હંમેશા તમારા જમતા પહેલાં પુષ્કળ પાણી પીવાનું રાખવું જોઈએ. આ ફક્ત તમારી તરસ જ નહીં ઘટાડે પરંતુ પણ લાંબા સમય સુધી તમને ભરેલા પેટનો અનુભવ કરાવશે, તેથી તમે ઓછું ખાશો.

# શું તમને મૂડ સ્વિંગ થાય છે?

## શરીરમાં આ વિટામિનની ઉણપ હોય શકે છે



ખુશ રહેવા માટે સારો મૂડ હોવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે તેનાથી દિવસ સારો જાય છે અને તણાવ ઓછો થાય છે. મૂડ સ્વિંગ તમારા સ્વાસ્થ્ય અને ઊંઘની પેટર્નને અસર કરી શકે છે. આવી સ્થિતિમાં તે સૌથી મહત્વપૂર્ણ છે કે તમે એ શોધો કે શા માટે તમને વારંવાર મૂડ સ્વિંગ થાય છે. તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે. ક્યારેક હોર્મોન્સમાં ફેરફારને કારણે મૂડ સ્વિંગ થાય છે તો ક્યારેક ગંભીર બીમારી પણ મૂડ સ્વિંગનું કારણ બની શકે છે. આ સિવાય શરીરમાં અમુક વિટામિન્સ અને મિનરલ્સની ઉણપને કારણે પણ મૂડ સ્વિંગ થઈ શકે છે. આપણા શરીરને અમુક પોષક તત્વોની જરૂર હોય છે, જે આપણને ખોરાકમાંથી મળે છે. આપણે માત્ર સ્વાદ માટે કે ભૂખ સંતોષવા માટે નહીં પણ શરીરની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ખોરાક લેવો જોઈએ. જ્યારે શરીરમાં વિટામીન અને મિનરલ્સની ઉણપ હોય છે ત્યારે તેની અસર આપણા કામ પર પડે છે. આવી સ્થિતિમાં વસ્તુઓને યાદ રાખવી, ધ્યાન કેન્દ્રિત કરવું, પોઝિટિવ વિચારવું અને સ્પષ્ટ રીતે વિચારવું મુશ્કેલ બની જાય છે. આ વિટામિન્સની ઉણપથી મૂડ સ્વિંગ થઈ શકે છે. ઘણા રિચર્ચમાં એ પણ જાહેર થયું છે કે, શરીરમાં વિટામિન્સ અને મિનરલ્સની ઉણપથી આપણા મૂડ પર અસર થાય છે. મૂડ સ્વિંગનું સૌથી મોટું કારણ વિટામિન્સ અને પોષણનો અભાવ હોઈ શકે છે. શરીરમાં વિટામિન બી, વિટામિન સી, વિટામિન ડી અને વિટામિન ઈની ઉણપથી મૂડ સ્વિંગ થઈ શકે છે. આ સિવાય કેલ્શિયમ, ક્રોમિયમ, આયર્ન, ઝિંક, સેલેનિયમ અને મેગ્નેશિયમ જેવા મિનરલ્સની ઉણપ પણ મૂડ સ્વિંગનું કારણ બની શકે છે. ઘણી વખત પોષણની અછતને કારણે શરીરમાં અન્ય સમસ્યાઓ પણ થાય છે. તમારા આહારમાં આ બાબતોને ધ્યાનમાં રાખો. તેથી તમારા આહારમાં પોષક તત્વો તપાસો. જેમ કે તમે દિવસમાં કેટલા પોષક તત્વો લઈ રહ્યા છો. મીઠું, ખાંડ અને તેલના સેવન પર ધ્યાન રાખો. આ ઉપરાંત બહારનો ખોરાક ખાવાનું ટાળો અને તે મુજબ તમારા આહારનું આયોજન કરો. તમારા આહારમાં દૂધ, ડેરી ઉત્પાદનો, ફળો, શાકભાજી, બદામ અને સિડ્સનો સમાવેશ કરો. વધુ લીલા પાંદડાવાળા શાકભાજી અને આખા અનાજ ખાઓ.

# આભમાં ઉડાન

વિખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને 1879માં 10 હજાર પ્રયોગ પછી વિશ્વમાં પહેલો વિદ્યુત બલ્બ બનાવ્યો. આપણે ટોર્ચમાં કે ટ્રાન્ઝિસ્ટરમાં જે સેલનો ઉપયોગ કરીએ છીએ તેમાં એડિસનને 50 હજારથી પણ વધુ પ્રયોગ પછી સફળતા મળી હતી. વિજ્ઞાની નેપોલિયન હિલે એડિસનને પૂછ્યું હતું, 'મિસ્ટર એડિસન ! જો તમને 50 હજાર એક્સપરિમેન્ટ પછી પણ સફળતા ન મળી હોત તો તમે શું કરત ?' એડિસન કહે, 'મિસ્ટર હિલ, તો હું તમારી સાથે વાતો કરીને મારો સમય બરબાદ ન કરતો હોત, પરંતુ મારી પ્રયોગશાળામાં વધારે પ્રયોગ કરી રહ્યો હોત.' એ જ એડિસનને 80 વર્ષે પૂછવામાં આવ્યું, 'તમારી સફળતાનું રહસ્ય શું ?' ત્યારે તેમણે કહેલું, 'સફળતા તો હજુ મેળવવાની બાકી છે. હા, છતાં સફળતા મેળવવા માટે છેલ્લાં 70 વર્ષથી સતત 16 થી 18 કલાક હું મારી લેબમાં ગાળું છું.' ઉપરોક્ત શબ્દ ઉચ્ચારનાર એડિસનને તેના એક શિક્ષક ગૂંચવાડિયો અને મૂર્ખ કહેતા. તેના પિતા પણ તેને 'ઠોઠ અને જડ નિશાળિયો' કહેતા. તેના મુખ્ય શિક્ષક તો કહેતા કે : 'તે ક્યારેય કોઈ વાતમાં કે કાર્યમાં સફળતા પ્રાપ્ત નહીં કરી શકે.' પરંતુ એડિસનના મનમાં આ શબ્દોની કોઈ અસર નહોતી. કારણ, તેના લોહીના પ્રત્યેક લયમાં પ્રામાણિકપણે કાર્ય કરવાની તમન્ના હતી, ઊંચાઈને પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છા હતી. તેથી જ તે વ્યક્તિએ વિશ્વને અપ્રતિમ સાધનોની અને નવા આવિષ્કારોની ભેટ આપી. સમગ્ર વિશ્વ તેના આ પ્રદાનનું સાક્ષી છે.

સફળતા પામવી એ મનુષ્યની ઈરછા પણ છે અને







મનુષ્યની ફરજ પણ છે. આપણે જ્યાં હોઈએ ત્યાં અને જે કરતાં હોઈએ ત્યાં કાંઈક અધિક, કાંઈક વિશેષ કરવાની ભાવના રાખવી જ જોઈએ. 'મારે અસીમિત આભમાં ઉડવું છે' એવી ઉત્કટ ઈચ્છા જ માનવીમાં અપાર શક્તિ પ્રેરે છે. એવી ભાવના સાથે પુરુષાર્થ ભળે તો મનુષ્ય સફળતાનાં આકાશમાં ઉડાન ભરે છે.

જીવનમાં ઉચ્ચતમ સફળતાની ઝંખના અનેક નિષ્ફળતાઓની વચ્ચે પણ માનવીને ટકાવી રાખે છે.

જૂનાગઢમાં લારી ઉપર ભજિયા વેચતા એક કિશોરને મનમાં થયું કે 'મારે કંઈક કરવું છે.' તેના માટે યોગ્ય અને પ્રામાણિક પુરુષાર્થ કર્યો. અંતે ૧૭મા વર્ષે આફ્રિકાના એડન શહેરમાં બાસ & કંપનીમાં પેટ્રોલિયમના સેલ્સ ડિપાર્ટમેન્ટમાં મહિને ૩૦૦ રૂપિયાના પગારની નોકરી મળી. તેની આ અદમ્ય ઈચ્છા ત્યાં સુધી જ સીમિત ન હતી.

પેટ્રોલ ભરવાની કામગીરી કરતાં કરતાં રોજ વિચાર આવતો કે એક દિવસ મારી પણ આવી કંપની હશે, હું પણ સફળ થઈશ. આ વિચાર સાથે ભારત આવી મુંબઈમાં ભૂલેશ્વરના કબૂતરખાનામાં એક નાની રૂમ ભાડે રાખી. પત્ની, બે પુત્રો, માતા, મોટાભાઈ, ભાભી અને તેમનો પુત્ર તેમ ૧૦ વ્યક્તિ સાથે વસવાટ શરૂ કર્યો. અનેક મુશ્કેલીઓ અને વિઘ્નો હતાં, વિષમ પરિસ્થિતિઓ હતી છતાં મનમાં દૃઢ નિર્ધાર હતો કે મારે સફળ થવું છે. તેથી ૧૫૦ રૂપિયામાં ઑફિસ ભાડે લીધી અને ૧૫,૦૦૦ રૂપિયામાં ભાગીદારીમાં કંપની કોર્પોરેશનની સ્થાપના કરી. જે આજે વિશ્વની શ્રેષ્ઠતમ કંપનીઓમાં અગ્રતાક્રમે છે. તે કંપની એટલે 'રિલાયન્સ કોમર્શિયલ કોર્પોરેશન' અને સફળતાની ઊંચાઈએ પહોંચનાર તે યુવક એટલે ધીરૂભાઈ અંબાણી.

પૃથ્વી ઉપર વસતો પ્રત્યેક માનવ સફળતાને પ્રાપ્ત કરી શકે છે. હા, આ સફળતા સાર્થક ત્યારે બને છે જ્યારે તેમાં વિશ્વને કાંઈક આપવાની ભાવના હોય.

બી.એ.પી.એસ. સંસ્થાના વડા પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ વિતરાગી સાધુ હોવા છતાં વિશ્વને ઉચ્ચતમ પ્રદાન કરવાની અદમ્ય ઈચ્છા ધરાવતા. તેથી જ ૫૦થી વધારે શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, અતિ આધુનિક સાધનોથી સજ્જ દવાખાનાઓ અને સેંકડો આદિવાસી ઉત્કર્ષ કેન્દ્રોનું સફળ સંચાલન કરીને સ્વામીજીએ વિશ્વ સમક્ષ એક અનુપમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે મંદિરોમાં મળવા આવતા અસંખ્ય મુલાકાતીઓની મૂંઝવણ તો દૂર કરી પરંતુ તે સાથે ૨૫૦૦૦૦થીય વધુ ઘરો સુધી પહોંચીને વ્યક્તિગત મુલાકાત દ્વારા લાખો લોકોના વિકટ પ્રશ્નોનું સમાધાન આપ્યું છે. વ્યસનમુક્તિ અભિયાન દ્વારા ૪૦ લાખ લોકોને કાતિલ વ્યસનોથી મુક્ત કરીને તેમણે એક કીર્તિમાન સ્થાપી દીધો. કૂદરતી હોનારત હોય કે પછી પર્યાવરણ જાગૃતિ અભિયાન હોય, બાલ સંસ્કારની પ્રવૃત્તિ હોય કે પછી યુવાશક્તિને રચનાત્મક દિશા આપવાની સિદ્ધિ હોય, પ્રમુખસ્વામી મહારાજ સદા સફળ રહ્યા છે. તેઓની આ કર્મઠતા પાછળ સમગ્ર જીવનને સેવાયજ્ઞની વેદી બનાવી સૌને સુખી કરવાની અદમ્ય ઈચ્છા જ હતી.

આપણે પણ ઊંચું નિશાન રોપીને લગનથી તેને પામવા મંડી પડવાની પ્રેરણા લઈએ.

**- ડૉ. સાધુ જ્ઞાનાનંદદાસ**

# અત્યારે મોટાભાગે 100 માંથી 60 તો 65% યુવકો માં સફેદ વાળ અને ટાલ પડવી એ સામાન્ય બની રહ્યું છે.આ બધા પાછળ મુખ્ય શું કારણ જવાબદાર છે? ફૂડ કે પ્રદૂષણ....

# "હેર ફોલ"ની સમસ્યા સામે લડવા શું ઉપાય કરવા જોઈએ?





**હેર ફોલની સમસ્યા**

**- રુપાલી દવે**

વર્તમાન સમયમાં દુનિયામાં હેર & કેર કંપનીઓની દેશ દુનિયા માં કુલ સંખ્યા ૮૦ મિલિયન ડોલર કરતા પણ વધારે છે.હેર પાર્લર અને હેર કેર ક્લિનિક ની સંખ્યા ની ગણતરી કરવી અઘરી છે. આની પાછળ નું મુખ્ય કારણ શું છે? એની પાછળ નું મુખ્ય કારણ યુવતીઓમાં બ્યુટી પ્રત્યેનો અભિગમ.લોંગ સ્વસ્થ વાળ નો ખાસ લગાવ હોવો એ સામાન્ય બાબત છે.ખરેખર હેર & કેર કંપનીઓની પ્રોડક્ટથી શું ખરેખર વાળની માવજત થતી હોય છે? આ એક પ્રશ્ન વર્તમાન સમય માં મોટાભાગ ના લોકોનો છે એનું કારણ એ છે કે વર્તમાન સમયમાં સૌથી પરેશાન કરતી સ્ત્રીઓ અને પુરુષો માટે હેર ફોલ ની સમસ્યા છે. આમ તો પુરુષો માં નાની ઉમરે વાળ ખરવા,વાળ સફેદ થવા કે ટાલ પડવી એ આનુવંશિક લાક્ષણિકતાઓ ના લીધે માનવામાં આવતું હતું પરંતુ અત્યારે મોટાભાગે ૧૦૦ માંથી ૬૦ તો૬૫% યુવકો માં સફેદ વાળ અને ટાલ પડવી એ સામાન્ય બની રહ્યું છે.આ બધા પાછળ મુખ્ય શું કારણ જવાબદાર છે? ફૂડ કે પ્રદૂષણ. પ્રાચીન સમયમાં ભારત માં મોટાભાગ ની સ્ત્રીઓના વાળ ઘૂંટણ થી વધારે લાંબા હતા ને દરેક પુરુષોના ખંભા સુધીના રહેતા હતા. વિધવા પ્રથા ના લીધે વિધવા સ્ત્રીઓને મુંડન ફરજિયાત હતું. એ સમય માં વ્યક્તિનું અપમાન કે દ્રોહ કરવાનો હોય ત્યારે મુંડન કરવામાં આવતું હતું. "મુંડન" એ અપશુકન ની નિશાની માનવા માં આવતું હતું. એ સમયમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષથી વધારે નિરોગી અને સ્વસ્થ હતું. ૧૦૦ વર્ષ ઉપર ની વ્યક્તિ ના હેર, સ્કિન અને આંખ નાના બાળક જેવા તંદુરસ્ત હતા. તો પ્રશ્ન એ થાય કે પ્રાચીન સમયમાં અને વર્તમાન સમયમાં વચ્ચે એવો તો શું ફર્ક પડ્યો જેથી અત્યારની મોટામાં મોટી સમસ્યા હેર ફોલ બની?

વાસ્તવિકતા એ છે કે વિજ્ઞાન એ માણસ ને એના જીવનમાં વિકાસશીલ ખૂબ બનાવ્યો છે પરંતુ એને કુદરત થી ખૂબ દૂર કરી દિધો છે.વર્તમાન સમયમાં માણસ ચહેરાની બ્યુટી સમાન વાળ થી લઈને અનેક શારીરિક રોગો થી ઝઝૂમી રહ્યો છે.એની પાછળ નું મુખ્ય કારણ વર્તમાન સમયમાં બ્યુટી પ્રોડક્ટ નો વધતો જતો મોહ અને મનુષ્યની મોર્ડન જીવન શૈલી જવાબદાર સમજો. મોટાભાગ ના લોકો નિયમિત હેર અને ફેસ માટે બજાર માં આવતી પ્રોડક્ટ નો ભરપુર ઉપયોગ કરતા હોય છે. આ પ્રોડક્ટ ના વધારે પડતા ઉપયોગના લીધે ડેન્ડ્રફ (ખોડા) ની સમસ્યા થતી હોય છે. માંથા પર ખોડા ની સમસ્યા થતાંજ સ્કલપ માં સતત ખજવાળ સાથે સફેદ ફોત્રીઓ ખરવા લાગે છે. અમુક સમય થી વધારે સમય ખોડા ની સમસ્યા વધતા ઉંદરી જેવા સકલ્પ ના રોગ થવાની શરૂઆત થઈ જાય છે.આ રોગના લીધે હેર ફોલ ની સમસ્યામાં વધારો થતો હોય છે. આ સમસ્યા થતાં એકપણ ટ્રીટમેન્ટ,તેલ કે શેમ્પૂ કારગત નીવડતા નથી અંતે માંથા ના વાળ ગુમાવવાનો વારો આવે છે.

આ સમસ્યા થવા પાછળ નું મુખ્ય કારણ વર્તમાન સમયમાં ફેશન માં યુવક યુવતીઓ માંથા ના વાળ ને લાંબા સમય સુધી કોરા રાખવાનું પસંદ કરતા હોય છે. નિયમિત તેલ મસાજ કરવાના બદલે આઠ દિવસે એકવાર જ માંથા પર તેલ મસાજ કરતા હોય છે. અત્યારના યુવક યુવતીઓના ખોરાક માં લેવાતો ફૂડ કબજિયાત ને નોતરતો હોય છે. મોટાભાગે વાળની સમસ્યાઓ પાછળ જવાબદાર કબજિયાત પણ હોય છે. આયુર્વેદ અનુસાર પેટ સાફ ના થતાં અપચ ના લીધે સ્કલ્પ સુધી બ્લડ સરક્યુંલેશન ઓછું થાય છે.ચહેરા અને વાળ માટે ભોજન ની થાળીમાં પૌષ્ટિક આહાર અત્યંત જરૂરી હોય છે.વિટામિન્સ,પ્રોટીન્સ થી ભરપુર ભોજન એ સંપૂર્ણ શરીર ને આરોગ્ય પ્રદ રાખે છે.આયુર્વેદ અનુસાર ભોજન માં કઠોળ,દાળ,શાકભાજી કંદ,ફ્રુટ, ડાય ફ્રુટ,રાગી,મકાઈ કે જુવાર બાજરી ના લોટની બનેલ રોટલી,ચોખા નિયમિત લેવા જોઈએ.ઘઉં કે ઘઉં માંથી બનતા પદાર્થો નો ઉપયોગ ઘટડવો જરૂરી છે ઘઉં એ પચવામાં ખૂબ કઠણ હોવાથી કબજિયાત ની સમસ્યા માં વધારો કરે છે. પ્રત્યેક વ્યક્તિ એ દૂધ માં પ્રોટીન નો ભરપુર સ્ત્રોત હોવાના લીધે દૂધનું સેવન નિયમિત કરવું જરૂરી છે.પ્રાચીન સમયનું ફૂડ સાત્વિક, શુધ્ધ અને આયુર્વેદ વિજ્ઞાન ને અનુસરતું હતું એટલે તો ૧૦૦વર્ષ બાદ પણ માણસની યુવાની અકબંધ હતી. વર્તમાન સમયની મુખ્ય સમસ્યા એ છે કે યુવક યુવતીઓ બ્રાન્ડેડ બ્યુટી પ્રોડક્ટ પાછળ પાગલ બન્યા છે. નિયમિત વપરાતા હાર્ડ કેમિકલ યુક્ત શેમ્પૂ અને પેરફિન યુક્ત તેલ હોય છે.પેરેફિન યુક્ત તેલમાં પૌષ્ટિક ઓઈલ નું પ્રમાણ ઓછં અને કેરોસીન નં પ્રમાણ વધારે હોય છે.નાની ઉંમર માં થયેલ સફેદ વાળ ને કલર કરવા માટે વપરાતી હેર ડાઈ , કાળી મેંદી નો ભરપૂર ઉપયોગ હેર ને નુકશાન પોહચાડે છે.માર્ટિન ડેલ ના રિપોર્ટ અનુસાર શેમ્પૂ ઓમાં વપરાતું સેલેમિયન સલ્ફાઈડ એ વાળ ના કુદરતી રંગ ને નુકશાન પોહચડે છે અને આંખ ને લગતા રોગો ને પણ આવકારે છે. આ તમામ કારણોસર માથાની ચામડી ની નીચે આવેલ સ્નેહ ગ્રંથિઓ ને નુકશાન પોહચે છે ને એના લીધે સ્ત્રાવ માં વિષમતા ઉત્પન્ન થતાં ચામડીની જીવન વિનિમય પ્રક્રિયા માં વિક્ષેપ પડે છે. ચામડીની જીવન વિનિમય પ્રક્રિયા ના વિક્ષેપ પડતાં માંથા ની ત્વચા મૃત બની જતા ખોડા નું નિર્માણ થતું હોય છે. આને બીજી રીતે એટલું સમજો કે કુંડા માં છોડ ઉગાડયા બાદ એને નિયમિત પાણી અને કુદરતી ખાતર ના બદલે કુત્રિમ ખાતર મળતા મુરઝાઈ જાય છે એજ રીતે માંથા પર સતત કેમિકલ શેમ્પૂ અને ઓઈલ નો માર પડતાં વાળ ખરવાની સમસ્યા નાની ઉમર માં શરૂ થતી હોય છે. વર્તમાન સમયની મોટામાં મોટી "હેર ફોલ" ની સમસ્યા સામે લડવા શું ઉપાય કરવા જોઈએ? આ સમસ્યા સામે લડવા પ્રાચીન સમય માં હેર વોશ અને હેર મસાજ ની ટેકનિક નો ઉપયોગ કરવો જરૂરી છે.

### વાળ ધોવા માટેનો ઉપાય



શિકાકાઈ,આંબળા,અરીઠા,દાટુ હળદર બધાં નો અધકચરો ખાંડી ને ભૂકો બનાવી નાખો.રાત્રે આ મિશ્રણ ને લોખંડ ની કડાઈ મા પલાળવુ, સવારે લોખંડ માંના મિશ્રણ ને કડાઈ માં અડધી કલાક ઉકાળવું.આ ગરમ મિશ્રણ ઠંડુ પડે એટલે એને એક બોટલ માં ગાળી ને ભરી દેવું. વાળ ધોતા પહેલા આ મિશ્રણ ને વાળ મા ફેલાવ્યા બાદ હુફાળા પાણી થી વાળ ને ધોવા. આ મિશ્રણ નો નિયમિત ઉપયોગ કરવાથી હેર ફોલ કે ખોડા ની સમસ્યા ક્યારેય થશે નહિ.

### વાળ મસાજ માટેનો ઉપાય



ભૃંગરાજ,ગમીનો છોડ,આંબળા,બહેડા,બ્રાહ્મી આ બધી ઔષધિઓ સરખા ભાગે લઈને અધકચરી ખાંડી લેવાની બધી ઔષધિઓને તલ ના તેલમાં કે શુધ્ધ કોપરેલ તેલ સાથે લોખંડ ની કડાઈમાં આખી રાત પલાળવાની. સવારે કડાઈ માના મિશ્રણ ને ધીમા આંચે ઉકળવા મૂકવું. જ્યાં સુધી પાણી નો ભેગ બળી ના જાય ત્યાં સુધી ઉકળવા નું મતલબ કે ઔષધિ તળિયે બેસી ના જાય ત્યાં સુધી ઉકાળજો. ઠંડુ પડે એટલે આ ઔષધિ યુક્ત ઓઈલ ને કાચ ની બોટલ મા ભરી એનાથી નિયમિત હેર મસાજ કરજો. આ ઔષધિ યુક્ત ઓઈલ ના મસાજ થી સફેદ વાળ થી લઈને ખોડાની વગેરે એકપણ સમસ્યા માંથી રાહત મેળવી ને સ્વસ્થ અને નિરોગી વાળ બનશે એ નક્કી..



# બીજા લગ્ન કરશે એક્ટ્રેસ અદિતિ રાવ...

## અદિતિ રાવે જણાવ્યું કે કેવી રીતે સિદ્ધાર્થે કર્યું પ્રપોઝ, આ વર્ષે માર્ચ મહિનામાં સગાઈ કરી હતી

(એજન્સી) મુંબઇ । તા. 31

વધુ એક બોલિવૂડ કપલ સાત ફેરા લેવા જઈ રહ્યું છે. અભિનેતા સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી સગાઈ બાદ લગ્ન કરવા જઈ રહ્યા છે. બંનેએ આ વર્ષે માર્ચ મહિનામાં એકબીજા સાથે સગાઈ કરી હતી.

અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર તેની સગાઈની રિંગ ફ્લોન્ટ કરીને તેની સગાઈની જાહેરાત કરી હતી. હવે અદિતિ રાવ હૈદરીએ સિદ્ધાર્થ સાથેની તેની પ્રેમ કહાની સંભળાવી છે, અને અભિનેતાએ તેને કેવી રીતે પ્રપોઝ કર્યું તે પણ જણાવ્યું છે. અભિનેત્રીએ કહ્યું કે લગ્ન વાનપર્થીમાં 400 વર્ષ જૂના મંદિરની આસપાસ કેન્દ્રિત હશે જે મારા પરિવાર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થ છેલ્લા ત્રણ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. તેમની પ્રથમ મુલાકાત ફિલ્મ 'મહા સમુદ્રમ'ના સેટ પર થઈ હતી. બંનેને પહેલી નજરે જ જોડાણ અનુભવવા લાગ્યું. વર્ષો સુધી સિક્રેટ રિલેશનશિપમાં રહ્યા બાદ અદિતિ અને સિદ્ધાર્થે સગાઈ કરીને તેને સત્તાવાર બનાવી દીધું હતું. હાલમાં જ અદિતિ રાવ હૈદરીએ સિદ્ધાર્થ સાથેની પોતાની પ્રપોઝલ સ્ટોરી જણાવી છે. અદિતિએ જણાવ્યું કે સિદ્ધાર્થે તેની દાદીની સ્કૂલમાં પ્રપોઝ કર્યું હતું.

અભિનેત્રીએ કહ્યું કે, 'હું મારી દાદીની સૌથી નજીક હતી, જેનું થોડા વર્ષો પહેલા અવસાન થયું હતું. તેણે હૈદરાબાદમાં એક શાળા ખોલી. એક દિવસ સિદ્ધાર્થે મને પૂછ્યું કે શું તે સ્કૂલ જોઈ શકે છે, કારણ કે તે સારી રીતે જાણતો હતો કે હું તેની કેટલી નજીક હતી.' અદિતિ રાવ હૈદરીએ વધુમાં જણાવ્યું કે સિદ્ધાર્થ નર્સરી વિભાગમાં જવા માંગતો હતો જ્યાં અભિનેત્રીએ તેનું મોટાભાગનું બાળપણ વિતાવ્યું હતું. તેણે આગળ કહ્યું, 'તે ઘૂંટણિયે પડી ગયો અને મેં તેને પૂછ્યું, 'તે હવે શું ખોયું છે? કોના પગરખાંની વાધરી ઢીલી પડી ગઈ છે?' તે કહેતો રહ્યો, 'અદુ, મારી વાત સાંભળ.' અને પછી તેણે પ્રપોઝ કર્યું. તેણે કહ્યું કે તે મને મારી બાળપણની પ્રિય જગ્યા પર લઈ જવા માંગે છે, જ્યાં મારી નાનીના આશીર્વાદ હોય.



અદિતિ રાવ હૈદરીએ પોતાની અને સિદ્ધાર્થની લવ સ્ટોરી પણ કહી. તેમની પ્રથમ મુલાકાતનો ઉલ્લેખ કરતા, તેણે કહ્યું કે તે અંદર આવ્યો અને કહ્યું, 'હેલો, સુંદર છોકરી. સામાન્ય રીતે જ્યારે કોઈ એવું કહે છે કે તે યોગ્ય લાગતું નથી. પણ તે સાચું બોલતો હતો. અંતે તેણે મને અને સેટ પર હાજર લગભગ બધા જ લોકોને હસાવીને લોટપોટ કરી નાખ્યા. તે શૂટના દરેક દિવસે મારા અને મારી ટીમ માટે હાથથી બનાવેલી ઘી વાળી ઈડલી બનાવતો.' અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થ પણ ટૂંક સમયમાં લગ્નની યોજના બનાવી રહ્યા છે.

નોંધનીય છે કે, અદિતિનો જન્મ 28 ઓક્ટોબર, 1986ના રોજ હૈદરાબાદમાં એહસાન હૈદરી અને વિદ્યા રાવને ત્યાં થયો હતો. અદિતિ હૈદરાબાદના નિઝામ રહેલા સાહેલ અકબર હૈદરીની પૌત્રી છે. અદિતિના દાદા રાજા જે. રામેશ્વર રાવ તેલંગાણાના વાનપર્થીના રાજા હતા.

સિદ્ધાર્થ સાથ રિલેશનશિપ પહેલા 2009માં અદિતિ રાવે સત્યદીપ મિશ્રા સાથે લગ્ન કર્યા હતા તે વખતે અદિતિ માત્ર 21 વર્ષની હતી, પરંતુ લગ્નના પાંચ વર્ષ બાદ બન્નેએ 2014માં છૂટાછેડા લઈ લીધા હતા.

# જ્યારે રાજેશ ખન્ના નિષ્ફળતાનો સામનો કરી શક્યા નહોતા

## કહ્યું, 'ડિમ્પલને લાગ્યું કે હું પાગલ થઈ ગયો છું, દારૂની લત લાગી ગઈ હતી'



(એજન્સી) મુંબઇ । તા. 31

એવું માનવામાં આવે છે કે અમિતાભ બચ્ચનના વધતા સ્ટારડમ સામે રાજેશ ખન્નાની ચમક ઓસરવા લાગી. પરિણામે, તેઓ બિગ બીની ખૂબ જ ઈર્ષ્યા કરવા લાગ્યા અને તેમની કારકિર્દીના પતનને સંભાળવું તેમના માટે મુશ્કેલ બન્યું. તેની અસર તેમના અંગત જીવન પર પણ પડી. લગ્નના થોડા વર્ષો પછી તેમની અને તેમની પત્ની ડિમ્પલ કાપડિયા વચ્ચે અંતર હતું. રાજેશ ખન્નાએ એક જૂના ઈન્ટરવ્યુમાં પતન અને અંગત જીવન વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'મને તે ક્ષણ હજુ પણ યાદ છે જ્યારે મને સુપર-સક્સેસ વિશે પહેલીવાર ખબર પડી હતી. તે તમને સંપૂર્ણપણે વ્યગ્ર લાગે છે જાણે તમે માનવ નથી.

રાજેશ ખન્નાએ વધુમાં કહ્યું હતું કે, 'તે ખૂબ જ આશ્ચર્યજનક હતું કે નિષ્ફળતાએ અમિતાભ બચ્ચનને એટલી અસર કરી નથી જેટલી મને અસર થઈ હતી. આ નિષ્ફળતા પછી મને દારૂની લત લાગી ગઈ. મારો મતલબ, હું કોઈ સુપર પર્સન નથી. તમે ઈસુ ખ્રિસ્ત નથી અને હું મહાત્મા ગાંધી નથી.

એક પછી એક સતત 7 ફિલ્મો ફ્લોપ થઈ. એક દિવસ હું ખૂબ જ ઉત્સાહિત હતો. વરસાદ પડી રહ્યો હતો, અંધારું હતું. જ્યારે હું ટેરેસ પર એકલો હતો, ત્યારે મેં મારો કાબૂ ગુમાવ્યો અને બૂમો પાડવા લાગ્યો- ભગવાન, તમે ગરીબોની આટલી પરીક્ષા કેમ કરો છો? શું અમારે તમારા અસ્તિત્વને નકારવું જોઈએ?'

રાજેશ ખન્નાએ વધુમાં કહ્યું, 'હું નિષ્ફળતાને સહન કરી શક્યો નહીં કારણ કે હું સફળતાથી ખૂબ જ પ્રભાવિત થયો હતો. જ્યારે ડિમ્પલ અને મારા સ્ટાફે મને ચીસો સાંભળી, ત્યારે તેઓ વિચારીને દોડ્યા કે હું પાગલ થઈ ગયો છું.

### ડિમ્પલે 15 વર્ષની ઉંમરે રાજેશ ખન્ના સાથે લગ્ન કર્યા હતા...

માત્ર 15 વર્ષની ઉંમરે ડિમ્પલે રાજેશ ખન્ના સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંને બે પુત્રીના માતા-પિતા બન્યા હતા. જોકે, આ લગ્ન લાંબો સમય ટકી શક્યા નહીં અને છૂટાછેડા લીધા વિના જ બંને અલગ રહેવા લાગ્યા.

સંબંધોમાં તિરાડ હોવા છતાં, ડિમ્પલે રાજેશ ખન્નાને ટેકો આપ્યો કે તેઓ તેમની રાજકીય કારકિર્દી શરૂ કરવાના હતા.

# ખેલ ખેલ મેં ની જર્ની અંગે મુદસ્સર અઝીઝે આપી પ્રતિક્રિયા, જાણો શું કહ્યું

(એજન્સી) મુંબઇ । તા. 31

ખેલ ખેલ મેં (KKM) બોક્સ ઓફિસની શરૂઆતની મંદીનો સામનો કરવા માટે સ્થિતિસ્થાપક સાબિત થઈ છે. દિગ્દર્શક મુદસ્સર અઝીઝ કહે છે કે તેમની ફિલ્મે દર્શાવ્યું છે કે ફિલ્મો માત્ર તેમના શરૂઆતના સપ્તાહાંત પર આધાર રાખવાને બદલે સમય સાથે વેગ પકડે છે. "કંતારા અને પુષ્પા જેવી ફિલ્મો, જ્યારે તેઓએ શરૂઆત કરી, ત્યારે તેણે ઘણા દિવસો સુધી બોક્સ ઓફિસ નંબર્સ કર્યા," આમ તેણે એક મુલાકાતમાં કહ્યું હતું.



અઝીઝની આંતરદૃષ્ટિ ફિલ્મ ઉદ્યોગમાં એક વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે, જ્યાં પ્રેક્ષકોની વર્તણૂક તાત્કાલિક બોક્સ ઓફિસ પ્રદર્શનને બદલે સામગ્રી દ્વારા વધુને વધુ પ્રભાવિત થાય છે. "OTT દર્શકો બોક્સ ઓફિસ નંબરોથી પ્રભાવિત થયા વિના ફિલ્મને પગ આપવા માટે તૈયાર હોય છે," અઝીઝે નોંધ્યું કે, આ પ્લેટફોર્મ્સ એવું ઘર પૂરું પાડે છે જ્યાં સામગ્રીની નાણાકીય કામગીરીની સ્વતંત્ર રીતે પ્રશંસા કરી શકાય.

દિગ્દર્શક નિખાલસપણે સ્વીકારે છે કે ફિલ્મનું પ્રારંભિક પ્રદર્શન ચિંતાનું કારણ હતું પરંતુ પ્રેક્ષકોના વિકસતા પ્રતિસાદમાં આશ્વાસન મેળવે છે કારણ કે ફિલ્મમાં 100% વૃદ્ધિ જોવા મળી છે. "તે કહેવું ખોટું હશે કે તે શરૂઆતમાં તમને હચમચાવી નાખતું નથી. ધીમે ધીમે જે દેખાય છે તે હકીકત એ છે કે તમારી એસિડ ટેસ્ટ પ્રતિક્રિયાઓમાંથી આવી રહી છે," અઝીઝ શેર કરે છે, બોક્સ ઓફિસની અપેક્ષાઓ સાથેના ભાવનાત્મક રોલરકોસ્ટરને સ્વીકારે છે.

તેમણે વધુમાં સમજાવ્યું કે પ્રારંભિક સંખ્યાઓ ઘણીવાર ભ્રામક હોઈ શકે છે, કારણ કે તે હિટ સોંગ અથવા વિવાદ જેવા બાહ્ય પરિબળોથી પ્રભાવિત થઈ શકે છે, જે ફિલ્મની એકંદર ગુણવત્તા અથવા અપીલને પ્રતિબિંબિત કરે તે જરૂરી નથી.

# 'મારી પત્ની બાળક જેવી લાગે છે': રાઘવ

## પરિણીતિના અવાજ પર ફિદા થયા રાઘવ ચઢ્ઢા, શેર કર્યો હૃદયસ્પર્શી વીડિયો



(એજન્સી) મુંબઇ । તા. 31

એક્ટિંગ સિવાય એક્ટ્રેસ પરિણીતી ચોપરા તેની સિંગિંગ માટે પણ ચર્ચામાં છે. જો કે, આ દિવસોમાં તે બંને કામોથી દૂર વેકેશન એન્જોય કરતી જોવા મળે છે. પરંતુ તે તેના પતિ રાઘવ ચઢ્ઢાથી પણ દૂર છે, જે તેના માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ્સ શેર કરે છે. વાસ્તવમાં, AAP સાંસદ રાઘવ ચઢ્ઢાએ તેમની પત્નીનો એક જૂનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે, જેમાં તે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ગીત ગાતી જોઈ શકાય છે. કેપ્શનમાં લખ્યું હતું કે -, રૂંવાડા ઊભા થઈ ગયા!!!. , મને આ રત્ન મળ્યું છે, મારી પત્ની બાળક જેવી લાગે છે પણ પ્રોફેશનલની જેમ ગાય છે. પારુ, તું વધુ કેમ નથી ગાતી?

આ પોસ્ટ જોઈને અભિનેત્રી પરિણીતી ચોપરાએ તરત જ પોસ્ટ પર કમેન્ટ કરીને પ્રતિક્રિયા આપી હતી. તેણે લખ્યું, શું ?! આ કેવું આશ્ચર્ય છે.

હું તમારા કોલની રાહ જોઈ રહી હતી અને તમે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા હતા. પરંતુ હું માફ કરું છું ફક્ત આ માટે જ.

આ પોસ્ટ પર ચાહકોએ પણ પ્રતિક્રિયા આપી છે. એક યુઝરે લખ્યું કે, તે કેટલો ક્યૂટ પતિ છે અને તેણે તેની પત્ની માટે વીડિયો શેર કર્યો. અન્ય એક યુઝરે લખ્યું, તે સારી ગાયિકા છે. ગમ્યું. આ સિવાય અભિનેત્રીના ભાઈએ પણ ઈન્સ્ટાગ્રામ પર ક્યૂટ ઈમોજી દ્વારા પ્રતિક્રિયા આપી છે.

નોંધનીય છે કે, પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાના લગ્ન 24 સપ્ટેમ્બર 2023ના રોજ ઉદયપુરમાં થયા હતા. હવે કપલની પ્રથમ લગ્નની વર્ષગાંઠને એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રીએ 2017 માં 'મેરી પ્યારી બિંદુ'માં 'મન કે હમ યાર નહીં' ગીત ગાયું હતું'. જ્યારે છેલ્લી વાર તેણે અમર સિંહ ચમકીલાની બાયોપિક કરી હતી, જેનું નિર્દેશન ઈમ્તિયાઝ અલીએ કર્યું હતું. તેમાં જોવા મળી હતી.

## કાર્તિકનો રિયલ એસ્ટેટમાં વધુ એક સોદો...

# કાર્તિકે 18 કરોડનો ફ્લેટ મહિને સાડા ચાર લાખમાં ભાડે આપ્યો...!



### કાર્તિક અને તેની માતાએ ગયાં વર્ષે જુહુમાં આ ફલેટ ખરીદ્યો હતો...

(એજન્સી) મુંબઇ । તા. 31

કાર્તિક આર્યને મુંબઈના જુહુ એરિયામાં તેનો ફલેટ ભાડે આપી દીધો છે. આશરે ૧૮ કરોડના આ ફલેટનું તેને મહિને સાડા ચાર લાખ રુપિયા ભાડું મળશે. ૧૯૧૨ ચોરસ ફૂટના આ ફ્લેટ સાથે બે પાર્કિગંની પણ સગવડ છે. મુંબઈના જુહુ પાસેઆવેલ આ એપાર્ટમેન્ટ આવેલું છે જ્યાંથી સમુદ્ર કિનારો જોવા મળે છે. જુહુ એરિયામાં બોલીવૂડની ઘણી સેલિબ્રિટીઓના એપાર્ટમેન્ટ તેમજ બંગલા આવેલા છે.

હજુ ગયાં વર્ષે જ કાર્તિકે તેની માતા સાથે આ ફલેટ ખરીદ્યો હતો. ૧૭ કરોડની બેઝિક પ્રાઈઝ ધરાવતા ફલેટ માટે તેણે ૧.૦૫ કરોડની સ્ટેમ્પ ડયૂટી અને ૩૦ હજાર રૂપિયા રજિસ્ટ્રેશન ફી પણ ભરી હતી. કાર્તિકે અગાઉ શાહિદ કપૂરનો ફલેટ સાડા સાત લાખના ભાડેથી લીધો હતો. થોડા સમય પહેલાં જ કાર્તિકે અંધેરીમાં ૧૦ કરોડમાં ૨૦૯૯ ચોરસ ફૂટની કમર્શિઅલ સ્પેસ ખરીદી હતી.

# શું રૂપાલી ગાંગુલી છોડી દેશે 'અનુપમા' શો? મળ્યા સંકેતો



## રૂપાલી ગાંગુલીને લઈ ચોંકાવનારા સમાચાર : રૂપાલી ગાંગુલીને 'અનુપમા'માંથી દૂર કરવામાં આવશે : 'અનુપમા'નું લેટેસ્ટ ટ્રેક હાલમાં દર્શકોને ખૂબ એન્જોય કરી રહ્યું છે : વનરાજ શાહનું પાત્ર ભજવીને લોકપ્રિય બનેલો સુધાંશુ અચાનક શો છોડી દેવાના સમાચારમાં

(એજન્સી) મુંબઇ । તા. 31

રૂપાલી ગાંગુલી અને ગૌરવ ખન્ના સ્ટારર ટીવી શો 'અનુપમા' અત્યારે સમાચારોમાં છે. તેની પાછળ બે મોટા કારણો છે. પહેલું એ છે કે શોની વાર્તા દર્શકોનું જબરદસ્ત મનોરંજન કરી રહી છે. તો બીજું સુધાંશુ પાંડેએ અચાનક રાતોરાત 'અનુપમા'ને અલવિદા કહી દીધું. શોની શરૂઆતથી જ વનરાજ શાહનું પાત્ર ભજવીને લોકપ્રિય બનેલો સુધાંશુ અચાનક શો છોડી દેવાના સમાચારમાં છે. હવે મેકર્સ તેની જગ્યાએ બીજા સ્ટારનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ દરમિયાન વધુ એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે જે મુજબ માનવામાં આવી રહ્યું છે કે રૂપાલી ગાંગુલીને 'અનુપમા'માંથી દૂર કરવામાં આવશે. આ અમે નથી કહી રહ્યા પરંતુ શોમાં આવનારા ટ્રેકના આધારે આ વાત સામે આવી છે. એવું માનવામાં આવે છે કે સુધાંશુ પાંડે પછી મેકર્સ રૂપાલી ગાંગુલીને શોમાંથી બહાર કરવા જઈ રહ્યા છે.

'અનુપમા'નું લેટેસ્ટ ટ્રેક હાલમાં દર્શકોને ખૂબ એન્જોય કરી રહ્યું છે. છેલ્લા એપિસોડમાં બતાવવામાં આવ્યું હતું કે રૂપાલી ગાંગુલી એટલે કે અનુપમા પોતાની દીકરી આધ્યાને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. તે આધ્યાને કોઈ બહાને તેની પાલક માતા મેઘા સાથે જન્માષ્ટમી પર કૃષ્ણજીના મંદિરે આવવા કહે છે. આધ્યા બિલકુલ એવું જ કરે છે અને મેઘાને મંદિર જવા માટે મનાવી લે છે પરંતુ આ દરમિયાન મેઘાને આધ્યા અને અનુપમા વિશે સત્ય ખબર પડે છે જેના પછી તે આધ્યા સાથે ઘરની બહાર નીકળી જાય છે પરંતુ તેને મંદિર લઈ જવાને બદલે તે એરપોર્ટ જવા લાગે છે.

મેઘાએ અનુપમાને ધક્કો માર્યો અનુપમાને ખબર પડી કે મેઘા તેની પુત્રી આધ્યાને બળજબરીથી પોતાની સાથે લઈ રહી છે. આવી સ્થિતિમાં તે મેઘાની કારની સામે આવે છે અને તેને આધ્યાને પરત કરવા કહે છે. મેઘા ઉત્સુકતાથી અનુપમાની વાત સાંભળતી નથી જ્યારે અનુપમા કોઈક રીતે આધ્યાને બચાવે છે અને તેને મંદિરમાં લાવે છે અને તેને અનુજ સાથે જોડે છે, ત્યારે મેઘા ગુસ્સાથી પાગલ થઈ જાય છે અને અનુજને છરી મારવા જાય છે જ્યારે અનુપમા દરમિયાનગીરી કરે છે અને છરી તેના પર પ્રહાર કરે છે.

# કલ્કિ 2898 એડીની સીકવલની તૈયારી શરુ...

મુંબઇ | પ્રભાસ તથા દીપિકા પાદુકોણની 'કલ્કિ ૨૮૯૮ એડી'ની સીકવલનું શૂટિંગ શરુ કરવા માટે પ્રોડક્શન હાઉસ દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. મોટાભાગે આગામી જાન્યુઆરી સુધીમાં તેનું શૂટિંગ શરુ થઈ જશે. ફિલ્મની ટીમ દ્વારા જ આ શિડયૂલ કન્ફર્મ કરાયું છે. બીજા ભાગમાં કોની કેટલી ભૂમિકા હશે તે વિશે અટકળો ચાલે છે. ફિલ્મની કાસ્ટમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ તેના પર ચાહકોની નજર છે.

એવું મનાય છે કે બીજા ભાગમાં કમલ હાસનની ભૂમિકા વધારે મહત્વની હશે. ઉલ્લેખનીય છે કે, 'કલ્કિ ૨૮૯૮ એડી' ફિલ્મે બોક્સઓફિસ પર ટંકશાળ પાડી હતી. આ ફિલ્મે ફક્ત ભારતમાં જ ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ વ્યવસાય કર્યો હતો. આ ફિલ્મમાં પ્રભાસ, દીપિકા પદુકોણ, અમિતાભ બચ્ચને મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી.

# જાવેદ અખ્તરે આલિયાને શ્રેષ્ઠ અભિનેત્રી ગણાવી

## ઝોયાએ 'જી લે ઝરા' વિશે કહ્યું- દરેકની ડેટ્સ એડજસ્ટ થયા પછી શૂટિંગ થશે

(એજન્સી) મુંબઇ । તા. 31

અભિનેત્રી આલિયા ભટ્ટ આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'આલ્ફા'ના શૂટિંગમાં વ્યસ્ત છે. તેની ફિલ્મ 'જી લે ઝરા'ની જાહેરાત આ ફિલ્મના ઘણા સમય પહેલા થઈ હતી. પરંતુ આ ફિલ્મનું શૂટિંગ હજી શરૂ થયું નથી. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન ઝોયા અખ્તરે તેના વિલંબ પાછળનું કારણ જણાવ્યું હતું. તો જાવેદ અખ્તરે આલિયા ભટ્ટને ઈન્ડસ્ટ્રીની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક ગણાવી હતી.



ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યૂમાં જાવેદ અખ્તરે આલિયા ભટ્ટની એક્ટિંગની પ્રશંસા કરી હતી. તેણે આલિયા ભટ્ટની ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી'ની પ્રશંસા કરી અને તેને ઈન્ડસ્ટ્રીની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક ગણાવી. જાવેદ અખ્તરે કહ્યું,- 'મને લાગે છે કે તે એક મહાન અભિનેત્રી છે, પરંતુ હું રાજદ્વારી કરી રહ્યો છું જેથી અન્ય અભિનેત્રીઓ ગુસ્સે ન થાય.'

ઈન્ટરવ્યૂ દરમિયાન 'જી લે ઝરા' ફિલ્મનું નિર્માણ કરનાર ઝોયા અખ્તરે આ ફિલ્મના વિલંબ પાછળના કારણોનો ખુલાસો કર્યો હતો. ઝોયા અખ્તરે કહ્યું- આલિયા ભટ્ટ, પ્રિયંકા ચોપરા અને કેટરિના કૈફ ફિલ્મમાં સાથે કામ કરી રહી છે. દરેક વ્યક્તિ પોતપોતાના પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. ત્રણેયની તારીખ એકસાથે એડજસ્ટ થઈ રહી નથી. ત્રણેયની તારીખ એકસાથે એડજસ્ટ થતાં જ તેઓ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે.

ફરહાન અખ્તર પોતાની ડેટ્સ એડજસ્ટ કરવામાં વ્યસ્ત છે. આલિયા ભટ્ટના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેની ફિલ્મ 'જીગરા' 11 ઓક્ટોબરના રોજ રીલિઝ થઈ રહી છે. આ ફિલ્મની વાર્તા એક બાસ્કેટબોલ ખેલાડીની આસપાસ વણાયેલી છે. તે જ સમયે, યશ રાજ ફિલ્મ્સની મોસ્ટ અવેટેડ સ્પાઈ યૂનિવર્સ ફિલ્મ 'આલ્ફા'નું હાલમાં કાશ્મીરમાં શૂટિંગ ચાલી રહ્યું છે.



# ઓલિમ્પિક કરતાં પેરાલિમ્પિકમાં ભારતે જોરદાર દેખાવ કર્યો

## અવનીએ રેકોર્ડ સાથે શૂટિંગમાં ગોલ્ડ જીત્યો, મનીષ નરવાલે સિલ્વર મેળવ્યો

(એજન્સી) પેરિસ | તા 31

શુક્રવારે પેરિસ પેરાલિમ્પિકમાં ભારતે 4 મેડલ જીત્યા છે. મહિલા શૂટિંગમાં અવની લેખારાએ ગોલ્ડ અને મોના અગ્રવાલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મનીષ નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ શૂટિંગમાં સિલ્વર જીત્યો હતો. જ્યારે પ્રીતિ પાલે મહિલાઓની 100 મીટર T35 કેટેગરીની રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મનીષ નરવાલે સિલ્વર મેડલ જીત્યો શુક્રવારે ભારતનો ચોથો મેડલ પુરુષોની શૂટિંગમાં આવ્યો, જેમાં મનીષ નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલની SH1 કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો. તે 234.9ના ફાઈનલ સ્કોર સાથે બીજા ક્રમે રહ્યો હતો. કોરિયાના જેઓંગડુ જોએ 237.4 પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. વર્લ્ડ અને પેરાલિમ્પિક રેકોર્ડ હોલ્ડર ચીનની ચાઓ યાંગ 214.3 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. તેણે ટોકિયોમાં 237.9 પોઈન્ટ મેળવીને ગોલ્ડ જીત્યો હતો. તેના નામે 241.8 પોઈન્ટનો વર્લ્ડ રેકોર્ડ પણ છે.

અવની લેખારાએ પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. તેણે પેરાલિમ્પિક રેકોર્ડ સાથે મહિલાઓની 10 મીટર એર રાઈફલ શૂટિંગની SH1 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેણે 249.7નો સ્કોર કર્યો. કોરિયાની યુનરી લીને સિલ્વર મળ્યો, તેનો સ્કોર 246.8 હતો. ભારતની મોના અગ્રવાલે 228.7ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.પ્રીતિ પાલ મહિલાઓની 100 મીટર T-35 ફાઈનલમાં ભાગ લેશે. મનુ પુરુષોના શોટ પુટ F-37 ફાઈનલમાં રમશે. અરશદ શેખ મેન્સ C-2 3000m વ્યક્તિગત પર્સ્યુટ ક્વોલિફાઈંગમાં ભાગ લેશે. એ જ સમયે, ટોકિયો પેરાલિમ્પિક્સના પેરા શૂટર મનીષ નરવાલ પાસેથી પણ મેડલની અપેક્ષા છે.



### મોના અગ્રવાલ એક સમયે ટોચ પર પહોંચી હતી

ક્વોલિફિકેશન રાઉન્ડમાં અવની લેખા બીજા અને મોના અગ્રવાલ પાંચમા ક્રમે રહી હતી. ફાઈનલમાં શૂટિંગના 2 રાઉન્ડ બાકી હતા, ત્યારે મોના 208.1ના સ્કોર સાથે ટોચ પર હતી. અવની બીજા ક્રમે અને કોરિયન શૂટર ત્રીજા ક્રમે રહી હતી. છેલ્લાથી બીજા રાઉન્ડમાં કોરિયન શૂટરે પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને અવની બીજા સ્થાને પહોંચી હતી. જ્યારે મોના ત્રીજા સ્થાને રહીને ગોલ્ડ મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. છેલ્લા રાઉન્ડમાં અવનીએ પેરાલિમ્પિક રેકોર્ડ બનાવ્યો અને 249.7ના સ્કોર સાથે ગોલ્ડ જીત્યો. જ્યારે કોરિયન શૂટર 246.8 પોઈન્ટ સાથે બીજા રહી.

### પ્રીતિએ દિવસનો ત્રીજો મેડલ જીત્યો

ભારતને મહિલાઓની 100 મીટર T-35 કેટેગરીની રેસમાં બ્રોન્ઝ મેડલ મળ્યો. પ્રીતિ પાલે 14.21 સેકન્ડમાં રેસ પૂરી કરી અને ત્રીજું સ્થાન મેળવ્યું. આ તેનો પર્સનલ બેસ્ટ ટાઈમિંગ હતો. ગોલ્ડ અને સિલ્વર મેડલ ચીનના ખાતામાં ગયા. જિયા ઝોઉએ 13.58 સેકન્ડ સાથે પ્રથમ અને કિઆન ગુઓએ 13.74 સેકન્ડ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું.

### ડિસ્કસ થ્રોમાં સાક્ષી છઠ્ઠા સ્થાને રહી

બંને ભારતીય એથ્લીટ મહિલા ડિસ્કસ થ્રોની F55 કેટેગરીની ફાઈનલમાં મેડલ મેળવવાથી ચૂકી ગઈ હતી. સાક્ષી કસાના છઠ્ઠા અને જ્યોતિ કરમ સાતમા ક્રમે છે. સાક્ષીનો બેસ્ટ સ્કોર 21.49 અને જ્યોતિનો 20.22 હતો. ચીનની ફિક્સિયા ડોંગે 26.39ના સર્વશ્રેષ્ઠ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. મેક્સિકોની મારિયા રોઝાએ સિલ્વર મેડલ અને લાતવિયાની ડાયના ક્રુમિનાને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.

### માનસી બેડમિન્ટન મેચ હારી ગઈ

પેરા બેડમિન્ટન મહિલા સિંગલ્સમાં ભારતની માનસી જોશીને ગ્રુપ સ્ટેજની બીજી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તેને યુક્રેનની ઓકસાના કોઝિનાએ 10-21, 21-15, 32-21થી હાર આપી હતી. આ પહેલાં તે ઈન્ડોનેશિયાની નંબર-1 ક્રમાંકિત કોનિતા સ્યાકુરોહ સામે પ્રથમ મેચમાં હારી ગઈ હતી.

# ભારતીય ઑફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનની ઓલટાઇમ IPL-11

નવી દિલ્હી | તા 31

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઑફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઈતિહાસમાં બેસ્ટ 11ની પસંદગી કરી છે. અશ્વિને આ ટીમમાં ક્રિસ ગેલ, સચિન તેંડુલકર, વીરેન્દ્ર સેહવાગ, ઝહીર ખાન, ડેવિડ વોર્નર અને શેન વોર્ન જેવા દિગ્ગજ ખેલાડીઓને સામેલ કર્યા નથી. અશ્વિને પોતાની ટીમમાં ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પણ સ્થાન આપ્યું નથી. તે જ સમયે કેએલ રાહુલ પણ આ ટીમમાં નથી. અશ્વિને અનુભવી બેટર શિખર ધવનને પણ પસંદ કર્યો નથી. ગૌતમ ગંભીર પણ ભારતીય ખેલાડીની આ ઓલ ટાઈમ ઈલેવનમાં નથી. ટીમમાં છ બેટર્સ, બે સ્પિનરો અને ત્રણ ઝડપી બોલરનો સમાવેશ કર્યો અશ્વિને IPLની તેની ઓલ ટાઈમ ઈલેવનમાં મહેન્દ્ર સિંહ ધોનીને કેપ્ટન તરીકે પસંદ કર્યો છે. આ ટીમમાં ઓપનર તરીકે વિરાટ કોહલી અને રોહિત શર્માની પસંદગી કરવામાં આવી છે. ટીમમાં ભુવનેશ્વર કુમાર, લસિથ મલિંગા અને જસપ્રીત બુમરાહના રૂપમાં ત્રણ ઝડપી બોલર છે. અશ્વિને પોતાની ટીમમાં છ બેટર્સ, બે સ્પિનરો અને ત્રણ ઝડપી બોલરનો સમાવેશ કર્યો છે. સ્પિનરો રાશિદ ખાન અને સુનીલ નારાયણ છે. રોહિત-વિરાટ ઉપરાંત બેટિંગ વિભાગમાં સુરેશ રૈના અને સૂર્યકુમાર યાદવ જેવા પાવર હિટર પણ છે. ઉપરાંત, એબી ડી વિલિયર્સ, જે મિસ્ટર 360 ડિગ્રી તરીકે ઓળખાય છે, તે પણ અશ્વિનની ઓલ-ટાઈમ ઈલેવનનો એક ભાગ છે. અશ્વિનની ટીમ પર નજર કરીએ તો રોહિત શર્મા અને વિરાટ કોહલી ઈનિંગની શરૂઆત કરશે. મિસ્ટર IPL તરીકે પ્રખ્યાત સુરેશ રૈના ત્રીજા નંબરે અને સૂર્યકુમાર યાદવ ચોથા નંબરે છે. આ પછી એબી ડી વિલિયર્સ અને એમએસ ધોની પાંચ અને છઠ્ઠા નંબર પર છે. કે બંનેને મેચ ફિનિશરની ભૂમિકામાં મૂકવામાં આવ્યા છે. આ પછી સુનીલ નારાયણ અને રાશિદ ખાનના રૂપમાં બે સ્પિનરો છે. આ બંને સ્ટાર લોઅર ઓર્ડરમાં કુમાર, લસિથ મલિંગા અને જસપ્રીત બુમરાહના રૂપમાં ત્રણ ખતરનાક ઝડપી બોલર પણ છે.



# સોફી ડિવાઈન મહિલા વર્લ્ડ કપ બાદ T20ની કેપ્ટનશિપ છોડી દેશે



(એજન્સી) નવી દિલ્હી | તા 31

ન્યૂઝીલેન્ડની વર્તમાન કેપ્ટન સોફી ડિવાઈન UAEમાં યોજાનાર ICC મહિલા T20 વર્લ્ડ કપ 2024 બાદ ટીમની T20 કેપ્ટનશિપ છોડી દેશે. તેણે પોતાના વર્કલોડ મેનેજ કરવા માટે આ નિર્ણય લીધો હતો. જો કે, તેણે સ્પષ્ટ કર્યું છે કે તે વન-ડે ટીમની કેપ્ટનશિપ કરવાનું ચાલુ રાખશે. વર્કલોડ મેનેજ કરવા માટે કેપ્ટનશિપ છોડી દેશે ડિવાઈને કહ્યું, 'બંને ફોર્મેટમાં ટીમની કેપ્ટનશિપ કરવાનો મને ખૂબ જ ગર્વ છે. કેપ્ટનશિપ પણ વધારાના વર્કલોડ સાથે આવે છે. જે મને પસંદ છે, પરંતુ તે ક્યારેક પડકારરૂપ પણ હોઈ શકે છે. તેથી T20 કેપ્ટનશિપમાંથી હટી જવાથી મારું કામ ઓછું થઈ જશે અને હું મારી એનર્જી રમત અને ભાવિ લીડરને તૈયાર કરવા પર કેન્દ્રિત કરી શકીશ.' ડિવાઈન વન-ડે ટીમનું સુકાન સંભાળવાનું ચાલુ રાખશે ડિવાઈને કહ્યું, 'હું હજુ વન-ડેની કેપ્ટનશિપ છોડવા તૈયાર નથી. પરંતુ હું કાયમ કેપ્ટન નહીં રહીશ. તેથી, મને લાગે છે કે આગામી કેપ્ટન માટે એક સમયે એક ફોર્મેટની કેપ્ટનશિપ છોડી દેવું સારું રહેશે.' 34 વર્ષીય સોફી ડિવાઈને 56 T-20 મેચમાં ન્યૂઝીલેન્ડની કેપ્ટનશિપ કરી છે. આ દરમિયાન ન્યૂઝીલેન્ડે 25 મેચ જીતી છે. જ્યારે ટીમને 28 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. માત્ર એક મેચ ટાઈ રહી હતી. ડિવાઈને ન્યૂઝીલેન્ડ માટે અત્યાર સુધીમાં 135 T20 મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન તેના બેટમાંથી 121.89ના સ્ટ્રાઈક રેટથી 3268 રન બનાવ્યા છે. જેમાં 20 અડધી સદી અને 1 સદી સામેલ છે. આ સિવાય તેણે બોલિંગમાં 117 વિકેટ પણ લીધી છે.વેસ્ટ ઈન્ડિઝની ટીમે મહિલા T-20 વર્લ્ડ ડિઆન્ડ્રા ડોટિન આ મેગા ઈવેન્ટ માટે ટીમમાં પરત ફરી છે.

# ઓસ્ટ્રેલિયાને મળ્યો 'મિની મેક્સવેલ'

બેટિંગના આ શાનદાર વીડિયોએ લોકોના દિલ જીતી લીધા છે સોશિયલ મીડિયા પર દરરોજ અલગ-અલગ ક્રિકેટ વીડિયો ધમાલ મચાવતા રહે છે. ક્યારેક બોલર પોતાના સ્પિન કે ફાસ્ટ બોલથી લોકોને દિવાના બનાવી દે છે તો ક્યારેક ફિલ્ડિંગના શ્રેષ્ઠ વીડિયો લોકોને આશ્ચર્યચક્તિ કરી દે છે. જો કે, આ દિવસોમાં બેટિંગનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જે દરેકને આશ્ચર્યચકિત કરી રહ્યો છે. ખરેખર, સોશિયલ મીડિયા પર 3 વર્ષના ઓસ્ટ્રેલિયન બાળકની બેટિંગનો વીડિયો સામે આવ્યો છે. જેમાં તે એક પછી એક મોટા શોટ મારતો જોવા મળી રહ્યો છે. આ બાળકની વિસ્ફોટક બેટિંગ અને ટેક્નિકે મોટા બેટ્સમેનોને પણ ચોંકાવી દીધા છે. આ 3 વર્ષના બાળકનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. તેમાં, પહેલા તે એક પરિપક્વ બેટ્સમેનની જેમ ગાર્ડ લેતો જોવા મળે છે.

# યાનિસ સિનર-સ્વિયાતેક ત્રીજા રાઉન્ડમાં, ઓસાકાનો પરાજય

રોમ | તા 31

યુએસ ઓપન ટેનિસ ગ્રાન્ડસ્લેમમાં પ્રત્યેક દિવસે રોમાંચક પરિણામો જોવા મળ્યા આ મુકાબલો માત્ર 65 મિનિટ સુધી રમાયો હતો ઈટાલીના જાનિક સિનરે સિઝનમાં 50મો વિજય મેળવ્યો, વિવિધ ક્રમાંકિત ખેલાડીઓની આગેકૂચ જારી રહીયુએસ ઓપન ટેનિસ ગ્રાન્ડસ્લેમમાં પ્રત્યેક દિવસે રોમાંચક પરિણામો જોવા મળી રહ્યા છે. યાનિસ સિનર તથા ઈગા સ્વિયાતેકે આસાન વિજય સાથે પોતપોતાની કેટેગરીના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ ભૂતપૂર્વ ચેમ્પિયન નાઓમી ઓસાકા અને કાર્લોસ અલ્કારાઝને પરાજયનો સામનો કરવો પડયો હતો. કારકિર્દીમાં પાંચ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલી સ્વિયાતેકે જાપાનની ક્વોલિફાયર એના શિબહારાને 6-0, 6-1થી હરાવી હતી. આ મુકાબલો માત્ર 65 મિનિટ સુધી રમાયો હતો. તાજેતરમાં ડોપિંગના વિવાદમાં ક્લીનચીટ મેળવનાર જાનિસ સિનરે મેન્સ સિંગલ્સની એક મેચમાં એલેક્સ મિશેલસેનને એક કલાક 39 મિનિટા સંઘર્ષ બાદ 6-4, 6-0,6-2થી હરાવ્યો હતો. ઈટાલીના સિનરે સિઝનનો 50મો વિજય મેળવ્યો હતો. પાંચમા ક્રમાંકિત ડેનિલ મેડવેડેવે મારોઝસાનને 6-3, 6-2, 7-6 (7-5)થી, થોમસ મચાકે 16મા ક્રમાંકિત સેબેસ્ટિન કોર્ડાને 6-4, 6-2, 6-4થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. વિમેન્સ સિંગલ્સમાં યુએસ ઓપનમાં બે વખત ચેમ્પિયન બની ચૂકેલી નાઓમી ઓસાકા પણ બીજા રાઉન્ડથી આગળ વધી શકી નહોતી. અને તેનો કેરોલિના મુચોવા સામે 6-3, 7-6 (5)થી પરાજય થયો હતો.

# ઓસ્ટ્રેલિયા સામેની હોમ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, દ્રવિડના પૂત્રને મળી તક

(એજન્સી) નવી દિલ્હી | તા 31



BCCIએ ભારતીય અંડર-19 ટીમની જાહેરાત કરી છે જે ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે ODI અને ટેસ્ટ સિરીઝ રમશે આ બે સિરીઝ માટે બે અલગ-અલગ ટીમોની જાહેરાત કરી છે BCCIએ ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ સાથેની ઘરઆંગણાની સિરીઝ માટે ભારતીય અંડર-19 ટીમની જાહેરાત કરી છે. ઓસ્ટ્રેલિયાની અંડર-19 ટીમ ભારતના પ્રવાસ પર વનડે અને ટેસ્ટ સિરીઝ રમવા જઈ રહી છે. BCCIએ આ બે સિરીઝ માટે બે અલગ-અલગ ટીમોની જાહેરાત કરી છે. વનડે સીરીઝમાં ટીમ ઈન્ડિયાની કમાન મોહમ્મદ અમાનના હાથમાં છે, જ્યારે ટેસ્ટ સીરીઝ માટે સોહમ પટવર્ધનને ટીમ ઈન્ડિયાનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 3 ODI અને 2 ચાર દિવસીય ટેસ્ટ મેચોની સિરીઝ રમાશે. 21 સપ્ટેમ્બરથી વનડે સીરીઝ શરૂ થવા જઈ રહી છે. આ ખેલાડીઓને ODI ટીમમાં સ્થાન મળ્યું છે વનડે સિરીઝ માટે ભારતીય અંડર-19 ટીમની કમાન મોહમ્મદ અમાનને સોંપવામાં આવી છે. આ સિવાય રુદ્ર પટેલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારતના પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડના પુત્ર સમિત દ્રવિડને પણ આ સિરીઝ માટે જાહેર કરાયેલી ટીમમાં તક મળી છે.

મોહમ્મદ અમાન (કેપ્ટન), રુદ્ર પટેલ (વાઈસ-કેપ્ટન), સાહિલ પારખ, કાર્તિકેય કેપી, કિરણ ચોરમલે, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ સિંહ પંગાલિયા (વિકેટકીપર), સમિત દ્રવિડ, યુધાજીત ગુહા, સમર્થ એન, નિખિલ કુમાર, ચેતન શર્મા , હાર્દિક રાજ , રોહિત રાજાવત , મોહમ્મદ અનાન. ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમ સોહમ પટવર્ધન (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, નિત્યા પંડ્યા, વિહાન મલ્હોત્રા (વાઈસ-કેપ્ટન), કાર્તિકેય કેપી, સમિત દ્રવિડ, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ સિંહ પંગાલિયા (વિકેટકીપર), ચેતન શર્મા, સમર્થ એન, આદિત્ય રાવત, નિખિલ કુમાર, અનમોલજીત સિંહ, આદિત્ય સિંહ, મોહમ્મદ અનાન.

# મને પાકિસ્તાન તરફથી રમવામાં કોઈ રસ નથી: શોએબ મલિક

(એજન્સી) કરાંચી | તા 31



પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને 10 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો આ સિરીઝ દરમિયાન શોએબ મલિકે એક મોટો ખુલાસો કર્યો છે આ દિવસોમાં પાકિસ્તાનની ટીમ બાંગ્લાદેશ સાથે બે મેચની ટેસ્ટ સિરીઝ રમી રહી છે. સિરીઝની પ્રથમ મેચમાં પાકિસ્તાનને બાંગ્લાદેશના હાથે 10 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ મેચમાં મળેલી હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે 5 ભૂતપૂર્વ અનુભવી ખેલાડીઓને સિનિયર અને જુનિયર ટીમોના મેન્ટર તરીકે નિયુક્ત કર્યા હતા. જેમાં શોએબ મલિકનું નામ પણ સામેલ છે. હવે શોએબ મલિકે એક મોટો ખુલાસો કર્યો છે અને જણાવ્યું છે કે કેવી રીતે તેને T20 વર્લ્ડકપ 2024 પહેલા પાકિસ્તાન ટીમના સિલેક્ટર બનવાની ઓફર મળી હતી. શોએબ મલિકે પસંદગીકાર બનવાની ઓફર ફગાવી દીધી હતી હકીકતમાં, T20 વર્લ્ડકપ 2024 પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શોએબ મલિકને પસંદગીકાર બનવાની ઓફર કરી હતી. પરંતુ શોએબે તેને ફગાવી દીધી હતી. મલિકે કહ્યું, હા મને T20 વર્લ્ડકપ 2024 પહેલા પસંદગીકાર બનવાની ઓફર મળી હતી. તે સમયે ટીમ પાસે કોઈ પસંદગીકાર ન હતો અને સમગ્ર સમિતિ પાસે સમાન સત્તા હતી. પરંતુ હું અત્યારે ક્રિકેટ રમી રહ્યો છું અને અત્યારે હું જેની સાથે રમી રહ્યો છું તે સમજાતું નથી કે તમે રમતી વખતે પસંદગી સમિતિનો ભાગ કેવી રીતે બની શકો? શોએબ મલિકનું કહેવું છે કે તેને હવે પાકિસ્તાન તરફથી રમવામાં રસ નથી. શોએબ મલિકે કહ્યું કે અત્યારે હું એક જ ફોર્મેટ રમું છું. હું ભવિષ્યમાં પણ સ્થાનિક T20 લીગ રમવાનું ચાલુ રાખીશ. હું હજુ પણ ડોમેસ્ટિક ક્રિકેટ રમી શકું છું. જેથી હું ખેલાડીઓ સાથે મારો અનુભવ શેર કરી શકું. મેં ODI હવે મને પાકિસ્તાનની T20 ટીમનો ભાગ બનવામાં રસ નથી.



# બાંગ્લાદેશ સિરીઝ પહેલા રોહિતનું ટેન્શન વધ્યું

નવી દિલ્હી | તા 31

આ દિવસોમાં ભારતમાં બુચી બાબુ ટુર્નામેન્ટ રમાઈ રહી છે. જેમાં ટીમ ઈન્ડિયાના ઘણા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. શ્રેયસ ઐયરથી લઈને ઈશાન કિશન અને સૂર્યકુમાર યાદવ સુધી દરેક આ ટૂર્નામેન્ટમાં રમીને ટેસ્ટ ટીમ ઈન્ડિયામાં જગ્યા બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઈશાન કિશન સિવાય ઐયર અને સૂર્યા આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી કંઈ ખાસ કરી શક્યા નથી. બુચી બાબુ ટૂર્નામેન્ટમાં શ્રેયસ અને સૂર્યા બંને મુંબઈ તરફથી રમી રહ્યા છે. હવે બાંગ્લાદેશ ટેસ્ટ સિરીઝ પહેલા સૂર્યકુમાર યાદવની આશાને મોટો ફટકો લાગ્યો છે. વાસ્તવમાં સૂર્યકુમાર યાદવ ઈજાગ્રસ્ત થયો છે. સૂર્યાની ઈજાથી વધ્યું ટેન્શન વાસ્તવમાં, સૂર્યા બુચી બાબુ ટૂર્નામેન્ટમાં મુંબઈ અને TNCA 11 વચ્ચે રમાયેલી મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. એક અહેવાલ મુજબ સૂર્યકુમાર યાદવને ફિલ્ડિંગ કરતી વખતે હાથમાં ઈજા થઈ હતી. ઈજા પહેલા સૂર્યા માત્ર 38 બોલ જ રમી શક્યો હતો. આ પહેલા સૂર્યા IPL 2024 દરમિયાન ઈજામાંથી પરત ફર્યો હતો.

# શાહિન આફ્રિદીને ટીમની બહાર કરવાનું સામે આવ્યું મોટું કારણ

(એજન્સી) કરાંચી | તા 31



પ્રથમ મેચ જીતીને બાંગ્લાદેશની ટીમ 1-0થી આગળ છે બીજી ટેસ્ટમાં પાકિસ્તાનની ટીમની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર આ દિવસોમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. સિરીઝની પ્રથમ મેચ જીતીને બાંગ્લાદેશની ટીમ 1-0થી આગળ છે. સીરીઝની બીજી મેચ 30 ઓગસ્ટથી શરૂ થવાની હતી.

પરંતુ રાવલપિંડીમાં સતત વરસાદને કારણે બીજી ટેસ્ટનો પ્રથમ દિવસ ટોસ વગર રદ કરવામાં આવ્યો હતો. બીજી ટેસ્ટ મેચ માટે પાકિસ્તાનની ટીમની પ્લેઈંગ ઈલેવનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

માત્ર ફાસ્ટ બોલર શાહીન આફ્રિદીને બીજી મેચમાંથી બહારનો રસ્તો બતાવવામાં આવ્યો છે. જે બાદ પ્રશંસકોના મનમાં વિવિધ સવાલો ઉઠી રહ્યા છે કે આખરે તો શાહીન પાકિસ્તાનની ટીમની બોલિંગનો જીવ છે તો પછી તેને પ્લેઈંગ ઈલેવનમાંથી કેવી રીતે બહાર કરી શકાય. હવે શાહીનને બાકાત રાખવા અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું નિવેદન પણ સામે આવ્યું છે.

આ કારણોસર શાહિન ટીમની બહાર

વાસ્તવમાં જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ રહી હતી ત્યારે શાહીન પિતા બન્યો હતો. શાહીનની પત્નીએ એક છોકરાને જન્મ આપ્યો. મેચ દરમિયાન વિકેટ લીધા બાદ શાહિને તેના પુત્ર તરફ ઈશારો કરીને ઉજવણી પણ કરી હતી. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ તેના પરિવાર સાથે સમય પસાર કરવા માટે શાહીનને બીજી ટેસ્ટ મેચમાંથી બહાર કરી દીધો છે. શાહીનના પુત્રનું નામ અલિયાર રાખવામાં આવ્યું છે

# રોનાલ્ડો ઓલ ટાઇમ ટોપ ગોલ સ્કોરરના એવોર્ડથી સન્માનિત

ન્યૂયોર્ક | તા 31

રોનાલ્ડો એ સતત 11 ચેમ્પિયન્સ લીગની મેચમાં ગોલ કર્યા હતા 2008માં માન્ચેસ્ટર યુનાઈટેડ સાથે પ્રથમ વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી પોર્ટુગલ, રિયલ મેડ્રિડ તથા અલ-નાસરના સ્ટાર સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને યુઈએફએ ચેમ્પિયન્સ લીગ ટૂર્નામેન્ટનાઈતિહાસમાં હાઈએસ્ટ ગોલ કરનાર ખેલાડીની સિદ્ધિ મેળવવા બદલ વિશેષ સન્માન આપવામાં આવ્યું છે. મોનાકોના ગ્રિમાલ્ડી ફોરમમાં ચેમ્પિયન્સ લીગ 36 ટીમના લીગ તબક્કાના ઉદ્ઘાટન પ્રસંગે પ્રમુખ એલેકઝાન્ડર સેફરિને રોનાલ્ડોએ યુઈએફએ ઓલ ટાઈમ ટોપ ગોલ સ્કોરરના એવોર્ડથી સન્માનિત કર્યો હતો. રોનાલ્ડોએ ચેમ્પિયન્સ લીગમાં માન્ચેસ્ટર યૂનાઈટેડ, રિયલ મેડ્રિડ અને જુવેન્ટ્સ માટે 140 ગોલ કર્યા છે. છેલ્લા 18 વર્ષમાં પોર્ટુગલના સ્ટારે ત્રણ ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં રમનાર પ્રથમ ફૂટબોલર તરીકેની સિદ્ધિ પણ મેળવી છે. તેણે સતત 11 ચેમ્પિયન્સ લીગની મેચમાં ગોલ કર્યા હતા અને આ રેકોર્ડ ભાગ્યે જ તૂટી શકે તેમ છે. તે લીગમાં પાંચ વખતનો વિજેતા ખેલાડી છે. 2008માં માન્ચેસ્ટર યુનાઈટેડ સાથે પ્રથમ વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી.

# અફઘાનની જાકિયાએ ટેક્વોન્ડોમાં રેફ્યૂજી ટીમ માટે બ્રોન્ઝ જીત્યો

(એજન્સી) ફ્રાન્સ | તા 31

ટોક્યો પેરાલિમ્પિક બાદ જાકિયા પેરિસમાં જ સ્થાયી થઈ હતી અફઘાનિસ્તાનની જાકિયા ખુદાદાદીએ પેરિસ પેરાલિમ્પિકમાં રેફ્યૂજી ટીમ માટે મેડલ જીતનાર પ્રથમ એથ્લેટ બનીને ઈતિહાસ રચી દીધો છે.જાકિયાએ મહિલાઓની 47 કિગ્રા કેટેગરીમાં તુર્કીની એકિંસી નૂરસિહનને પરાજય આપી ટેક્વોન્ડોમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પેરિસના ગ્રાન્ડ પેલેસમાં મેચ પૂરી થયા બાદ જાકિયાએ ખુશીથી છલાંગ લગાવી અને હેલ્મેટ હવામાં ફેંકીને ઉજવણી કરી હતી. આ જીત બાદ જાકિયા મીડિયા સાથે વાતચીત કરતાં સમયે ભાવુક થઈ હતી. તેને જણાવ્યું કે આ એક અદ્ભુત ક્ષણ છે જ્યારે મને લાગ્યું કે મેં બ્રોન્ઝ મેડલ જીત્યો છે ત્યારે મારું હૃદય ઝડપથી ધડકવા લાગ્યું હતું. આ મેડલ અફઘાનિસ્તાનની મહિલાઓ અને તમામ રેફ્યૂજી માટે છે. મને આશા છેકે એક દિવસ મારા દેશમાં શાંતિ આવશે. જાકિયાનો જન્મ હાથ વગર થયો હતો. જાકિયાએ 11 વર્ષની ઉંમરે પશ્ચિમી અફઘાનિસ્તાનમાં તેના વતન હેરાતમાં ગુપ્ત જિમમાં છૂપાઈને ટેક્વોન્ડોની પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું હતું. 2021માં તાલિબાનના ઉદય પછી મહિલાઓને મૂકવામાં આવ્યો હતો. જાકિયા કોઈક રીતે અફઘાનિસ્તાનમાંથી ભાગી જવામાં સફળ રહી અને ઈન્ટરનેશનલ સમુદાયની અરજી બાદ તેને દેશ માટે ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી.

# પાકિસ્તાન હજુ પણ પહોંચી શકે છે WTC ફાઈનલમાં

(એજન્સી) કરાંચી | તા 31

પાકિસ્તાનની પોઈન્ટ ટેબલમાં હાલત કથળી ગઈ છે પાકિસ્તાનની ટીમ બાંગ્લાદેશ સામેની બે મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ પહેલા જ 10 વિકેટથી હારી ચૂકી છે.

હવે બંને વચ્ચે સિરીઝની બીજી અને છેલ્લી મેચ શુક્રવાર, 30 ઓગસ્ટથી રમાશે. સિરીઝની પ્રથમ મેચ હાર્યા બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પાકિસ્તાનની ટીમની હાલત ખાસ્સી બગડી ગઈ હતી. હવે ફેન્સના મનમાં સવાલ છે કે પાકિસ્તાન અહીંથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચી શકશે કે નહીં. બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ 10 વિકેટે હાર્યા બાદ પાકિસ્તાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-25ના પોઈન્ટ ટેબલમાં 8મા સ્થાને આવી ગયું છે. અહીંથી ટીમ માટે ફાઈનલમાં ક્વોલિફાય કરવું ઘણું મુશ્કેલ છે, પરંતુ અશક્ય નથી.

# સચિન-કોહલી જે ન કરી શક્યા તે બોલરે કરી બતાવ્યું

લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટમાં કંઈક એવું જોવા મળ્યું કે જેનો અંદાજો કોઈએ લગાવ્યો નહીં હોય. પ્રથમ દિવસે 74 રન બનાવીને અણનમ પરત ફરેલા ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર ગુસ એટકિન્સને બીજા દિવસની શરૂઆત સાથે ઈતિહાસ રચી દીધો હતો. ગુસ એટકિન્સન અને મેથ્યુ પોટે બીજા દિવસની શરૂઆત ઈંગ્લેન્ડની ઈનિંગ્સ 358/7થી કરી હતી. એટકિન્સને બીજા દિવસની શરૂઆત શાનદાર ચોગ્ગાથી કરી હતી. આના થોડા સમય બાદ ઈંગ્લિશ બોલરના બેટથી નવો રેકોર્ડ બન્યો હતો. હકીકતમાં એટકિન્સને લોર્ડ્સમાં માત્ર 103 બોલમાં સદી ફટકારી હતી. આ સાથે તેણે માત્ર એક-બે નહીં પરંતુ શ્રેણીબદ્ધ રેકોર્ડ બનાવ્યા. ગુસ એટકિન્સને માત્ર તેની પ્રથમ ટેસ્ટ સદી જ નહીં પરંતુ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેની પ્રથમ સદી ફટકારવાનું એક મહાન પરાક્રમ કર્યું. રસપ્રદ વાત એ છે કે તેની સદી 8મા નંબર પર બેટિંગ કરતી વખતે આવી હતી. આ રીતે, તે લોર્ડ્સમાં 8મા નંબરે આવીને ટેસ્ટ સદી ફટકારનાર છઠ્ઠો બેટ્સમેન બન્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ભારે વરસાદના કારણે ભૂસ્ખલનમાં એક જ પરિવારના 12 લોકોના મોત

ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં 9 બાળકો સહિત એક પરિવારના ઓછામાં ઓછા 12 સભ્યોના મોત થયા હતા. અધિકારીઓએ આ ઘટના અંગે માહિતી આપી છે. તમામને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પોલીસે જણાવ્યું કે આ ઘટના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના અપર ડીર જિલ્લાના મેદાન વિસ્તારમાં બની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ 12 મૃતદેહો કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દેશમાં ભારે વાવાઝોડા સાથે વરસાદની સંભાવના ડૉન અખબારે એક અધિકારીને ટાંકીને કહ્યું કે આ ઘટનામાં બે મહિલાઓ, એક પુરુષ અને નવ બાળકોના મોત થયા છે. પાકિસ્તાનમાં તાજેતરના સમયમાં ભારે મોસમી વરસાદ થયો છે. પાકિસ્તાનમાં જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચોમાસાની મોસમ ચાલે છે. પાકિસ્તાન હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન દેશભરમાં જોરદાર વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.આ સમયગાળા દરમિયાન સિંધ, ઉત્તર-પૂર્વ/દક્ષિણ બલૂચિસ્તાન, ઉત્તર-પૂર્વ/મધ્ય પંજાબ, પોતોહાર પ્રદેશ, ઈસ્લામાબાદ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વામાં ભારે વરસાદની સંભાવના છે, હવામાન વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું.

### હૂતીઓએ લાલ સમુદ્રમાં ઓઈલ ભરેલા જહાજ પર કરેલ હુમલાના ફૂટેજ કર્યા જાહેર

હૂતીએ આ ભયાનક દ્રશ્યનો એક વીડિયો જાહેર કર્યો છે. જેમાં તેમના લડવૈયાઓ ઓઈલ ટેન્કર સોનિયન પર ચઢતા અને તે જહાજ પર વિસ્ફોટ થતા જોવા મળે છે. જો કે, આ મહિનાની શરૂઆતમાં લાલ સમુદ્રમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. અમેરિકા પણ આ હુમલાથી ચિંતિત છે. અમેરિકા પણ આ હુમલાથી ચિંતિત હૂતી દ્વારા ગુરુવારે આ ફૂટેજ એવા સમયે જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તર પર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે ગ્રીકના ધ્વજવાળા આ જહાજથી મોટા પાયે તેલ લિકેજ થઈ શકે છે. આ હુમલાથી અમેરિકા પણ ચિંતિત છે. પેન્ટાગોનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર લાલ સમુદ્રમાં હૂતી બળવાખોરો દ્વારા હુમલો કરવામાં આવેલા જહાજમાંથી તેલ લીક થઈ રહ્યું છે. સાથે જ તેમણે વિશ્વના સૌથી વ્યસ્ત જળમાર્ગોમાંથી એકમાં 'સંભવિત પર્યાવરણીય આપત્તિ'ની ચેતવણી પણ આપી હતી. તેલ લિકેજ પર્યાવરણ પર નોંધપાત્ર અસર કરી શકે છે. આ વિસ્તારમાં પરિવહનને પણ જોખમમાં આવી શકે છે. જહાજમાં લગભગ 10 લાખ બેરલ ક્રૂડ ઓઈલ રાખવામાં આવ્યું હતું. વિદ્રોહી સંગઠન હૂતીના લશ્કરી પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે, સોનિયન એક એવી કંપનીનું છે, જેણે લાલ સમુદ્રમાં ઈઝરાયેલ જઈ રહેલા જહાજો સામે યમની જૂથ દ્વારા પોતાને યમનના સશસ્ત્ર દળો તરીકે રજૂ કરનારા હુથીઓ સતત તે જહાજોને નિશાન બનાવી રહ્યા છે.

### પરમાણુ હથિયાર બનાવવાની ખૂબ નજીક! UNના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA) ના અહેવાલ મુજબ 17 ઓગસ્ટ સુધીમાં ઈરાન પાસે 60 ટકા વધારેલુ 164.7 કિલોગ્રામ યુરેનિયમ હતું. મે મહિનામાં IAEAના અગાઉના અહેવાલ બાદ આ 22.6 કિલોગ્રામનો વધારો છે. હથિયાર-ગ્રેડ લેવલથી માત્ર એક ડગલું દૂર 60 ટકા શુદ્ધતા સુધી વધારેલુ યુરેનિયમ 90 ટકાના હથિયાર-ગ્રેડ સ્તરથી માત્ર એક તકનીકી પગલું દૂર છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, ઈરાને તે બે સ્થળોએ મળી આવેલા માનવસર્જિત યુરેનિયમ કણોના મૂળ અને વર્તમાન સ્થાન અંગે પરમાણુ નિગરાની સંસ્થાની વર્ષોથી ચાલી રહેલી તપાસનો હજુ પણ જવાબ આપ્યો નથી. જેને તેહરાન સંભવિત પરમાણુ સ્થળો તરીકે જાહેર કરવામાં નિષ્ફળ રહ્યું છે. તેહરાને સપ્ટેમ્બર 2023ના નિર્ણય પર પુનર્વિચાર પણ કર્યો નથી એસોસિએટેડ પ્રેસના જણાવ્યા અનુસાર IAEA રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તેહરાને સપ્ટેમ્બર અંતર્ગત ઈરાને તેના પરમાણુ કાર્યક્રમ પર નજર રાખવા માટે સૌથી અનુભવી પરમાણુ નિરીક્ષકો પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

### કોલંબોમાં ભારત સહિત આ 4 દેશોની NSAની બેઠક, અજીત ડોભાલ શ્રીલંકા પહોંચ્યા

શ્રીલંકામાં 4 દેશોની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સ્તરની વાતચીત યોજાવા જઈ રહી છે. કોલંબો સુરક્ષા પરિષદમાં ભાગ લેવા માટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ આજે શ્રીલંકા પહોંચી ગયા છે. આંતરિક અને બાહ્ય સુરક્ષાના મુદ્દાઓ પર મોટી ચર્ચા આ સમયગાળા દરમિયાન ચાર દેશોના NSAમાં આંતરિક અને બાહ્ય સુરક્ષાના મુદ્દાઓ પર મોટી ચર્ચા થવાની છે. અધિકારીઓએ જણાવ્યું કે કોન્ફરન્સ શુક્રવારે યોજાશે. અજીત ડોભાલ શ્રીલંકાના રાષ્ટ્રપતિ સાથે કરશે મુલાકાત તેમણે કહ્યું કે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સાથે પણ મુલાકાત કરશે. કોન્ફરન્સ તેના કોલંબો સચિવાલય સાથે ભારત, શ્રીલંકા, માલદીવ્સ અને મોરેશિયસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોને એકસાથે લાવે છે.

PM હાજરી આપશે કે નહીં તે અંગે ભારતે કહ્યું હતું-અટકળો ન કરો

# પાકિસ્તાને SCO બેઠક માટે મોદીને આમંત્રણ મોકલ્યું



(એજન્સી) ઇસ્લામાબાદ | તા 31

પાકિસ્તાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઓક્ટોબરમાં યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સંબંધિત બેઠકમાં ભાગ લેવા માટે સત્તાવાર રીતે આમંત્રણ આપ્યું છે. SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ (CHG) 15-16 ઓક્ટોબરના રોજ ઈસ્લામાબાદમાં મળશે. અહેવાલો અનુસાર પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે કહ્યું કે, બેઠકમાં ભાગ લેવા માટે સભ્ય દેશોના વડાઓને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. આ અંતર્ગત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે. પ્રવક્તા બલોચે કહ્યું કે, કેટલાક દેશોએ આ બેઠકમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી દીધી છે. કયા દેશે આમંત્રણ સ્વીકાર્યું છે તેની માહિતી યોગ્ય સમયે આપવામાં આવશે. રક્ષા મંત્રી ખ્વાજા આસિફે ગયા મંગળવારે કહ્યું હતું કે, પાકિસ્તાન PM મોદીને કાર્યક્રમમાં હાજરી આપવાનું આમંત્રણ ચોક્કસપણે મોકલશે.

### PM મોદીએ જુલાઈમાં SCO સમિટમાં ભાગ લીધો ન હતો

PM મોદીએ આ વર્ષે 3-4 જુલાઈના રોજ કઝાકિસ્તાનમાં યોજાયેલી SCO સમિટમાં ભાગ લીધો ન હતો. તેમના સ્થાને વિદેશ મંત્રી જયશંકરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગયા વર્ષે, કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકે SCOની CHG બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં પીએમ મોદી પણ હાજર રહી શક્યા ન હતા. તેમના સ્થાને વિદેશ મંત્રી એસ જયશંકરે હાજરી આપી હતી.પાકિસ્તાની અખબાર ડોને ગુરુવારે જણાવ્યું હતું કે, રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું હતું કે, મોદી સરહદ પાર કરે તેવી શક્યતા ઓછી છે.

### SCO ભારત માટે શા માટે મહત્વનું છે?

SCOમાં ભારત, ચીન, રશિયા, પાકિસ્તાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સામેલ છે. આ સંગઠન મધ્ય એશિયામાં શાંતિ જાળવી રાખવા અને તમામ દેશો વચ્ચે સહયોગ માટે બનાવવામાં આવ્યું છે. પાકિસ્તાન, ચીન અને રશિયા પણ તેના સભ્ય છે. SCO ભારતને આતંકવાદનો મુકાબલો અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર તેના મંતવ્યો મજબૂત રીતે રજૂ કરવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**રશિયા સાથેના સંબંધોને મજબૂત બનાવવું :** પડોશી દેશો ચીન અને પાકિસ્તાનના વર્ચસ્વને ચકાસવા અને જવાબ આપવા માટે મધ્ય એશિયાના દેશો સાથે સહકાર વધારવો SCO માં જોડાવાના ભારતના મુખ્ય ધ્યેયો પૈકી એક તેના 4 મધ્ય એશિયાઈ પ્રજાસત્તાક અથવા CAR સભ્યો- કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સાથે આર્થિક સંબંધોને મજબૂત કરવાનો છે. આ દેશો સાથે કનેક્ટિવિટીના અભાવ અને આ ક્ષેત્રમાં ચીનના આ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.2017માં SCOમાં જોડાયા બાદ આ મધ્ય એશિયાઈ દેશો સાથે ભારતનો વેપાર વધ્યો છે. 2017-18માં આ ચાર દેશો સાથે ભારતનો વેપાર 11 હજાર કરોડ રૂપિયાનો હતો, જે 2019-20માં વધીને 21 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, ભારત સરકાર અને ખાનગી કંપનીઓએ પણ આ દેશોમાં સોનાની ખાણકામ, યુરેનિયમ, વીજળી અને કૃષિ-પ્રોસેસિંગ એકમોમાં રોકાણ કર્યું હતું.

# કમલા હેરિસ રાષ્ટ્રપતિ બનશે તો એક વિપક્ષી મંત્રી બનાવશે:તે ટ્રમ્પની પાર્ટીનું કોઈક હશે

(એજન્સી) વોશિંગ્ટન | તા 31

ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બન્યા બાદ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે શુક્રવારે (ભારતીય સમય મુજબ) પોતાનો પહેલો ટીવી ઈન્ટરવ્યુ આપ્યો હતો. તેમનો ઈન્ટરવ્યુ CNN ટીવી પત્રકાર ડાના બાશે લીધો હતો, જેમણે રાષ્ટ્રપતિ જો બાઇડન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની ચર્ચાનું સંચાલન કર્યું હતું. ભારતવંશી કમલાએ કહ્યું કે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બન્યા પછી પણ કોઈપણ મુદ્દે તેમના વિચારો બદલાયા નથી. તેણીએ કહ્યું કે, જો તે રાષ્ટ્રપતિ બનશે તો તે વિપક્ષી પાર્ટી (રિપબ્લિકન)ના નેતાને તેની કેબિનેટમાં સામેલ કરશે. આમ કરવું અમેરિકન લોકો માટે સારું રહેશે. ટ્રમ્પે તાજેતરમાં કમલા હેરિસની વંશીય ઓળખ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કમલા હંમેશા પોતાને ભારતની હોવાનું જણાવતી હતી,

પરંતુ હવે તે અચાનક અશ્વેત થઈ ગઈ છે. તેઓ મત મેળવવા માટે આવું કરી રહ્યા છે.



કમલાએ આ પ્રશ્નનો જવાબ આપવાની ના પાડી. તેમણે કહ્યું કે, આ એ જ જૂની વાતો છે. તેનો કોઈ અર્થ નથી. કમલા હેરિસે કહ્યું કે, ઈઝરાયલને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે, પરંતુ યુદ્ધ હવે બંધ થવું જોઈએ. કમલા હેરિસે કહ્યું કે, ઈઝરાયલને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે, પરંતુ યુદ્ધ હવે બંધ થવું જોઈએ. ઈઝરાયલને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. જો કે આ યુદ્ધમાં ઘણા નિર્દોષ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. હવે આ બંધ થવું જોઈએ અને બંધકોની આઝાદી માટે બંને (ઈઝરાયલ-હમાસ) વચ્ચે સમજૂતી થવી જોઈએ.ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસના ઈન્ટરવ્યુને ફગાવી દીધો છે. તેણે તેને 'બોરિંગ' ગણાવ્યું. પૂર્વ રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પર પણ પૂછ્યું કે, ઈન્ટરવ્યુ લાઈવ કેમ નથી થતો? આ એક ઈન્ટરવ્યુ છે જે પહેલા ટેપ કરવામાં આવ્યો હતો, સંપાદિત કરવામાં આવ્યો હતો અને પછી ટેલિકાસ્ટ કરવામાં આવ્યો હતો. કારણ કે તેમનામાં લાઈવ ઈન્ટરવ્યુ આપવાની હિંમત નથી. ટ્રમ્પે કહ્યું કે, તેઓ પહેલાથી જ કહેતા આવ્યા છે કે, કમલા હેરિસ ઈન્ટરવ્યુ પણ આપી શકતા નથી. તેમની સાથેની મુલાકાતમાં ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ટિમ વોલ્ઝ પણ છે. કમલા મુશ્કેલ પ્રશ્નોના જવાબ પોતે નહીં આપે. તેમની જગ્યાએ ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જવાબ આપશે.

## શેખ હસીના અને તેમના પરિવારને આપવામાં આવેલી સુરક્ષા પાછી ખેંચી લીધી

ઢાકા | તા 31

હસીના અને તેના નજીકના સંબંધીઓને આપેલી વિશેષ સુરક્ષા પાછી ખેંચી સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સિસ એક્ટ 2021માં સુધારો કરવાનો નિર્ણય

બાંગ્લાદેશની વચગાળાની સરકારે દેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. મોહમ્મદ યુનુસની આગેવાનીવાળી સરકારે ગુરુવારે હસીના અને તેના નજીકના સંબંધીઓને આપવામાં આવેલી વિશેષ સુરક્ષા પાછી ખેંચી લીધી હતી. જેના કારણે હસીનાની મુશ્કેલીઓમાં વધુ વધારો થયો છે. બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સીએ આપી માહિતી તમને જણાવી દઈએ કે વચગાળાની સરકારે થોડા દિવસો પહેલા તેમનો રાજદ્વારી પાસપોર્ટ પણ રદ કરી દીધો હતો. મુખ્ય સલાહકાર પ્રોફેસર મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની સલાહકાર પરિષદે ભૂતપૂર્વ વડા પ્રધાન હસીના અને તેમના નજીકના સંબંધીઓને આપવામાં આવેલી વિશેષ સુરક્ષાને દૂર કરવા માટે સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સિસ એક્ટ 2021માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે, એમ બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે.

શેખ હસીના પર બાંગ્લાદેશમાં 75 થી વધુ કેસ નોંધાયા શેખ હસીના (76) વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને 5 ઓગસ્ટે ભારત આવી હતી, ત્યારબાદ બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને સંસદ ભંગ કરી દીધી હતી. શેખ હસીના પર હાલમાં બાંગ્લાદેશમાં 75 થી વધુ કેસોનો સામનો કરવો પડે છે.

સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ એક્ટ 2021 લાગુ કરવામાં આવ્યો 'વ્યાપક વિદ્યાર્થીઓ અને જાહેર વિરોધને પગલે, કાર્યાલય (CAO) એ સલાહકાર પરિષદની બેઠક પછી એક નિવેદનમાં જણાવ્યું હતું અગાઉની સરકારના નિર્ણય બાદ સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ એક્ટ 2021 લાગુ કરવામાં આવ્યો હતો.

# ઉરુગ્વેને પ્રગતિના માર્ગ પર લાવનારા પૂર્વ રાષ્ટ્રપતિનો સંદેશ

ન્યૂયોર્ક | તા 31

ઉરુગ્વેના પૂર્વ પ્રમુખ જોસ મુજિકાના જીવનની કથા કોઈ ફિલ્મી કથાથી ઓછી નથી. પરંતુ તેમનો સંદેશ તેમના જીવનની કથાથી પણ વધુ રોમાંચક છે. કેન્સર જેવી જીવલેણ બીમારીથી પીડાઈ રહેલા 89 વર્ષીય મુજીકાનું કહેવું છે કે આજના સમયમાં આપણે દરેક કામ કંઈક ખરીદવા માટે કરી રહ્યા છે. તેઓ કહે છે કે આપણા જીવનમાં અસફળતાના અર્થને સમજવાની જરૂરત છે. આપણે બજારના ગુલામ બની ગયા છીએ. દેવું આજનો ધર્મ બન્યું છે. તેમનું માનવું છે કે સાચી સ્વતંત્રતા માત્ર ધન કે સંપત્તિ નથી, પરંતુ આપણા જીવનમાં સાદગી અને સંતોષ સાથે જીવવામાં છે. તમે ત્યારે આઝાદ થશો જ્યારે તમારી જરૂરિયાતો ઓછી થશે. જેટલી વધારે જરૂરિયાત હશે તેટલા વધારે તમે ગુલામ બનતાં જશો. મુજીકા જણાવે છે કે આપણી જરૂરિયાતની કોઈ મર્યાદા નથી. જો એક વાર જરૂરિયાતો પાછળ તમે ભાગશો તો આખી જિંદગી તેની પાછળ ભાગતા રહેશો. આજે જ્યારે મુજીકા તેમના જીવનના અંતિમ તબક્કામાં છે અને ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે તેમના અવાજમાં આજે પણ એટલી જ તાકાત અને સત્ય છે. તેઓ કહે છે કે જીવન એક જ વાર મળે છે, અને તેને સુખ અને શાંતિથી જીવવું જોઈએ. ખેડૂત પરિવારમાં જન્મેલા મુજીકાને બાળપણથી જ સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો. ગેરિલા યુદ્ધ લડ્યા. સૈન્ય સરમુખત્યારશાહીના વિરોધને લીધે 15 વર્ષ સુધી જેલમાં રહ્યા. તેમ છતાં તેમને પોતાના આદર્શો સાથે સમાધાન કર્યું નહીં અને ફરી એકવાર પ્રમુખ બન્યા. જે વસ્તુ મુજીકાને બધાથી અલગ પાડે છે તે છે તેમની જીવનશૈલી. રાષ્ટ્રપતિ બન્યા પછી પણ તેમણે જૂની ઝૂંપડીમાં રહેવાનું પસંદ કર્યું. તેમણે પોતાની કમાણીનો મોટો ભાગ ગરીબો અને જરૂરિયાતમંદોને દાનમાં આપી દીધો અને જીવન જીવવા માટે જે જરૂરી હતું તે જ પોતાના માટે રાખ્યું. જ્યારે બાકીના વિશ્વના નેતાઓ મોંઘાં વાહનોમાં યાત્રા કરતા હોય છે.

## દુનિયાનો છેડો ઘર નહી પણ, E-69 હાઈવે! જાણો રસપ્રદ માહિતી

લંડન | તા 31

અહીં જવા માટે તમારે લેવી પડે છે પરમિશન દુનિયા ગોળ છે. ક્યાંકને ક્યાંક તો આપણે એક બીજાને મળવાના જ. પરંતુ તમને કદી એવો સવાલ થયો છે કે દુનિયાનો છેડો ક્યાં આવેલો છે. આપણે સામાન્ય રીતે એમ કહેતા હોઈએ કે દુનિયાનો છેડે એટલે ઘર. પણ ના અહીં એવુ નથી. આપણે આજે એવી જગ્યા વિશે વાત કરીએ કે જેના દુનિયાનું અસ્તિત્વ જ ન હોવાનું માનવામાં આવે છે. એવી કોઈ જગ્યા એટલે યુરોપિયન દેશમાં આવેલો એક રસ્તો.

આ છે દુનિયોનો છેડો આ રસ્તાનું નામ E-69 હાઈવે છે. જેને દુનિયાનો છેલ્લો રસ્તો માનવામાં આવે છે. E-69 હાઈવે યુરોપિયન દેશ નોર્વેમાં આવેલો છે. કહેવાય છે કે આ હાઈવે પૂરો થયા પછી માત્ર ગ્લેશિયર અને સમુદ્ર જ દેખાય છે અને બીજું કંઈ દેખાતું નથી. E-69 હાઈવે 14 કિલોમીટર લાંબો છે. આ હાઈવે પર એવી ઘણી જગ્યાઓ છે જ્યાં એકલા વાહન ચલાવવા અને ચાલવા પર પ્રતિબંધ છે. પૃથ્વી અને નોર્વેના છેડાને જોડે છે ઉત્તર ધ્રુવ એ પૃથ્વીનું સૌથી દૂરનું બિંદુ છે, જ્યાંથી પૃથ્વીની ધરી ફરે છે. નોર્વે પણ અહીં છે. E-69 હાઈવે પૃથ્વીના છેડાને નોર્વે સાથે જોડે છે. આ રસ્તો એવી જગ્યાએ સમાપ્ત થાય છે જ્યાંથી તમને જવાનો કોઈ રસ્તો દેખાતો નથી. બધે માત્ર બરફ અને સમુદ્ર જ દેખાશે. આ રોડની લંબાઈ લગભગ 14 કિલોમીટર હોવાનું કહેવાય છે.

# ગાઝામાં પોલિયોના કારણે 3 દિવસ માટે યુદ્ધ બંધ:25 વર્ષ પછી મળ્યો આ વાયરસનો કેસ

(એજન્સી) ઈઝરાયેલ તા 31

ઈઝરાયલ અને હમાસ ગાઝાના કેટલાક વિસ્તારોમાં ત્રણ દિવસ માટે યુદ્ધવિરામ માટે સંમત થયા છે. ગાઝામાં 23 ઓગસ્ટે 25 વર્ષ બાદ પોલિયોનો પહેલો કેસ નોંધાયો હતો, ત્યાર બાદ 6.40 લાખ બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના અધિકારી રિક પેપરકોર્ને કહ્યું કે, પેલેસ્ટાઈન વિસ્તારોમાં રસીકરણ અભિયાન રવિવાર (1 સપ્ટેમ્બર)થી શરૂ થશે. તેમણે કહ્યું કે, સ્થાનિક સમય અનુસાર સવારે 6 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી યુદ્ધવિરામ રહેશે. WHO અધિકારીએ કહ્યું કે, રસીકરણ અભિયાન મધ્ય ગાઝામાં શરૂ થશે, જ્યાં ત્રણ દિવસનો યુદ્ધવિરામ રહેશે. ત્યાર બાદ તે દક્ષિણ ગાઝા તરફ આગળ વધશે, જ્યાં વધુ ત્રણ દિવસ માટે યુદ્ધવિરામ રહેશે. તે પછી ઉત્તરી ગાઝામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે. પેપરકોર્ને કહ્યું કે, જો જરૂર પડશે તો દરેક વિસ્તારમાં યુદ્ધવિરામ ચોથા



દિવસ સુધી લંબાવી શકાય છે. ગાઝામાં માર્યા ગયેલા લોકોમાં 16 હજારથી વધુ બાળકો છે. 10 હજારથી વધુ લોકો ગુમ છે. પોલિયોના વાયરસ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશે છે પોલિયો વાયરસ મોં અને નાક દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે, પછી ગળા અને આંતરડામાં સ્થાયી થાય છે. ત્યાં તે ઝડપથી તેની સંખ્યા વધારવાનું શરૂ કરે છે. લગભગ એક અઠવાડિયામાં તે કાકડા અને રોગપ્રતિકારક તંત્રમાં ફેલાવા લાગે છે.

વાયરસ પછીથી શરીરમાં વહેતા લોહીને નિશાન બનાવે છે, જેના દ્વારા તે આખા શરીરમાં ફેલાય છે. વાયરસ સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ પર હુમલો કરીને તેને લકવો કરે છે મોટા ભાગના કિસ્સાઓમાં, શરીરની રોગપ્રતિકારક શક્તિ તેના આંતરડામાંથી લોહી સુધીની મુસાફરી દરમિયાન વાયરસને મારી નાખે છે, પરંતુ જો શરીર આમ કરવામાં અસમર્થ હોય, તો પોલિયો વાયરસ સેન્ટ્રલ નર્વસ સિસ્ટમમાં પ્રવેશવામાં સફળ થાય છે.ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં માર્યા ગયેલા પેલેસ્ટાઈનની સંખ્યા 40 હજારને પાર થઈ ગઈ છે. ગાઝા પર ઈઝરાયલના હુમલામાં અત્યાર સુધીમાં 90 હજારથી વધુ લોકો ઘાયલ થયા છે.

કોરોના ભગાડવા માટે તાવીજ વેચતો હતો; દાવો- 28 વર્ષની ઉંમરે મૃત્યુ થયું, ફરી જીવિત થયો

# નોર્વેની રાજકુમારીએ અમેરિકન તાંત્રિક સાથે લગ્ન કર્યા



(એજન્સી) નોર્વે | તા 31

નોર્વેની પ્રિન્સેસ માર્થા લુઈસ અમેરિકન તાંત્રિક ડ્યુરેક વેરેટ સાથે લગ્ન કરી રહી છે. બંને 31મી ઓગસ્ટે એટલે કે આવતીકાલે નોર્વેના એલેસુન્ડ શહેરમાં એક ચર્ચમાં લગ્ન કરશે. લગ્ન બાદ મહેમાનો માટે બોટમાં ભોજન પીરસવામાં આવશે. નોર્વેજીયન મીડિયાના અહેવાલો અનુસાર, સમારંભમાં ભાગ લેનારા મહેમાનોને આ સમયગાળા દરમિયાન મોબાઈલ ફોન અથવા કેમેરાનો ઉપયોગ ન કરવા અને લગ્ન સંબંધિત કંઈપણ સોશિયલ મીડિયા પર પોસ્ટ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. નોર્વેની રાજકુમારી અને તાંત્રિકની સગાઈ વર્ષ 2022માં થઈ હતી. 52 વર્ષીય રાજકુમારીના લગ્નમાં સ્વીડિશ રાજવી પરિવાર ઉપરાંત ઘણા મીડિયા ઈન્ફ્લૂએન્સર્સ અને ટીવી સેલિબ્રિટીઓ હાજરી આપશે. ડ્યુરેક વેરેટને નોર્વેજીયન મીડિયામાં છેતરપિંડી કરનાર કહેવામાં આવે છે. બંને લગ્નના ખાસ કવરેજ માટે 'હેલો!' મેગેઝિન સાથે કરાર કર્યા છે. મતલબ કે બાકીના મીડિયાને તેમના લગ્ન કવર કરવાની છૂટ નથી. બંનેએ Netflix સાથે એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે જે છેલ્લા 1 વર્ષથી તેમની પ્રવૃત્તિઓનું રેકોર્ડિંગ કરે છે. નેટફ્લિક્સ માર્થાની વાર્તા પર એક ડોક્યુમેન્ટ્રી બનાવવા જઈ રહ્યું છે. માર્થા લેવિસ 49 વર્ષીય વેરેટ સાથે 2019 થી સંબંધમાં છે. બંનેએ 2022માં સગાઈ કરી હતી. રાજકુમારીએ સગાઈ પછી શાહી જવાબદારીઓ છોડી દીધી. જો કે, તેના પિતા અને નોર્વેના રાજાની વિનંતી પર માર્થાએ રાજકુમારીનું બિરુદ જાળવી રાખ્યું છે. તે બિઝનેસમાં 'પ્રિન્સેસ' શીર્ષકનો ઉપયોગ કરતી નથી. 2017માં માર્થાએ તેના પહેલા પતિ એરી બેહનને છૂટાછેડા આપી દીધા. 2 વર્ષ પછી તેમનું અવસાન થયું. માર્થાને તેના અગાઉના લગ્નથી 3 બાળકો છે. માર્થા લુઈસ વિખ્યાત માનસિક વેરેટ સાથેના સંબંધોને કારણે થોડા વર્ષોથી સમાચારમાં છે.રાજકુમારીએ 2002માં દાવો કર્યો હતો કે તે ભગવાનના સંદેશવાહકો સાથે વાત કરી શકે છે. તેણે ભવિષ્ય કહેવાનો વ્યવસાય પણ શરૂ કર્યો. આ માટે તેણે 'હર રોયલ હાઈનેસ'નું બિરુદ પણ છોડી દીધું હતું. આ પછી તેણે 2007માં એક સ્કૂલ ખોલી. તેણે દાવો કર્યો હતો કે તે શીખવે છે કે કેવી રીતે ચમત્કાર કરવો અને દેવતાઓ સાથે વાત કરવી. વેરેટનો દાવો- 9/11 હુમલા વિશે 2 વર્ષ પહેલા જાણતો હતો વેરેટે આયર્નમેન અભિનેત્રી ગ્વિનેથ પેલ્ટ્રો અને પ્રખ્યાત હોલીવુડ વિલન એન્ટોનિયો બંદેરાસ જેવી હસ્તીઓ સાથે પણ કામ કર્યું હોવાનો દાવો કર્યો છે. વેરેટે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેને બે વર્ષ પહેલા અમેરિકામાં 9/11ના આતંકી હુમલાની જાણ થઈ હતી પરંતુ તેણે કોઈને કહ્યું ન હતું. તેણે કોરોના વિશે પણ ભવિષ્યવાણી કરી હતી.

# સિટી એક્સપ્રેસ

SUNDAY 01 SEPTEMBER-2024

AHMEDABAD


## ગાંધીનગરમાં સરકારી આવાસમાં છતમાંથી પોપડાં ખર્યાં

નામ અને મકાન નંબર નહીં આપવાની શરતે સેક્ટર ૨૯માં સરકારી આવાસના રહેવાસી પરિવારે ઘરની છતમાંથી પોપડા ખર્યાંની તસવીરો મોકલવામાં આવી છે. આ સાથે તેના દ્વારા એમપણ જણાવવામાં આવ્યું છે, કે હાલમાં પણ સુરક્ષિત કહેવાતા સરકારી આવાસમાં ધબાધબ પોપડાં પડે છે. નોંધવું રહેશે, કે આ સેક્ટર વિસ્તારમાં જ ગત વર્ષે સરકારી આવાસનું છજ્જુ તૂટી પડવાથી ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધ મોતને ભેંટયાં હતાં. ગત વર્ષે મૃત્યુનો બનાવ બન્યો તેને સરકારે ખુબ ગંભીરતાથી લીધો હતો.



### 23 સપ્ટેમ્બર પછી રાજ્યમાં ભારે વરસાદી ઝાપટા રહેશે : આસના ચક્રવાતનો ગુજરાત પર કોઈ ખતરો નહિ

# વાવાઝોડું ફંટાયું પણ હજુ મેઘરાજા કરશે તાંડવ

### તારીખ 4થી 10 સપ્ટેમ્બરમાં ભારેથી અતિભારે વરસાદ

(એજન્સી) અમદાવાદ । તા.31

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે રાજ્યમાં ગઈ કાલે (30 ઑગસ્ટે) અસના વાવાઝોડાનું સંકટ ટળ્યું છે. તેવામાં હવામાન વિભાગ દ્વારા આગામી 5 સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, 'રાજ્યમાં આગામી દિવસમાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાથી 4થી 10 સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ નિર્માણ પામી શકે છે.' 4થી 10 સપ્ટેમ્બરમાં ભારેથી અતિભારે વરસાદ : અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, 'અસના વાવાઝોડું ઓમન તરફ જતા ગુજરાતને રાહત મળી છે, ત્યારે બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાથી રાજ્યમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ભારે વરસાદને કારણે પૂરની પણ શક્યતા છે. રાજ્યમાં આગામી 4થી 10 સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે.' આસના ચક્રવાત વિશે હવામાન વિભાગે જણાવ્યું હતું કે હવે આ ચક્રવાતની ગુજરાતમાં અસર થશે નહીં. આ ચક્રવાત અત્યારે નલિયાથી પશ્ચિમ દિશામાં 360 કિલોમીટર દૂર છે.

એ અરબ સાગરમાં ઉત્તર-પશ્ચિમ દિશા તરફ જઈ રહ્યું છે, જે અત્યારે ઓમાનના મસ્કતથી 720 કિલોમીટર દૂર છે. આ ચક્રવાત અત્યારે તીવ્ર છે, જે આવતીકાલ સવાર સુધી તીવ્ર રહેશે. પછીના 24 કલાકમાં એ ડિપ્રેશન બનશે.



### 2થી 4 સપ્ટેમ્બરમાં અનેક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

આજ સમયગાળામાં સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરવામાં આવે તો 01 અને 02 સપ્ટેમ્બરના રોજ કોઈ વોર્નિંગ નથી. જ્યારે 03થી 06 સપ્ટેમ્બરના રોજ છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાનની આગાહી મુજબ, 01 સપ્ટેમ્બરના રોજ પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયાં સ્થળે ભારે વરસાદ પડી શકે છે. 02 સપ્ટેમ્બરના રોજ ભરૂચ અને નર્મદામાં ઓરેન્જ એલર્ટ સાથે છુટાછવાયાં સ્થળોએ ભારે વરસાદ પડશે. 03 અને 04 સપ્ટેમ્બરના રોજ પૂર્વ સૌરાષ્ટ્રના જિલ્લાઓ, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયાં સ્થળે ભારે વરસાદ પડી શકે છે. 05 સપ્ટેમ્બરના રોજ ઉત્તર ગુજરાત અને કચ્છમાં છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદ પડશે.

### હવામાન વિભાગની આગાહી

રાજ્યમાં આગામી 5 સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે આજે (1 સપ્ટેમ્બર) દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુરના છૂટાછવાયા સ્થળે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# કોન્ટ્રેક્ટ બાદ ઇન્ટર્ન્સ-રેસિડન્ટ ડોક્ટરોના પગારમાં વધારો

### ઇન્ટર્ન્સને 21,840, ડેન્ટલમાં 20,160, ફિઝિયોમાં 13,440, આયુર્વેદ-હોમિયોપેથીમાં 15,120 સ્ટાઇપેન્ડ મળશે



(એજન્સી) ગાંધીનગર । તા.31

રાજ્ય સરકાર દ્વારા ઈન્ટર્ન્સ અને રેસિડન્ટ્સ તબીબોનાં હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં C.H.C, સબ-ડિસ્ટ્રિક્ટ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના કરાર આધારિત તજજ્ઞ તબીબોના પગારવધારાના મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ ઈન્ટર્ન્સ અને રેસિડન્ટ્સ તબીબોના સ્ટાઈપેન્ડમાં વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ વધારા મુજબ સરકારી મેડિકલ કૉલેજના મેડિકલ ઈન્ટર્ન્સને રૂ. 21,840, ડેન્ટલમાં રૂ. 20,160, ફિઝિયોથેરાપીમાં રૂ. 13,440 તેમજ આયુર્વેદ અને હોમિયોપેથીમાં રૂ.15,120 સ્ટાઈપેન્ડ મળશે. રાજ્ય સરકાર દ્વારા આ સ્ટાઈપેન્ડ વધારાનો હુકમ 01/04/2024ની અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે.

### રાજ્યમાં 4302 ઇન્ટર્ન્સ અને 5332 રેસિડન્ટ ડોક્ટરો

રાજ્યની સરકારી મેડિકલ, આયુર્વેદિક, હોમિયોપેથી, ડેન્ટલ અને ફિઝિયોથેરાપીની મેડિકલ કોલેજો અને જીએમઈઆરએસ હેઠળની મેડિકલ કોલેજો ખાતે અભ્યાસ કરતા ઈન્ટર્ન્સની સંખ્યા 4302 છે, જ્યારે રેસિડન્ટ ડોક્ટર્સની સંખ્યા 5332 છે. આ વિદ્યાર્થીઓના સ્ટાઈપેન્ડમાં વધારો કરતાં સરકારની તિજોરી પર રૂ. 122.83 કરોડનું વધારાનું ભારણ પડશે.

### રાજ્યની 6 સરકારી અને 13 GMERS મેડિકલ કોલેજના ડોક્ટરોને લાભ

રાજ્યની 6 સરકારી અને 13 GMERS (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) સંચાલિત મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ અને અનુસ્નાતક તેમજ સુપર સ્પેશિયાલિટી અભ્યાસક્રમના રેસિડન્ટ્સ તબીબોને મળતા સ્ટાઈપેન્ડના દરમાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી મેડિકલ કોલેજના મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશિયાલિટી અભ્યાસક્રમના રેસિડન્ટ તબીબોને આ સ્ટાઈપેન્ડના દરમાં થયેલા વધારાનો લાભ મળશે.

### ડિગ્રીના મેડિકલ રેસિડન્ટ્સને શું લાભ મળશે?

ડિગ્રીના મેડિકલ રેસિડન્ટ્સને પ્રથમ વર્ષમાં રૂ. 1,00,800, બીજા વર્ષમાં રૂ. 1,02,480, ત્રીજા વર્ષમાં રૂ. 1,05,000, ચોથા વર્ષ (સિનિયર રેસિડન્ટ) અને ક્લિનિકલ આસિસ્ટન્ટને રૂ. 1,10,880નો લાભ મળશે.

# ચાંદલોડિયાની સમતા હોસ્પિ.માં આગથી દોડધામ

### એસીમાં લાગેલી આગ ઓપરેશન થિયેટરના બહારના ભાગે પ્રસરી; દર્દીઓને ઉપરના માળે સિફ્ટ કરી ફાયર વિભાગે કાબુ મેળવ્યો

(એજન્સી) અમદાવાદ । તા.31

શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે આવેલી સમતા હોસ્પિટલમાં સવારના સમયે આગ લાગવાની ઘટના બની હતી. ઓપરેશન થિયેટરના બહારના ભાગે આગ લાગવાની ઘટના બનતા હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. જનરલ વોર્ડ સહિત અલગ-અલગ વોર્ડમાં રહેલા દર્દીઓમાં ભય ફેલાયો હતો. ફાયરબ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. દર્દીઓને તાત્કાલિક ઉપરના ચોથા માળે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.




### 13 જેટલા દર્દીને અન્ય હોસ્પિટલમાં ખસેડ્યા

સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે ફાયરના સાધનોની મદદથી આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી હતી. જે પણ દર્દીઓ હતા તેમને તાત્કાલિક હોસ્પિટલમાંથી ઉપરના માળે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોઈપણ દર્દીને કશી તકલીફ પડી નથી. અંદાજે 13 જેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડ્યા છે. કોઈ જાનહાની થઈ નથી. તાત્કાલિક ધોરણે આજુબાજુના કાચને તોડીને જેટલો પણ ધુમાડો હતો.

### આઈપીએસની જેમ હવે કોન્સ્ટેબલને માન મળશે

(એજન્સી) અમદાવાદ । તા.31

કોઈપણ યુવક કંઈક કરી બતાવવાની ચાહ સાથે પોલીસમાં ભરતી થતો હોય છે. એમાં પણ ખાસ જ્યારે પોલીસકર્મચારી કોન્સ્ટેબલથી ભરતી થાય ત્યારે તેને ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે. રાઉન્ડ ધ ક્લોક પોતે પોતાના પરિવારથી દૂર રહીને તે લોકોની સુરક્ષા માટે સતત કામ કરતો હોય છે. કામ અને સતત માનસિક તળાવને કારણે તે પરિવારને પણ ઘણી વખત સમય આપી શકતો નથી.

## બનેવીએ સાળી પર દુષ્કર્મ આચર્યું: પરિણીતાને ઘરે બોલાવી દીકરાને પતાવી દેવાની ધમકી આપી હવસ સંતોષી; અંગત પળોને વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરી

(એજન્સી) અમદાવાદ । તા.31

અમદાવાદના નિકોલ વિસ્તારમાં એક પરિણીતા પર તેનાજ બનેવીએ દુષ્કર્મ ગુજાર્યા બાદ તેનો વીડિયો ઉતારીને બ્લેકમેઈલ કરવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પરિણીતાના લગ્નમાં જે યુવકે વીડિયોગ્રાફી કરી હતી, તેણે તેની બહેન સાથે લગ્ન કરી લીધા હતા. પરિણીતાના દીકરાની હત્યા કરવાની ધમકી આપીને બનેવીએ તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. સતત બે વર્ષ સુધી અલગ-



અલગ જગ્યા પર બનેવીએ પરિણીતાને લઈ જઈને મરજી વિરૂદ્ધ સંબંધ બાંધ્યા હતા. હવસખોર પરિણીતાના પતિનો પણ મિત્ર જ હતો. આ મામલે ફરિયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કામના બહાને પરિણીતાને ઘરે બોલાવી હતી

રાજેશ કોઈના કોઈ બહાને મહેશને મળવા માટે તેના ઘરે આવતો હતો અને રિના સાથે વાત કરતો હતો. મહેશ અને રિના એકબીજાને પ્રેમ કરવા લાગ્યા હતા અને બાદમાં તેમને લગ્ન કરી લીધા હતા. રીના સાથે લગ્ન કરવાના હોવાથી રાજેશ તેના ઘરે આવતો હતો. એક દિવસ રાજેશે નેહાને ફોન કરીને કહ્યુ હતું કે, મારે તમારૂ કામ છે, તમે મારા ઘરે આવો. નેહા તેના દીકરાને લઈને રાજેશ ઘરે ગઈ હતી. રાજેશ તેના ઘરેથી નેહાને મોટાભાઈના ઘરે લઈ ગયો હતો.

### PM મોદી 16 સપ્ટેમ્બરે અમદાવાદ આવશે

(એજન્સી) અમદાવાદ । તા.31

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાત આવવાના છે. 17મી સપ્ટેમ્બરે તેમનો જન્મદિવસ છે. તેઓ ગુજરાતના કાર્યક્રમમાં હાજર રહેવાના છે. જેમાં ગાંધીનગર ખાતે યોજાનારી ગ્રીન એનર્જી સમિટ માટે તેઓ ભાગ લેશે. 16મી સપ્ટેમ્બર સાંજે તેઓ અમદાવાદ આવી જાય તેવી વિગતો સામે આવી રહી છે. ત્યારબાદ તેઓ 17મી સપ્ટેમ્બરે સમિટમાં ભાગ લઈને અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરીનું ઉદ્દ્ઘાટન કરી શકે છે. આ માટે કેટલીક તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાની વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી છે. પ્રધાનમંત્રીના સત્તાવાર કાર્યક્રમમાં બીજા પણ કાર્યક્રમ સામેલ હોવાની વિગત જાણવા મળી રહી છે.

### અમદાવાદ કોર્પોરેશનના વોર્ડ ઈન્સ્પેક્ટર 9 હજારની લાંચ લેતા પકડાયા, ACBએ છટકું ગોઠવીને રંગે હાથ ઝડપ્યા

(એજન્સી) અમદાવાદ । તા.31

ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ ઈન્સ્પેક્ટરને 9 હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં ભાડાની ઑફિસની આકારણી ઓછી કરવા પેટે 10 હજારની લાંચ માગી હતી. ACBએ રાયસણ, ગાંધીનગરના રહેવાસી સંજયકુમાર જયંતિભાઈ પટેલની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદીને CARE પ્રોગ્રામ હેઠળ અગાઉ પણ ભ્રષ્ટાચારી સામે લડત આપવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદના આંબાવાડી ભુદરપુરા રોડ પર આવેલા અશ્વમેઘ એલીગન્સ પાર્ટ-1માં ઑફિસ ભાડે રાખનારા નાગરિક પાસે AMCના વૉર્ડ ઈન્સ્પેક્ટર સંજયકુમાર પટેલ લાંચ માગી હોવાની ફરિયાદ આવી હતી. જેમાં ભાડે રાખેલી ઑફિસનો વર્ષ 2024-25નો પ્રોપર્ટી ટેક્સ ફરિયાદીએ ભરવાનો બાકી હતો. પ્રોપર્ટી ટેક્સની ભાડુઆત તરીકેની આકારણી નહીં કરવા આક્ષેપિત સંજય પટેલે સૌપ્રથમ 10 હજારની લાંચ માગી ત્યારે રકઝકના અંતે 9 હજાર રૂપિયા લાંચ લેવા માટે તૈયાર થયા હતા. આ પછી, ACB અધિકારીએ આજે (31 ઑગસ્ટે) લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જેમાં સંજય પટેલને રૂ 9 હજાર રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપ્યો હતો.

### પોષણ માહ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર યોજાશે અનેકવિધ કાર્યક્રમો

# કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ સાતમાં "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણીનો ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો





(એજન્સી) ગાંધીનગર । તા.31

સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ 2017-18થી દર વર્ષે ભારતભરમાં સપ્ટેમ્બર માસને 'રાષ્ટ્રીય પોષણ માહ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા. 1 થી 30 સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં સાતમાં 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણીનો પ્રારંભ થયો છે. ગાંધીનગર ખાતેથી કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી સાતમાં પોષણ માહની ઉજવણીનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહ્યાં. સાતમાં રાષ્ટ્રીય પોષણ માહના શુભારંભ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટનું વિતરણ કરવામાં આવ્યું. સાથે જ, રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વિધવા પુન: લગ્ન આર્થિક સહાય યોજના તથા મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને પણ સહાય વિતરણ કરવામાં આવી. સાતમા પોષણ માસના અવસરે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર "એક વૃક્ષ માતાના નામે" અંતર્ગત 14 લાખ આંગણવાડી કેન્દ્રોમાં એક વૃક્ષ વાવવાનું અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ કહ્યુ કે, પ્રધાનમંત્રી મોદી હંમેશા મહિલાઓ અને બાળકો માટે હંમેશા પ્રેરણા આપતા રહ્યાં છે. અને બેટી બટાવો, બેટી પઢાવોના માધ્યમથી મહિલાઓના સશક્તિકરણ માટે માર્ગદર્શન મળતું રહ્યું છે. આજે તેમના નેતૃત્વમાં મહિલાઓ, બાળકો, કિશોરી સ્વસ્થ અને સુરક્ષિત તેમજ પોષણ માટે પ્રતિબદ્ધ છે.

### કોર્ટે આરોપીઓના 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

## કંપનીના સહ ડાયરેક્ટરે બનાવટી દસ્તાવેજ તૈયાર કરી મકરબાની જમીન હડપી લીધી

(એજન્સી) અમદાવાદ । તા.31

અમદાવાદમાં આવેલી એક કંપનીના સહ ડાયરેક્ટરે અન્ય ડાયરેક્ટરના બનાવટી ઓળખપત્ર તૈયાર કરીને તેમના નામે અન્ય વ્યક્તિને રજીસ્ટ્રાર ઓફિસમાં રજૂ કરીને કરોડો રૂપિયાની જમીનનો સોદો કર્યો હતો. જે અનુસંધાનમાં ક્રાઈમ બ્રાંચની આર્થિક ગુના નિવારણ શાખાએ પાર્થ શાહ સહિત મુખ્ય આરોપીની ધરપકડ કરીને સાત દિવસના રિમાન્ડ મેળવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસમાં પોલીસને બેંકના શંકાસ્પદ વ્યવહારો પણ મળી આવ્યા હતા. સાથે સાથે અન્ય એક આરોપીની અટકાયત કરી છે. પ્રહલાદનગર આર્શીવાદ બંગ્લોઝમાં રહેતા ધ્રુવિશ



મહેતાએ સંજયભાઈ સુતરિયા પાસેથી રૂપિયા 2.23 કરોડમાં પ્રોપર્ટી ખરીદી હતી. ધ્રુવિશભાઈની અન્ય એક કંપનીમાં ડાયરેક્ટર તરીકે જોડાયેલા પાર્થ શાહે (રહે. ગૌતમકૃપા એપાર્ટમેન્ટ, વાસણા) આ જમીનના દસ્તાવેજની નકલ મેળવીને ધ્રુવિશભાઈના નામના બનાવટી ડોક્યુમેન્ટ તૈયાર કરીને તેમની જગ્યાએ અન્ય ડમી વ્યક્તિને રજૂ કરીને વેચાણ દસ્તાવેજ કર્યા હતા. આ અંગે આર્થિક ગુના નિવારણ શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર વી. એન. ચૌધરીએ શુક્રવારે પાર્થ શાહ, સાક્ષી તરીકે રહેલા મેહુલ પરીખ અને કિશોર પંચાલની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા તમામના સાત દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, પોલીસે ધ્રુવિશ મહેતાની જગ્યાએ રજૂ કરાયેલા ડમી વ્યક્તિની પણ મોડી સાંજે અટકાયત કરી હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, પાર્થ શાહના બેંક એકાઉન્ટમાં રૂપિયા ત્રણ કરોડના આર્થિક વ્યવહાર થયા હતા. જેથી તેણે આ જમીનના સોદા પેટે અન્ય કોઈ વ્યક્તિને જમીન વેચાણ માટે સોદો કર્યાના આશંકા વ્યક્ત કરવામાં આવી છે.